યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના માહા સુદી ૪.<br>તા૦ ૩-૨-૩૦ | અંક ૬ ઠો. |

## —પરિવર્તન, વર્તમાન ને યુવાન—

કાળ અને મનુષ્ય—બેનું સામ્ય અદ્વિતીય છે.
એકજ કાળ ત્રણ રૂપે છે. ભૂત, વર્તમાન, ભાવિ.
એકજ મનુષ્ય ત્રણ રૂપે છે. બાળ, યુવાન, વૃદ્ધ.
ભૂતકાળ વૃદ્ધ છે. વર્તમાન યુવાન છે. ભાવિ બાળ છે.
વૃધ્ધો ભૂતકાળમાં કાર્ય કરી ગયા. બાળકો ભાવિમાં કરશે.
વર્તમાનમાં કાર્ય કરવું તે—હકથી અને ફરજથી—
યુવાનનેજ શિર છે.
જે યુવાન આ હક ગુમાવે તે મૂર્ખ છે.
જે યુવાન આ ફરજ ચૂકે તે પાપી છે.
યુવાન ! તારી ફરજ સમજ, હક મેળવ, ને
વર્તમાનમાં વિચર.

---

સૃષ્ટિ અને સમાજ—બે અજબ્ય શક્તિઓ છે.
ક્ષણે ક્ષણે વિનાશ, પુનર્જન્મ અને અમરતા અનુભવે છે.
કાર્ય કરી નિરર્થક બનેલું બળ અદૃશ્ય થાય છે.
નવીન સમય ને ઉપયોગી બળ જન્મ લે છે.
સડેલો ભાગ દૂર થાય છે. તેનું સ્થાન અનુપયુક્ત ચૈતન્ય લે છે
આથીજ તેઓ અમર છે.
સમાજને અમર રાખવા—
સડેલી રૂઢિઓ, નિર્બળ સંસ્થાઓ, અર્થહીન માન્યતાઓ,
શક્તિહીન વૃધ્ધોને સ્થાને નૂતન પ્રથાઓ, સજીવ સંસ્થાઓ,
પ્રગતિકારી સિદ્ધાંતો અને ચૈતન્યભીના યુવાનોજ જોઇએ.
આ ફરજ અને હક યુવાનોનો છે.

---

પરિવર્તન એજ પ્રગતિ.
જગતનું પરિવર્તન ક્ષણે ક્ષણે થાય છે.
એજ તેની પ્રગતિ.
પ્રગતિ હોય ત્યાં સડો નહી.
પ્રગતિનો અભાવ તેજ સડો.
પરિવર્તન અટકાવવું મહાન પાપ છે.
પરિવર્તન ઉત્તેજવું તેજ ધર્મ છે.
પરિવર્તનકાળ એજ વર્તમાનકાળ.
પરિવર્તન અને યુવાન વર્તમાન કાળમાંજ હોય.
પરિવર્તન, યુવાન ને વર્તમાન એકજ છે,
અભેદ છે, અનાદિ છે, અનંત છે.
એ ત્રિપુટીનો ત્રિકાળ જય હો.
પરિવર્તનનો જય હો.
યુવાનનો વિજય હો.

શા. 'નલીન.'

## સ્વાગતમ્ :

આવો—
યુવાન ! નવસરજનહારા. આવો.
કુમળાં હૈયાં જેનાં દાઝે;
ભારતી મૈયા મુક્તિ કાજે:
—મંત્ર ક્રાન્તિનો રટનારા. આવો.
જુલ્મ અને અન્યાયી સ્હામે;
નિર્ભય બની : અહિંસક ભાવે :
—અણનમ ડગલાં દેનારા. આવો.
સાચાં વ્રત સેવાનાં ધારી;
દંભ અને પાખંડ વિદારી:
—ચેતન સૌમાં ભરનારા. આવો.
કર્તવ્ય પન્થ કદી નવ હારે;
'आत्मवत् सर्व भूतेषु' માને
—સમય ધર્મને સ્હાનારા. આવો.

'આત્મન.'

## યુવકોની પ્રાથમિક સભા.

સ્થળ : મહાવીર જૈન વિદ્યાલય.

—(૦)—

### કાર્યક્રમ.

તા૦ ૬ ફેબ્રુઆરી ગુરૂવારની રાત્રે ૮ વાગે (સ્ટાં. ટા.) મુંબઇ યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તથા બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ સબજેકટ કમિટિના રૂપમાં મળશે ને ખરડા ઉપર ચર્ચા કરી ઠરાવો પસાર કરશે.

તા૦ ૭ ફેબ્રુઆરી શુક્રવારે સવારના ૮ થી ૧૧:
સબજેકટ કમિટિએ પસાર કરેલા ઠરાવો ઉપર યોગ્ય વિવેચનો, કરવામાં આવશે.

શુક્રવારની બેઠકમાં યુવક સંઘની જનરલ સભાના સભ્યો, બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ તથા આમંત્રીત ગૃહસ્થો ભાગ લેશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ:

# જુન્નેર કોન્ફરન્સ.

આવતા શનિવારે શુરવીર શિવાજીની જન્મભૂમિમાં મહાવીરના અનુયાયીઓ કોમની ધાર્મિક તથા સામાજીક સ્થિતિની સુધારણાનો વિચાર કરવા માટે એકત્ર થશે. આ બેઠકમાં શું થવું જોઇએ અને શું ન થવું જોઇએ તે માટે અનેક પ્રકારના દૃષ્ટિબિંદુઓ સમાજ પાસે મૂકાય છે. કોન્ફરન્સનો અર્થ સાથે મળીને વિચાર કરવો. સંસ્થાના બંધારણને માન આપીને દરેક પ્રકારના વિચારો આપનાર આપી શકે છે. વિચારો આપે એટલે નિર્ણય થઇ જતો નથી. નિર્ણય ન થાય ત્યાં સુધી વિચારો રજુ કરવાથી ધર્મ ડુબી જતો નથી. પછી બીજાને વિચારો રજુ કરવા તેનેજ કોઇ કાવત્રું કહેતા હોય. યુવકો તેવી ગાળોથી તેવા મલીન આક્ષેપોથી ડરીને વિચારો રજુ કરતાં અટકવાના નથી. યુવાનો કાવત્રાંની વ્યાખ્યા સારી રીતે સમજે છે. કાવત્રું કોણ કરે છે, તે સમાજથી અજાણ્યું નથી. કાવત્રાં રચવાની ટેવવાળાજ કોન્ફરન્સ માટે કાવત્રું કરતા રહે છે. સરકારી કાયદો પણ વિચાર દર્શાવનારને કાવત્રાંખોર ગણતો નથી. યુવક સંસ્થાઓના કાર્યકર્તાઓની બ્લેક ડાયરી મેળવવા પ્રયાસ કરતાં નથી, શાસનરસિકોનો ઠરાવ સમાજ પાસે ખુલ્લો પડેલો છે. તે ઠરાવ, કોન્ફરન્સના કાર્યકર્તાઓએ છેલ્લા થોડા વરસમાં જે કાંઇ કાર્યો બજાવેલા તેમાંના કોઇ કોઇ કાર્યને અંગે છિદ્રો શોધી તેમ શા માટે બનવા પામ્યું તેની તપાસ કરવા માટે કમીશન નીમવા સંબંધી છે. બીજો કોઇ સવાલ ચર્ચવા લાયક શાસનરસિકોની નજરમાં દેખાયા નથી. તે ઠરાવને કોન્ફરન્સની બેઠક પછીની સ્ટેન્ડીંગ કમિટિની જે પહેલી મીટીંગ જુન્નેરમાં મળે તેમાં ચર્ચવા રાખવો જરૂરનો છે. સબજેક્ટ કમિટિ અને ખુલ્લી બેઠકમાં આ સવાલની ચર્ચા કરવાથી કાંઇ પણ રચનાત્મક કાર્ય કરવા માટે સમય રહે તેમ લાગતું નથી. કોન્ફરન્સની બેઠક બારી દેશદેશાવરથી જનતાને ખર્ચમાં ઉતારી, આવા વિતંડાવાદમાંજ વખત ગાળવો તે કોઇ રીતે ઇષ્ટ નથી. સ્ટેન્ડીંગ કમિટિ આ બાબતમાં યોગ્ય નિર્ણય કરી શકશે. સ્ટેન્ડીંગ કમિટિની મીટીંગ જુન્નેરમાં મળવાથી સભ્યોની સારી સંખ્યા તેમાં ભાગ લઇ શકશે કારણ કે જુદા જુદા વિભાગના સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોની હાજરી તે પ્રસંગે હશે, એટલે વહીવટી દરેક સવાલ સારી રીતે ઝણાશે ને બધાનો નિર્ણય થશે કારણ કે કમીશન નીમાયું હોય ને તેને તપાસ ચલાવતા સમય ઘણો પસાર થાય, તે દરમ્યાન જુના અધિકારીઓ કામ કરવાનું સ્વીકારે નહિ ને નવાની નીમણુંક થઇ શકે નહિ માટે પ્રમુખશ્રી આ બાબત યોગ્ય રૂલીંગ આપી ખલાસ કરશે એટલી આશા રાખી શકાય.

અન્ય ઠરાવો સંબંધી જે વિચારો શાસન રસિકો આપે છે તેની તપાસ કરી લઇએ. બંધારણમાં 'તેનો ઉદ્દેશ ૪૫ આગમ અને પંચાંગીને કોઇ રીતે બાધ ન આવે' ઉપરના શબ્દો વધારવા સંબંધી છે. આવા શબ્દો ઉમેરવાની જરૂર શી રીતે ઉભી થઇ? કન્વેન્શનમાં આને લગતી બીજી હકીકત સુચવવામાં આવી હતી, તે કન્વેન્શનમાં પસાર થઇ નહોતી તે સુપ્રસિદ્ધ છે. કોન્ફરન્સની અત્યાર સુધીની બેઠકોમાં ૪૫ આગમોને બાધ આવે એવો કોઇ ઠરાવ થયો છે ખરો? એવો ઠરાવ થયાનું કોઇએ હજી સુધી જણાવેલ નથી ત્યાં આવા સુધારાઓ શા માટે? કોન્ફરન્સનો ઠરાવ એટલે સર્વજ્ઞનું વચન એવો કોઇ વખત કોન્ફરન્સે દાવો કર્યો છે ખરો? વળી ૪૫ આગમને બાધ નથી આવતો કે આવે છે તે નક્કી કોણ કરશે? શું મુનિરાજની કે આગમોદ્ધારકની હાજરી વગર કોન્ફરન્સ ન ભરવી જોઇએ એવો પ્રતિબંધ શાસનરસિકો કરાવવા માગે છે? વળી કોન્ફરન્સના ઠરાવ એક વિષયને લગતા હોય તો પણ જુદી જુદી બેઠકમાં ફેરફાર થયા છે. કદાચ કોઇ ઠરાવના કોઇ શબ્દને અંગે એવી ગેરસમજુતી થવા સંભવ ભવિષ્યમાં ઉભો થવા પામે તો સ્ટેન્ડીંગ કમીટીની પછીની મીટીંગમાં અગર કોન્ફરન્સની બીજી બેઠકમાં સુધારો કરી શકાય. માટે આ સુધારાને સબજેક્ટ કમીટી ઉડાવી દેશે એવી અમો ભલામણ કરીએ છીએ. બાકી આવા બંધનથી દીક્ષા કે દેવદ્રવ્યના ઠરાવની ચર્ચા બંધ થઇ શકવાની નથી. શુદ્ધ દીક્ષા તથા શાસ્ત્રીય દીક્ષાના સ્વરૂપની ચર્ચા થાય તેને કોઇ બંધ કરી શકેજ નહી. તેવી ચર્ચા સંઘો, ને સમુદાયોમાં ઘણા પ્રસંગોએ થઇ છે, તેમજ દેવદ્રવ્યના સવાલનું પણ સમજવાનું છે. વ્રતધારીઓ સંબંધી જે સુધારાની સુચના થાય છે તેનો અમલ કેવી રીતે કરવો? વ્રતધારીની પરીક્ષા કોણ કરે? એ સંબંધી કાંઇ માર્ગ દર્શાવવામાં ન આવે ત્યાં સુધી એ સુચનાનો વિચાર કરવો અશક્ય છે વ્રતધારી સબજેક્ટ કમીટીમાં વધારે પ્રમાણમાં દાખલ થાય તેથી સબજેક્ટ કમીટીનું કામકાજ વધારે ઉપયોગી નીવડશે તેનું માની શકાતું નથી. 'શાસ્ત્રીય મર્યાદાને ઉલ્લંઘનારા આપણે કરી શકશો નહિ' આ હકીકત પણ વ્યવહારૂ નથી. પ્રમુખશ્રીને શાસ્ત્રનું બહોળું જ્ઞાન હોય અથવા શાસ્ત્રના બહોળા જ્ઞાનવાળા પ્રમુખ મળે તો પણ તે છદ્મસ્થ હોયજ. એટલે આ સુધારો પણ વ્યવહારૂ નથી. આવા સુધારા માટે રજુ કરનારની મનોદશા તપાસશો તો માલુમ પડી આવશે કે ચોક્કસ સંસ્થાનું સર્વોપરીપણું કોન્ફરન્સ ઉપર જમાવવા માટેના આ પ્રયાસો છે. સબજેક્ટ કમિટિ આ હકીકતનાં ઊંડાણમાં કયું તત્વ રહેલું છે તેનો ખ્યાલ કરી આ બધા સુધારાને ઉડાડી દેશે. હવે વિષયો કયા લેવા જોઇએ આ તે વિચારીએ. પત્રિકાના છેલ્લા અંકોમાં જુદા જુદા ગૃહસ્થો તથા મંડળો તરફથી સુચવાયેલા ઠરાવોના લીસ્ટ પ્રગટ કરવામાં આવ્યા છે અન્ય પત્રકારોએ ઠરાવો ઉપર લેખો પ્રગટ કર્યાં છે તે ઉપરથી સમાજ હાલ કોન્ફરન્સ પાસે શું માગે છે તે હકીકત દીવા જેવી સ્પષ્ટ છે. પહેલો દીક્ષાનો સવાલ છે. આખા વરસ દરમ્યાન આ સવાલે કોમમાં ઓછો ખળભળાટ ફેલાવ્યો નથી, તેથી તે સવાલનો નિર્ણય કોન્ફરન્સે ચોક્કસ રીતે કરવો જોઇએ. ધર્મને બાધ આવે તેવા રીતે દીક્ષા અપાતી હોય, જૈન શાસનની, કોમની હાંસી થતી હોય, તેવી દીક્ષા અટકાવવા માટેના જરૂરી નિર્ણયો કોન્ફરન્સે જાહેર કરવા જોઇએ કોમને દિશા કોન્ફરન્સ નહિ સુચવે તો કામ બે ભિન્ન મતમાં વહેંચાઇ, કલેશમાં સમય ગુમાવશે. દેવદ્રવ્યનો

[જુઓ પાનું ૬ ઠું.]

# શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સ (જુન્નેર)ને શ્રી જૈન યુવક મંડલ તરફથી મોકલાવેલ પ્રસ્તાવો.

૧. જૈન સમાજ આજે કેટલાયે પેટા વિભાગમાં વહેંચાયેલો છે; જેના પરિણામે સમાજ નિર્જીવ-નિષ્પ્રાણ થએલ છે અને દીનપ્રતિદીન થતો જાય છે, તેના તરફ ધ્યાન આપી સારા જૈનસમાજને એકત્રિત કરવા-મહાવીરના એક ઝુંડા નીચે લાવવા કોન્ફરન્સે જોરથી આંદોલન કરવું ઘટે છે.

વ્યવહારૂ પગલા તરીકે:

૧. દરેક જૈનોમાં રોટી બેટી વ્યવહાર ચાલુ કરવો જોઇએ.

૨. ભવિષ્યમાં આ કોન્ફરન્સ પણ માત્ર જૈન શ્વેતામ્બર નીજ નહિ પણ અખીલ ભારતીય જૈન કોન્ફરન્સનું નામ ધારણ કરે.

૨. હાલની જૈન સંસ્થાઓમાં તેમજ મંદિરોમાં ઉપયોગ વિનાના દટાયેલા ધનનો ઉપયોગ સુયોગ્ય કાર્યોમાં થવો જોઇએ. જેવાકે:-

૧. કર્મવીર, જ્ઞાનવીર, આદર્શ જૈન ઉત્પન્ન કરી શકે તેવા આદર્શ જૈન વિદ્યાલય સ્થાપવામાં:

૨. જૈન યુવાનોને વાણીજ્ય-ક્ષેત્રની તાલીમ આપતી ઉદ્યોગીક શાળાઓ-સ્થાપવામાં:

૩. જૈન યુવાનોને બળવાન-સશક્ત-બનાવી શકે તેવા ઠેર ઠેર અખાડાઓ સ્થાપવામાં:

૪. આજના સામાજીક પુનરોદ્ધારને લગતા સામાજીક કાર્યો જેવાકે આદર્શ વિધવા આશ્રમો બાલઆશ્રમો વગેરે સ્થાપવામાં:

૫. જૈન સુત્રોનું માગધી ભાષાનું અધ્યયન કરાવતી પાઠશાળાઓ સ્થાપવામાં:

આવી યોજનાઓ ઘડી તેને અમલમાં મુકવાનું જોસબંધ આંદોલન કોન્ફરન્સ શરૂ કરે, એમ આ મંડળનો ખાસ આગ્રહ છે:

૩. જૈનોની ઘટતી જતી સંખ્યાપર લક્ષ આપી તેના ઉપાયો આ કોન્ફરન્સ વિચારે:

તેના મુખ્ય કારણો જેવાકે:

બેકારી, સંકુચિત પેટાજ્ઞાતિને અંગે થતા વિકૃત લગ્નો, કજોડા, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે:

જૈન સમાજનો આંતરક્ષય સમો-અસાધ્ય અને ગંભીર રોગ 'બેકારી'નો છે. એ 'બેકારી'નો કુચો કાઢવા કોન્ફરન્સે ખાસ ધ્યાન આપવું જોઇએ.

૪. આજના યુવક મંડળોને પ્રોત્સાહન આપવા કોન્ફરન્સે સેવા ક્ષેત્રના અખાડા ઉત્પન્ન કરવા જોઇએ:--

કે જેના અંગે આજે હજારો બેકાર પડેલા જૈન યુવાનો આજીવિકા સાથે સમાજસેવાની તક પણ મેળવે, તેને માટે,

૧ અનુકુળ પડતા દરેક ગામડાઓ તથા શહેરોમાં વિશાળ પાયા ઉપર જૈનોની ઉદ્યોગ સંસ્થાઓ ખોલવી.

૨ ખાદી કાર્યાલયો જેવી રાષ્ટ્રીયતાને પોષતી-વિશાળ પાયા પર સંસ્થાઓ ખોલવી.

૫. આપણો સ્ત્રીસમાજ અજ્ઞાન તેમજ સ્ત્રીસ્વાતંત્ર્યની ખામીવાળો છે. તેથી આપણી સામાજીક ઉન્નતિને બાધક રૂપ છે. એને માટે જૈન બાલિકાઓને માટે પ્રાથમિક શાળાઓ ઠેર ઠેર સ્થાપવાની જરૂરત છે; તેમજ જૈન કુમારિકાને શારિરીક તાલીમ આપી શકે તેવા અખાડાની જરૂરત છે.

૬. આજના વૈવાહિક તેમજ કારજના ફજુલ ખર્ચાઓને ઘટાડવા માટે કોન્ફરન્સે ઝુંબેશ ઉઠાવવી જોઇએ. શારદા બીલને જૈનોએ અપનાવી લેવું જોઇએ, તેમજ ફરજીયાત વૈધવ્ય દેશકાળ પ્રમાણે બંધ થવું જોઇએ; એમ આ મંડળ માને છે.

૭. કોઇપણ ૧૮ વર્ષથી નાની ઉમ્મરની વ્યક્તિને તેના વાલી તથા સમાજવાલાની અનુમતિ વિના દીક્ષા નજ અપાવી જોઇએ. તેમજ સાધુ થવા ઇચ્છતા ઉમેદવારને અમુક ત્રણેક વર્ષ સુધી જૈનત્વનો અભ્યાસ કરી તેનું પ્રમાણ પત્ર મેળવ્યાં બાદ દીક્ષા અપાવી જોઇએ.

૮. જૈન સાધુઓની જૈન સમાજ ઉપર સારી અસર છે. આપણે ઘણીયે વખતે જૈન સાધુઓના અનાચાર-શિથિલાચારના સમાચાર સાંભળીયે છીએ. આવા સાધુઓ જૈન ધર્મને દુનીયાની નજરે હલકો કરી રહ્યા છે, તેમજ સમાજમાં કલુષિત વાતાવરણ ફેલાવી રહ્યા છે. આવા સંજોગોમાં જૈન સાધુઓની દેખરેખ રાખે-તેના ઉપર નિયમન રાખી શકે તેવી તપાસ સમિતિની આવશ્યકતા છે.

૯. કોન્ફરન્સમાં હરવખત પાસ થતા પ્રસ્તાવોમાંથી વહેલામાં વહેલી તકે એકાદ વ્યવહારૂ કાર્યક્રમ યોજી અમલમાં મુકવા કોન્ફરન્સ તૈયાર બને એવું આ મંડળ ઇચ્છે છે, તેમજ દરેક ગામ તથા શહેરોમાં વ્યવસ્થિતપણે સંઘ, બંધારણ રચે અને તેનો સંબંધ કોન્ફરન્સ જેવી મધ્યસ્થ સંસ્થા સાથે જોડાવો જોઇએ એમ આ મંડળ ઇચ્છે છે.

વિનિત મંત્રીઓ,
જૈન યુવક સંઘ (કલકત્તા).

——(०)——

## જુન્નેર જૈન કોન્ફરન્સ, તેરમું અધિવેશન.

### આવનારાઓ માટે સુચનાઓ.

કોન્ફરન્સમાં આવનાર ડેલીગેટો અને પ્રેક્ષકો તરફથી અમોને રસ્તાઓ વગેરે સંબંધે ઘણી પુછપરછ થયા કરે છે. સર્વે બંધુઓને આવવા માટે મોટરોની વધારે સગવડ પુના સ્ટેશન ઉપર કરવામાં આવી છે, સ્ટેશન ઉપર વોલંટિયરો રાખવામાં આવેલા છે. સ્વાગત કમિટિએ રોકેલી મોટરમાંજ બેસવા ખાસ વિનંતિ છે. મોટરોના ભાડા વિગેરે સંબંધે સ્ટેશન ઉપર રહેલા સ્વયંસેવકો પાસેથી સર્વ જાતની માહિતિ મળી શકશે. * * *

તાલેગાંવથી પણ જુન્નેર આવી શકાય છે. પરંતુ ત્યાં વધારે મોટરોની સગવડ નથી. ચારસોથી પાંચસો પેસેંજરો ઉતરે ત્યાં સુધીની મોટરોની સગવડ મળી શકશે. મુંબઇથી મોટર રસ્તે આવનાર ઘોડબંદર, તલેગાંવ થઇ જુન્નેર આવી શકે છે. દરેક આવનાર બંધુઓએ ઓઢવા-પાથરવાનું જરૂર સાથે લાવવું. મુંબઇથી જુન્નેર ૧૫૪ માઇલ થાય છે. જુન્નેર મોટર સ્ટેન્ડ ઉપર સ્વાગત કરવા ઉતારા કમિટિના સભ્યો મળશે. તેઓ સર્વે જાતની સગવડતા કરી આપશે. લી.

મોતીલાલ વીરચંદ.
ચીફ સેક્રેટરી જૈન શ્વે. કોન્ફરન્સ.

# શ્રી જુન્નેરમાં ભરાતી જૈન કોન્ફરન્સ.

## હાલની પરિસ્થીતિના અંગે કરવો જોઇતો અગત્યનો ઠરાવ.

—(૦)—

આપણા સમાજમાં કેટલાક સાધુઓ તરફથી દીક્ષાને માટે જોરશોર મનગમતા ઉપદેશો સતત્ ચાલુ હોવાથી જે કલુષીત વાતાવરણ ઉપસ્થીત થયું છે તેના સાધુઓના ત્યાગના ઉપદેશને આ ઠરાવ પોષણકર્તા હોવાથી, તેમજ શ્રી મહાવીર પ્રભુના શાસનમાં ચારિત્રવાન અને સયમી જીવન વ્યતીત કરનાર સંત પુરૂષોને સન્માનનીય થઇ શકે તેમ હોવાથી તેમજ કેટલાક કહેવાતા સાધુઓ ત્યાગના ઉપદેશમાં શુરા પણ આચરણમાં શુન્ય ? તેવાઓને કસોટીકારક હોવાથી આ નીચેનો ઠરાવ સર્વાનુમતીથી પસાર કરાવવાને કોન્ફરન્સના સન્માનનીય સર્વે ડેલીગેટોને નમ્ર વીનંતી છે.

ઠરાવ.

આ કોન્ફરન્સ એવો અભિપ્રાય ધરાવે છે કે, શ્રી વીર પ્રભુના શાસનમાં ત્યાગ (દીક્ષા) એ આત્માનો સર્વોત્તમ ને કલ્યાણકારી માર્ગ છે. તે તેવા ત્યાગમાં વીચરતા સાધુઓને આ કોન્ફરન્સ સાચા હૃદયથી સન્માને છે. પણ સાથે સાથે આ કોન્ફરન્સનો એવો પણ અભિપ્રાય છે કે ત્યાગના માર્ગમાં કેટલીક અવ્યવહારૂ પ્રવૃતીએ શાસ્ત્રના નામે ત્યાગના સુંદર માર્ગને વાવડો કરી મુક્યો છે ને ત્યાગના ઉપદેશના બહાના નીચે શાસ્ત્રોથી અનભીજ્ઞ ભોળી જનતાને છેતરી પોતાનાં માનસને પોષી રહેલ છે, તેથી તેવાઓની કસોટી કરવાને અને સાચો સાધુ, સંત તરીકે તરી આવે તેની ખાત્રી થવાને નીચે દર્શાવેલ ત્રણ બાબતોપર આ કોન્ફરન્સ જૈન જનતાને આગ્રહભરી વીનંતી કરે છે કે—

1. ત્યાગ માર્ગમાં વીચરતા ત્યાગીઓ (સાધુ) પોતાનો સંયમ સુખેથી નીર્વાહ કરી શકે તેવાજ આહારપાણી અર્પણ કરવા. ઇન્દ્રીઓને ઉન્માદ કરાવે તેવા પદાર્થો જેવા કે ચાહ, દુધ, મિષ્ટાન્ન આદી માદક પદાર્થો સાધુઓને વહોરાવવા નહિ. વસ્ત્રો (કપડું) દેહરક્ષણ પુરતા વધારે વખત ચાલી શકે તેવાજ વહોરાવવા. ઝીણા, મુલાયમ, કે ભારી કીંમતના વહોરાવવા નહિ.

2. મુંબઇ, સુરત, અમદાવાદ વિગેરે મોટા શહેરોમાં સાધુનો વહેવાર હાલમાં વિશેષ પડતો હોવાથી ગામડાનાં ક્ષેત્રો શુન્ય રહે છે, તેથી નાના ગામોના રહીશ આપણા ધર્મબન્ધુઓને, આપણા ધર્મનો સામાન્ય બોધ પણ હોતો નથી તેમજ મારવાડ આદિ દેશોમાં સાધુઓના વિહારના અભાવે ત્યાંની આપણી જૈન પ્રજા ઇતર ધર્મમાં ભળતી જાય છે અને દિનપ્રતિદિન આપણી સંખ્યા ઘટતી જાય છે, તેથી મોટા શહેરમાં રહેવાને હાલમાં વિનંતી કરવી નહિ; પણ મારવાડ આદિ દેશોમાં, તથા નાના નાના ગામોમાં કે જ્યાં જૈન ધર્મના ઉપદેશની ખાસ જરૂર છે ત્યાં વીહાર કરવાને આ ત્યાગીઓના માથે વિનંતિપુર્વક ફરજ પાડવી.

આ ઉપરના ઠરાવથી આપણી જૈન સમાજને ઘણો લાભ થવા સંભવ છે. ઠરાવનો પહેલો અને બીજો ભાગ ત્યાગના માર્ગનો પોષણકર્તા છે ને સચ્ચા ત્યાગીને સન્માનનીય છે, ખરા ખોટાની પરીક્ષાની કસોટી જેવો છે અને હાલનાં વાતાવરણમાં આ ઠરાવ કરવાની ખાસ આવશ્યકતા છે. ઠરાવનો ત્રીજો ભાગ જો અમલમાં ફરજીયાત મુકવામાં આવે તો હાલનું ડોળાએલ વાતાવરણ સ્વયમેવ સુધરે તેમ છે. રચનાત્મક કાર્યક્રમ જેવો છે. નાના નાના ગામોમાં, જ્યાં આપણા ભાઇઓ ધર્મથી વંચીત રહે છે ને ઇતર ધર્મમાં ભળતા જાય છે ત્યાં સાધુના વીહારથી, તેમના ઉપદેશથી તેમના ગૃહવહેવાર સુધરશે. એકંદર આ ઠરાવથી ઘણો ફાયદો થાય તેમ છે અને શાસ્ત્રની મર્યાદાની અંદરના છે તેથી આ ઠરાવ સર્વાનુમતે પાસ કરાવવા સર્વે ડેલીગેટોને નમ્ર અરજ છે.

લી૦ શ્રી સંઘનો સેવક,
**રાયચંદ લાલચંદ શાહ.**
શ્રી સુરત જૈન સુધારક મંડળના તરફથી
ચુંટાએલ પ્રતિનિધિ.

---


## જાહેરાત.

—(૦)—

આથી સર્વેને જણાવવામાં આવે છે કે પાટણ નિવાસી ઓશવાલ જ્ઞાતીના ધર્મપ્રેમી શેઠશ્રી અમૃતલાલ નહાલચંદ ફાગણ સુદી બીજને સોમવાર તા૦ ૩ જી માર્ચ ૧૯૩૦ ના રોજ પાટણમાં પૂજ્યપાદ પન્યાસ શ્રી. કસ્તુરવીજયજી મહારાજના શુભ હસ્તે વૈરાગ્યપૂર્વક પરમ પવિત્ર ભાગવતિ દિક્ષા અંગીકાર કરવાના છે.

એજ લી૦,
શેઠ પોપટલાલ હેમચંદ નગરશેઠ.
પાટણ, તા૦ ૨૯-૧-૧૯૩૦ } સંઘપતિ, પાટણ (ઉ. ગુ.)


---


## :: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦
**છુટક નકલ :** મુંબઇમાં અડધો આનો. બહારગામ પોણો આનો.

# કસોટીનો સમય.

યુવાન બાંધવો, અરે જૈન સમાજના આશાભર્યા ને ઝળકતા હીરલાઓ, આવો, કસોટીનો સમય આવી ચુક્યો છે. નસેનસમાં નવિન રક્ત ભરેલા યુવકને એથી મુંઝાવાનું કે શિથિલતા ધરવાનું નજ હોય. એ તો આર્થિક સંયોગોને આઘા ખસેડીને, અને વર્તમાન સંયોગોને બાજુપર મેલીને, સમ્મેલનમાં ઉપસ્થિત થાય અને અધિવેશનને આંગણે હસતો રમતો પ્રવેશે. કુંભકર્ણની નિદ્રાને જન્મસિદ્ધ હક્ક માની, વિના સંકોચે સેવતી જૈનપ્રજા માટે સમ્મેલન કે અધિવેશન એ અનેરા પ્રસંગો છે. કૂપમંડુકોને મન એ 'હજારોનો ધુમાડો, ભલે હોય, વેવલાભાઈઓના હૃદયમાં અત્યારથી સાહમારીના સ્વપ્ના ભલે આવે અને 'સમર્થો ગુહભંજને' એજ જેમનો મુદ્રાલેખ હોય તેવાઓ ભલેને ત્યાં આવીને પણ ધમપછાડા મારે, છતાં એ સાચા યુવાન, હારે એની જરા માત્ર ચિન્તા ધરવાની નજ હોય, એટલું અવશ્ય ગોખી રાખવું કે 'સમયના સામે કોઇનું ચાલતું નથી.' સમયાનુસાર સુધારણા કરવાને બદલે જેઓ આગમને નામે મનગમતી ઠેકડી કરી રહ્યા છે, અરે આરા કાર્યોમાં ભૂતકાળના ઉખરા ખોટા બનાવો આગળ ધરી કાંટા વેરી રહ્યા છે તેઓ ભલેને ઉંચા આસનના ઇજારદારો હોય કિંવા અઢળક લક્ષ્મીના ભોક્તા હોય અથવા તો લાગવગ ધરાવનાર લંઝુઓ હોય! દેશકાળને એમની કંઇજ પડી નથી. મહા મુશીબતે અને કેટલીયે રાતોના ઉજાગરા વેઠીને ચણેલા કિલ્લાઓ જોતજોતામાં ધરાશાયી થઇ જાય છે; અરે સમયદેવતાના ખપ્પરમાં એ સર્વ નિમેષમાત્રમાં સ્વાહા થઇ જાય છે અને છેવટે લમણે હાથ મુકી તેમને પોકારવું પડે છે કે 'અઘટિતતાનિ ઘટયતિ, સુઘટિતતાનિ જર્જરી કુરૂતે,' તેથીજ એ વીરબાળ, તું નિઃશંકપણે કુચ કર.

વર્તમાનકાળના મતમતાંતરમાં રંગેને તું શ્રી વીરપ્રભુને લજાવતો! 'દીક્ષાની વય આઠ' એ જેમ ખરી છે તેમ 'એ વિવેકપૂર્વક ને દેશકાળ જોઇ આપવી ઘટે' એ પણ ખરૂંજ છે. શ્રી મહાવીરદેવનો શ્રમણ સંઘ વિસ્તાર પામે એ જરૂર ગમે, છતાં સામાન્ય બુદ્ધિથી તસુભાર પણ આગળ નહિં ગયેલા બાળકો એ પવિત્ર વેષ પહેરી, એની ઇતરે સમાજમાં હાંસી કરાવે એ તો નજ ગમે. મારેજ આપણે શ્રી હરિભદ્રસૂરિ કે યશોવિજયજીને પૂર્ણ માન આપતાં છતાં એમના જેવી સત્તા સાગરજી કે રામવિજયજીને આપવાની ના પાડીએ છીએ. એથીજ ધર્મના સિદ્ધાંતનો અમલ રાખીને પણ પ્રવર્તિ રહેલ હુતાશનીને શાંત પાડવા સંઘના હસ્તમાં સત્તા સોંપવારૂપ કાનુન કરવાનાજ.

શ્રી યશોવિજયજીના વાદમતવાદની નિષ્ફળતાસૂચક કથનથી ધડો લઇ અવશ્ય યોગ્ય ઠરાવ કરવાના, કે જે પ્રભુશ્રીના સ્યાદ્વાદ માર્ગ શોભાવે અને જૈન દર્શનમાં કોઇ વસ્તુ એકાંતે નથી રહી તેનો જનતાને ખ્યાલ આપે.

સમ્મેલનમાં પધારનાર ભાઇ જેમ દેવદ્રવ્ય કે વિધવાના પ્રશ્નનો અભ્યાસ કર્યા વગર ન આવે તેમ તેને પાસ કરવાના અડગ મત લઇને પણ નજ આવે. એટલું તો જરૂર કોતરી રાખે કે આપણે હવે એ પ્રશ્નોને વિચાર્યા વગર, અરે એ સંબંધમાં ઘટતું કર્યા વગર તો નહિંજ ચાલે. અલબત્ત સાથે મળીને એનો ઉકેલ કરતાં જરૂર આપણે જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખવાનીજ છે; અને સાથે એ પણ વિચારવાનું છે કે જો ઇચ્છિત કામ સરતું હોય તો શબ્દ જાળની મોહિનીમાં એવી રીતે ન પડવું કે 'મા' જેવા સુંદર શબ્દને ત્યજી 'બાપની વહુ' જેવા અપ્રીય વચન પ્રયોગમાં પડવું પડે. આટલું તો વિના સંકોચે કહી શકાય કે સમાજ-સૂત્રધારો ને બાળકો-રૂઢિચુસ્તો કે કલ્પના વિહારીઓ એ સૌ કોઇ તમો શું કરી દેખાડો છો એ જાણવા આતુર છે. ગાંધીયુગ જેવા સ્પષ્ટ કાળમાં આજેય કોઇ ઠરાવોની હારમાળા કે બારોબાર મોહકતાથી અંજાય તેમ છે. માટેજ જે કંઇ કરવાનું છે તે આચરી પણ બતાવવાનું છે એવી પાકી ગાંઠ વાળીને દરેક આવે. 'સવા ખાંડી વજન કરતાં પાશેર વર્તન'ની કિંમત વધુ છે, એ ગાંધીજીના સૂત્રને સદૈવ સ્મરણમાં રાખવાનું છે.

સમ્મેલનમાંથી પરવારી જુન્નેર જવું એતો પ્રત્યેક યુવકનો નિશ્ચય હોવજ. સુરતની સોસાયટીના કહેવાતા અખિલ સમ્મેલનના આંખમાં ખટેલ ખીલને દુર કરવા સારૂં પણ હાજરીની તો જરૂર; બાકીતો 'યુવકસંઘ તો મૂર્તિપૂજક નથી' પ્રભુઆગમને બાળી મુકવાનું કહે છે' 'દહેરાને ઉખેડી નાખવાનું લખ્યું છે' 'પ્રતિનિધિત્વ મોકલવાનો એને હક નથી' ઇત્યાદી ઉભી કરેલી ભ્રમજાળને ચીરી નાંખવા સારૂ તેમજ એણે જોયેલ માત્ર નામ (કાણું) પાસુ-સોસાયટી એટલેજ ધર્મ ટોળી આગમ માર્ગે ચાલનારી સંસ્થા, સાચો ધર્મ પાળનારી પતિતતા આદિ જનબકાઇઓ-કેટલું બધું વિકળ છે એનું સ્પષ્ટ ભાન કરાવવા સારૂં, અને પરમાત્મા શ્રી મહાવીર દેવનો સાચો માર્ગ કેટલો દૂર છે અને આ જે ચાલી રહ્યું છે તેતો 'શ્રીરામની રામાયણ' સિવાય બીજું કંઇજ નથી; એવું ડિંડિમ નાદે જાહેર કરવા ખાતર પણ યુવાન હૃદયોએ જવાનું છે. શ્રીમતી કોન્ફરન્સ દેવીના સ્થાનને શોભાવવા, એનું ટીપાઇ જતું બળ પ્રદીપ્ત કરવા અને એની શક્તિનું-કૂપમંડુકોને, સત્તાના-ઇજારદારોને મહાત્મ્ય દેખાડવા પણ અવશ્ય જવુંજ જોઇએ.

કસોટી કાળે, સાચી ભાવનાથી કામ કરતાં હાથોને, અવશ્ય અંતરિક્ષથી સહાય મળે છે અર્થાત કુદરત તેના તરફ ઢરે છે માટે 'God helps them who help themselves' એ વાત પર ભરોંસો રાખી દરેક યુવાન એ તરફ પગલા ભરે.

શા. (કુસુમ.)

---

## ગ્રાહકોને સુચના.

ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.

(અનુસંધાન પાના ૨ નું ચાલુ.)

સવાલને અંગે હાલ જે અનર્ગળ દ્રવ્ય જુદા જુદા પ્રકારે દેવદ્રવ્યમાં એકત્ર થાય છે તેમાં શું હજી વધારો થવા દેવો છે? જે ક્ષેત્રો કુમળાં હોય તેની પુષ્ટી કરી, દેવદ્રવ્ય જરૂર પુરતું હોય તો તેવા વધારાની જરૂર નથી, એટલી સુચના કોન્ફરન્સ આપે તો શું શાસ્ત્રીય મર્યાદાનો ભંગ થાય છે? બીજી સંઘ બંધારણનો સવાલ હાથ ધરવા જેવો છે. શ્રી સંઘોમાં વ્યવસ્થિત બંધારણ હોય તોજ સંઘના ચાલુ કામકાજો સરળતાથી ચાલી શકે, સંઘના કામકાજમાં વિશ્વાસ ટકી શકે, ને સંઘના તાબાની સંસ્થાઓ વધારે મજબુત થાય તે ખુલ્લી વાત છે. શ્રી મુંબઈ સંઘ તરફના ડેલીગેટ ચુંટવા મળેલ મીટીંગનું જે પરિણામ આવ્યું તે પછી કોન્ફરન્સના કાર્યકર્તાઓ આ સવાલની જરૂરીયાત સમજ્યાજ હશે સામાજીક સુધારાઓ ઉપર હવે આવીએ? આ સવાલ કોન્ફરન્સે અસ્પર્શ્ય ગણ્યો નથી એટલે ચર્ચાશે તે તો ચોકસ છે પણ ઠરાવો થવા ને કાર્યકર્તાઓ તેનો ભંગ કરે તે સ્થિતી ઇષ્ટ નથી. વળી હાલના દેશકાળને જોઇને તે ઠરાવનું રૂપ પણ બદલવું જોઇએ એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે. વિધવાઓનો સવાલ આમાં સમાઇ જાય છે. શારીરિક સ્થિતી સુધારવાના સાધનો સબંધીનો વિચાર ન કરવો એમ કોઇ કહી શકશે નહિ એટલે તે વિષય અમો વધારે ચર્ચવા માંગતા નથી. કેળવણીના સવાલને અંગે એકજ સુચના કરવાની છે. ઠરાવ તો આ વિષય ઉપર ઘણા થયા પણ વિશેષ પ્રકારે પ્રગતિ થઇ શકે તેટલા માટે એજ્યુકેશન બોર્ડ પાસેથી સમાજ વધારે કાર્યની આશા રાખે છે. કેળવણી સંબંધીના ઠરાવોનો વ્યવહારૂ અમલ થવા માટે જે પ્રોગ્રામ વરસ દરમ્યાન થવાની જરૂર છે તે બોર્ડે તૈયાર કરવો જોઇએ. બાકી સ્કોલરશીપો ને પાઠશાળાને મદદ આપનારા તો ઘણા મંડળો છે, તેટલાજ કાર્ય માટે એજ્યુકેશન બોર્ડની સંસ્થાની જરૂર નથી.

જૈન સમાજ દેશની ચળવળથી અલગ રહી શકે નહિ એટલે રાષ્ટ્રીય મહાસભાને વફાદારીનો ઠરાવ પણ એટલો જરૂરનો છે. બીજું ગયા વરસ દરમ્યાન મુનિરાજ ઉપર સંઘની સત્તા શું ને સંઘ કોને કહેવાય, એ પ્રશ્નો ઉપસ્થિત થયેલા છે તેનો પણ કોન્ફરન્સે નિર્ણય કરવો જોઇએ. જૈન બેંકનો સવાલ હોવો જોઇએ તેને વિષે પણ મતભેદ હોઇ શકેજ નહિ.

પરંતુ યુવાનોની ફરજ શું? આ કોન્ફરન્સમાં યુવાનોએ શું કરવું જોઇએ તેમજ યુવાનોએ સહકાર આપવો કે નહિ તે પ્રશ્ન વિચારણીય છે (૧) કોન્ફરન્સના કાર્યકર્તાઓ જુના અનેકવાર પસાર થયેલા ઠરાવોની હારમાળા પસાર કરવા માટેજ બેઠક ભરતા હોય. (૨) સ્ટેન્ડીંગ કમિટિની ઉદાસીનતાને ટેકો આપી નવા કાર્યક્રમનો કાંઇ પણ વિચાર કરવા ના પાડે, (૩) બેઠક ભાંગી જશે માટે તમે આમ ન કરો, ને તમે તેમ ન કરો, એવી જો તેમની માગણી હોય તો યુવાનો તરફનો તેવી સ્થિતીમાં સહકાર કદાચ ન પણ મળે. કોમની હાલની પરિસ્થિતીનો વિચાર કરી ધર્મને બાધ ન આવે તેવી રીતે કોમની ધાર્મિક તથા સામાજીક સુધારાની દ્રષ્ટિથી જરૂરના એવા કોઇપણ કાર્યમાં યુવાનો પોતાનો સહકાર આપશે. કાર્યના ગુણની દ્રષ્ટિથી યુવકોએ પોતાના સહકારનો નિર્ણય કરવાનો છે. બાકી ભાંગી જશે માટે વિચારો ન કરવા તે મનોદશા યુવકોની હોઇ શકે નહિ તે માટે સુરતનો કોંગ્રેસનો ઇતિહાસ સુપ્રસિદ્ધ છે. સુરતમાં કોંગ્રેસ ભાંગી હતી; છતાં હજી પણ તે જુદે જુદે પ્રસંગે સમયાનુકુળ ફેરફાર કરી વધારે બળવાળી બની પોતાનું કાર્ય બજાવે જાય છે. કોન્ફરન્સ ઘણું જીવો.

## જૈન કોન્ફરન્સમાં પાટણના પ્રતિનિધિઓ.

—:o:O:O:o:—

# એક જૈને ફેલાવેલું જુઠાણું.

## હવે સમાજ છેતરાય તેમ નથી.

——(o)——

'સાંજ વર્તમાન' તા૦ ૨૮-૧-૩૦ ના અંકમાં 'જૈન કોન્ફરન્સમાં પાટણના પ્રતિનિધિઓ' એ હેડીંગ નીચે એક નનામાં જૈને અસત્યથી ભરપુર ઇરાદાપૂર્વક જાહેરાત ફેલાવી જનતાને ગેરસમજમાં નાખવાનો એક મીથ્યા પ્રયાસ કર્યો છે. આ એક જૈન યંગમેન્સ સોસાયટીનો સભ્યજ હોવો જોઇએ એ નિર્વિવાદ વાત છે.

આ સોસાયટીની સ્થાપનાથી અત્યાર સુધીની તેની કારકીર્દી તપાસીએ તો જણાઇ આવશે કે જુઠું બોલવું, જુઠું લખવું અને જુઠો પ્રચાર કરવો, એ એમનો જન્મ સિદ્ધ હક કેમ ન હોય? અથવા તો તેની ગળથુથીમાંજ જુઠાણું પેસવામાં આવ્યું હોય એમ માની શકાય.

જૈન સંઘે જ્યારે દીક્ષાનો ઠરાવ પસાર કર્યો ત્યારે પણ "કોઇ પણ જાતનો ઠરાવ થયો નથી" તેવા ખોટા સમાચાર પેપર અને હેન્ડબીલદ્વારા ફેલાવ્યા અને જ્યારે બાજુર સંઘે ૧૫૩ ને સંઘના વ્યવહારથી દૂર કર્યા ત્યારેજ ફરીથી લખવું ભુલી ગયા. સાધુઓના નામથી સંઘ ઉપર ખોટા તારો મુકાવ્યા પણ અંદર તારોમાં કેટલું પોકળ હતું તે પુજ્યપાદ મુનિ મહારાજશ્રી હર્ષવિજયજીએ જૈન પત્રદ્વારા પોતાના તારનો ઇન્કાર કરી સમાજને જણાવી દીધું.

હવે સંઘના વ્યવહારમાં તેઓ નહી હોવાથી, જુન્નેર જનાર પ્રતિનિધિઓમાં તેમનો ભાવ નહી પુછાયો એટલે આ નવું ધતીંગ ઉભું કર્યું.

પેટનો બળ્યો ગામ બાળે તે આનું નામ. આખો એ લેખ અસત્યથી ભરપુર છે. તેમજ અંજારી કલ્પનાથી લખી કાઢયો હોય એમ તે વાંચતા જણાઇ આવે એમ છે. કોણ જાણે આ કહેવાતા શાસનરસીકોએ જુઠાણું ફેલાવવાનો ઇજારો રાખ્યો છે કે તેમને વ્યસન પડી ગયું છે તે સમજાતું નથી. પણ સમાજ હવે તેમના માયાવી તત્વોમાં તેમજ તેમની પાથરેલી જાળોમાં ફસાય તેમ નથી.

લી૦ 'સત્ય પ્રેમી'

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

(કોન્ફરન્સ અંક.)

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના માહા વદી ૫. | છુટક નકલ ૧ આનો |
| અંક ૭-૮. | તા૦ ૧૭-૨-૩૦ | બહારગામ ૧ા ,, |

## શાસન પ્રેમીઓની— ખુલ્લી પડી ગયેલ બાજી.

મહુવા, તા૦ ૧-૨-૩૦

ભાઇશ્રી......

તમારો કાગળ મળેલ છે. જુન્નેર કોન્ફરન્સના પ્રતિનિધિ ચુંટવા માટે અત્રે સંઘ એકત્ર થયેલ નથી અને અત્રેના સંઘનું માનસ જોતાં પ્રતિનિધિ ચુંટીને મોકલે તેમ જણાતું નથી છતાં સંઘ એકઠો થશે તો જે બનશે તે તમોને જણાવીશ. લી૦..........ના પ્રણામ

(સંઘપતિ)

નોંધઃ શાસન પ્રેમીઓ જુન્નેર કોન્ફરન્સમાં કેવી રીતે પ્રતિનિધિઓ તરીકે આવેલા તેનું જ્વલંત દૃષ્ટાંત ઉપરનો પત્ર પુરૂં પાડે છે. શાસન પ્રેમીઓએ ઉપરોક્ત ગામ તરફથી ચુંટાયેલા પ્રતિનિધિઓ તરીકે મુંબઇથીજ બારોબાર પોતાના પક્ષના દસબાર નામો આપી દીધાં હતાં. આવા હીરાઓ ! જુન્નેર જઇ આવ્યા અને ઠાલે હાથ દઇ આવ્યા.

તા૦ ૧૫-૨-૩૦.

હિન્દુસ્તાન તા૦ ૧૪-૨-૩૦ ના અંકમાં શેઠ હરીલાલ આલચંદ તરફથી ગેરસમજુતિ ઉત્પન્ન કરવા જે બીના પ્રગટ કરાવવામાં આવી છે તેનો ઉપરનો પત્ર સચોટ જવાબ છે. મહુવામાં સંઘની મિટિંગ થઇજ નથી—કોન્ફરન્સ માટે ડેલીગેટો ચુંટાયા નથી. અને મહુવા તરફથી કોઇપણ પ્રતિનિધિ મોકલવામાં આવ્યા નથી તે દીવા જેવું સ્પષ્ટ છે. જ્ઞાતિના શેઠ હોય, કે બાળાશ્રમના ટ્રસ્ટી હોય અથવા સાધુસંમેલન વાસ્તે ડેપ્યુટેશન સાથે ગયા હોય અથવા તો મુંબઇના કેટલાએક ખાતાંના મેનેજીંગ કમિટીના મેમ્બર હોય—એટલા માટેજ કાયદેસર ચુંટણી વિના કોન્ફરન્સના ડેલીગેટ થવાતું નથી, તે હરીલાલભાઇએ સમજવું ઘટે છે–છતાં પોતાનેજ ગમે તેટલા ડેલીગેટો ચુંટી મોકલી આપવાનો હક્ક હોય તેમ તેઓ શ્રીએ મનમાન્યા નામો લખી નવું ફોર્મ ભરી આપવાની ધૃષ્ટતા કરી છે. અને તેવા ડેલીગેટોને પ્રતિનિધિની ટીકીટ ન મળી શકી તેટલા માટે પોતાનો "કડવો અનુભવ" જાહેર કરવા બહાર પડયા છે.

## જમાનો ઓળખો !

માત્ર આપણાજ ધર્મમાં નહિં, પણ દુનિયા ભરના તમામ ધર્મોના ધર્મગુરૂઓ બાબતમાં કેટલીએ ગંભીર ફરીયાદો ચોક્કસપણે નજરે જોવામાં આવે છે, અને તે પર ઢાંક પીછોડો કરવા ઉપરાંત કેટલાક સ્વાર્થીઓ ઉલટો બચાવ કરતા રહ્યા છે.

(રાવસાહેબ રવજી સોજપાળના ભાષણમાંથી.)

કોન્ફરન્સ તુટી જશે તેવી અમારી સામે પીસ્તોલ તાકવામાં આવે છે પણ હવે અમે તે સહન કરવાના નથી. બંધારણમાં અમો માંગીએ છીએ તેવો ફેરફાર કરો, ને પછી કેવું પરિવર્તન કરવું તે અમે જાણીએ છીએ. સ્ત્રીઓને હક આપવાની વાત થાય છે પણ બંધારણમાં તે માટે વ્યવહારીક ગોઠવણ છે કે ? અમે કોન્ફરન્સને તોડી પાડવા માંગતા નથી. કોન્ફરન્સ માટે અમને અધીક માન છે.

(ચીમનલાલ હીંમતલાલ સંઘવીના ભાષણમાંથી)

વીધવાઓ, અમે જ્ઞાતિ, સમાજ અને દેશની સેવા કરવાને તૈયાર છીએ. વિધવાઓ ગર્ભપાત કરે છે એવી ફરીયાદ થાય છે પણ વિધવાઓ આકાશમાંથી આવી નથી. પુરૂષો સંયમ રહે તો વિધવાઓ આડે માર્ગે ન ચાલે. વિધવાઓને સાધનો પુરા પાડો છતાં તેઓ તેનો લાભ ન લે તો પછી તેને પરણાવવાની વાત કરજો. જૈનો જનાવરો માટે ફંડ કરે છે તો તેમણે વિધવાઓની સ્થિતી સુધારવા માટે પણ ફંડ સ્થાપવા જોઇએ. વિધવાઓ આડે રસ્તે ઉતરી ગઇ હોય તો તેમને સુધારવાની ફરજ સંઘની છે.

(કચ્છી રાણીબાઇ હીરજીના ભાષણમાંથી.)

આપણે શારિરીક કેળવણી છુટથી મેળવવી જોઇએ. દરેક ગામમાં વ્યાયામશાળાઓ, કસરતશાળાઓ, અને સાર્વજનીક શુદ્ધિથી, એકદમ [illegible] કરી ધર્મરક્ષણ કરનારા વીરો આપણે પેદા કરવા જોઇએ. આ પ્રશ્ન આપણે બીલકુલ પાછળ રાખી શકાય તેમ નથી. આપણે આવા કાર્યોમાં શ્વેતામ્બરી, દીગમ્બરી કે સ્થાનકવાસી આવા ક્ષુદ્ર ભેદો ભુલી જવા જોઇએ. **આપણે હાલમાં આપસમાં આપણા બંધુઓનાજ માથાં ભાંગવામાં બહુ શુરાતન બતાવવા બેઠા છીએ,** તેથી આપણું ગૌરવ તો વધતું નથીજ પણ દરેક પરધર્મી આપણી તરફ ધૃણાની નજરે જોવા મંડયા છે.

(શેઠ ચુનીલાલ સરૂપચંદના ભાષણમાંથી.)

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## જુન્નેર જૈન કોન્ફરન્સ.

શ્રીમતિ જૈન કોન્ફરન્સની તેરમી બેઠક સંપૂર્ણ રીતે ફતહમંદીથી પાર ઉતરી છે, તેને અંગે અનેક ભવિષ્યવાણીઓ ઉચ્ચારવામાં આવતી હતી તે બધી ખોટી પાડી જૈન સમાજને પ્રગતિએ લઇ જવાના કાર્યમાં જુન્નેરની કોન્ફરન્સની બેઠકે સારો ફાળો આપ્યો છે. અને કહેવાતા ધર્મિ લોકોએ ભાડુતી દળ સાથે કોન્ફરન્સને આગળથી વિદાય લીધી છે. ધાર્મિક કાર્યને ભાડુતી સૈનિકો જનોને કોઇ દિવસ મેળ હોઇ શકે નહિ. પંદર રૂપિયા આપીને પ્રચાર કરેલું ભાડુતી સૈન્ય ધર્મ (?)ના સંરક્ષણને અર્થે કામ લાગ્યું નહિ. સ્વાગત સમિતિના કાર્ય કરનારાઓએ, જુન્નેર નાનું ગામ હોવા છતાં જે સગવડ જાળવી છે, કોન્ફરન્સના કાર્યને અંગે અનેક પ્રકારની જરૂરીયાતો પુરી પાડવામાં જે જહેમત ઉઠાવી હતી તે વર્ણવી શકાય તેમ નથી. મોટા શહેરો જે સગવડ બહોળા સાધનો હોવા છતાં રાખી શકતા નથી, તે સગવડ જુન્નેર ગામે જાતમહેનત તથા સહકારથી રાખી હતી. ધર્મિ વર્ગ જણાવે છે કે 'તેમનાથી વિરૂદ્ધ પ્રથના ડેલીગેટો તથા પ્રેક્ષકોને માટે ઇરાદાપૂર્વક કાંઇપણ સગવડ રાખવામાં આવી નહોતી એમ જણાતું હતું' આવો આક્ષેપ કરનારમાં ધર્મ બુદ્ધિ તો શું પણ ન્યાય બુદ્ધિ નોય છાંટો હોય તેમ કોઇ માની શકે નહિંજ. જુન્નેરના કાર્યવાહકોને ચોક્કસ પક્ષ તરફ દ્વેષ હોવાનું કારણ કોઇ બતાવી શકતું નથી, તો પછી સમાજ તેમના ખુલાસાના તે આરોપ ઉપર કાંઇપણ વિશ્વાસ રાખશે નહિ. વાત એમ છે કે પોતાના વાડામાં રહી વિચાર કરનારાઓ એમ માને છે કે સમાજ બધો અમારા જેવા વિચાર ધરાવે છે તેમ આ પક્ષ એવી ભ્રામક માન્યતા સાથે જુન્નેર આવેલ; ત્યાં આવ્યા પછી સમગ્ર હિંદના જૈન ડેલીગેટોની વિચારશ્રેણી જોતાં તે પક્ષના પડળ ઉખડી ગયા ને લાગ્યું કે આપણા વિચારો કોઇ સ્વીકારે તેમ લાગતું નથી, એટલે ગુંડાશાહી ચલાવવા-બેઠકને ભાંગવાના પ્રયત્ન કરી જોયા પણ તેમને ખબર નહિ કે આ તો મહારાષ્ટ્ર છે, તે ગુંડાશાહીથી દબાઇ જાય તેમ નથી. તેઓએ ગુંડાશાહી ચલાવી. પરિણામ શું આવ્યું તે જુન્નેરમાં હાજર રહેનારા સર્વ જાણે છે. બધી વિગતો તેમના ખુલાસામાં અસત્યથી ભરપુર છે. વિચારમતભેદ હોઇ શકે પણ હકીકતની અસત્યતા ગમે તેવા બચાવોથી ફેરવી શકાશે નહિ. ધર્મિપક્ષ જણાવે છે કે, 'લાઠીથી સજ્જ થયેલા વોલન્ટીયર આવ્યા અને ફટકા લગાવવા માંડયા.' તદ્દન ગલતને નહિ માની શકાય તેવી વાત છે. વોલન્ટીયરો સેવા માટે રાખવામાં આવે છે, તે વોલન્ટીયરો કોઇપણ ડેલીગેટ કે પ્રેક્ષકનું કારણ ઉપસ્થિત થવા વગર અપમાન પણ ન કરે તો પછી લાઠીના ફટકાજ લગાવવા મંડી જાય તે હકીકત સાદી સમજવાળો માણસ પણ સ્વીકારી શકે નહિ. ધર્મિપક્ષને પૂછીએ કે લાઠી કોને વાગી હતી? તેના નામ શા માટે આપતા નથી? બાકી ધર્મિપક્ષના પરાક્રમનાં પુરાવા તો મોજુદ છે. ધર્મિપક્ષને નામે ખુલાસો બહાર પાડયો છે તેમાં તેમના આગેવાન શેઠ નગીનદાસ, શેઠ જીવાભાઇ તથા પોપટલાલ ધારશીની સહી કેમ નથી? રા. રા. મોતીભાઇ સોલીસીટર તે વખતે હાજર હતા તો તેમની સહી કેમ ખુલાસામાં નથી? જુન્નેરના સજ્જનોની હાજરીમાં જે વાત થયાનું જણાવવામાં આવે છે, ને જનરલ સેક્રેટરીઓ એ આમ કહ્યું ને તેમ કહ્યું તે બધી વાત કેટલી અસત્ય છે, તે બાબતનું જનરલ સેક્રેટરીઓના સત્તાવાર ખુલાસા ઉપરથી તોલન થઇ શકશે. સોસાયટીના સેક્રેટરીઓ તા૦ ૧૨ મી બુધવારના મુંબાઇ સમાચારના પ્રગટ થયેલ ખુલાસામાં જણાવે છે કે 'અમારા જાનમાલની સલામતી ખાતર અમોને તાબડતોબ જુન્નેર છોડી જવાની જરૂર પડી હતી' જો જાનમાલ જોખમમાં હતાં, ને વોલન્ટીયરો લાઠી લઇ મારવા ઉભા હતા, તો પછી સભા કઇ રીતે ભરી શકયા? આખો ખુલાસો તેમના ધર્મિપક્ષના નામને શરમાવનારો, અને અસત્યથી ભરેલો છે. સમાજની ન્યાય બુદ્ધિ ઉપર અમોને વિશ્વાસ છે, તે આવી બનાવટોથી હવે ભોળવાય તેમ નથી. સ્થાનિક કાર્યકર્તાઓની મુશ્કેલીમાં વધારો કરવો, વોલન્ટીયરની સેવાને પથ્થરોથી વધાવી લેવી, સગવડ આપનારને ઉલટો અન્યાય ને ગાળો આપવી તેજ, ધર્મિપક્ષનું વલણ હતું. બીજો ધર્મ તે પક્ષનો નથી, એમ નિષ્પક્ષપાત જોનારને જુન્નેરમાં લાગતું હતું. કારણ કે ત્યાં સુધારક પક્ષ અગર ધર્મિપક્ષ બન્નેમાં નહિ ભળતા તેવા તટસ્થ પુરૂષો હાજર હતા. જેઓ સમય આવે જરૂર જણાશે તો પોતાના મંતવ્યો રજુ કરશે. યુવક વર્ગે આ કોન્ફરન્સમાં શું કર્યું ને શું નથી કર્યું તે વિષે જુદા જુદા પત્રોએ ચર્ચા કરી છે, તે મુદ્દો અમો આવતા અંકમાં ચર્ચીશું. પણ એક હકીકતનો જવાબ આપવાનો છે. એક પત્રકારે લખ્યું છે કે "× × × × યુવાનો પણ કોંગ્રેસ અને સ્વતંત્રતાને યાદ ન કરી શકયા?" હકીકત તદ્દન ખોટી છે. શ્રી. પરમાનંદ કુંવરજીએ તે ઠરાવ ઉપર કોંગ્રેસના ધ્યેયને ટેકો આપનારો સુધારો યુવક વર્ગ તરફથી સબજેક્ટ કમિટીમાં મુકયો હતો. પણ પ્રમુખશ્રીએ રાજકીય ઠરાવ હોવાથી અને બંધારણની વિરૂદ્ધનો હોવાથી ઓર્ડર બહાર ઠરાવ્યો હતો; વળી બંધારણ 'રાજકીય' શબ્દવાળું કોન્ફરન્સની ખુલ્લી બેઠકમાં પસાર થાય ત્યારેજ અમલમાં આવ્યું ગણી શકાય જયારે તે ઠરાવ બીજે દિવસે સાંજના પસાર થયો એટલે તે પછી નવો ઠરાવ લાવવાનો સમય નહોતો.

# જુન્નેર કોન્ફરન્સ.

## સંસ્મરણો.

### (૧)

લેખક: પરમાનંદ.

—:*:—

જુન્નેર કોન્ફરન્સે આખા જૈન સમુદાયમાં નવું વિચાર ચૈતન્ય પ્રગટ કર્યું છે. આ કોન્ફરન્સના કાર્યની સવિસ્તર સમાલોચનાને અહીં અવકાશ નથી પણ બે ત્રણ મુખ્ય બાબતોની અહિં ખાસ નોંધ લેવી ઘટે છે. પ્રથમ તો શાસનપ્રેમી વર્ગનું જુન્નેર ખાતે ગમનાગમન પ્રકરણ આપણા સમાજમાં કઈ હદની ગુંડાશાહી પ્રવર્તી રહી છે, તેનું સુન્દર ચિત્ર રજુ કરે છે. આ ગુંડાશાહીને જ્યાં સુધી નિર્મૂળ કરવામાં નહિ આવે ત્યાં સુધી કોઇ પણ પ્રકારની પ્રગતિ કે પરિવર્તનની આશા રાખવી વ્યર્થ છે. પ્રસ્તુત ગુંડાશાહીને જુન્નેર કોન્ફરન્સે સખ્ત મર્મપ્રહાર કર્યો છે અને સમસ્ત સમજુ વર્ગમાં સચોટ રીતે તે અપ્રતિષ્ઠિત થઇ ચુકી છે. બીજું યુવકોના આખા વર્તને એ બાબત સિદ્ધ કરી છે, યુવકો જેટલા મતાગ્રહી છે તેટલાજ સમાધાનીના સિધ્ધાન્તને સમજે છે અને કોન્ફરન્સના અસ્તિત્વની તેના મુખ્ય કાર્યવાહકો જેટલીજ ચિન્તા ધરાવે છે. દીક્ષાનો ઠરાવ જે રીતે પસાર થયો તેથી નવા વર્ગને ભારે અસતોષ રહી જાય તેમ છે પણ કોન્ફરન્સની દૃષ્ટિએ આ ભારે મહત્વનું પગલું ગણાય. વળી આવો ઠરાવ નરમ હોવા છતાં આખી કોન્ફરન્સ સર્વાનુમતે સ્વીકારે એ નવ વિચારનો દિગ્વિજય સુચવે છે. આ ઠરાવ સ્પષ્ટપણે જાહેર કરે છે કે સાધુ કે દીક્ષાનો વિષય અત્યાર સુધી કેટલાકને મન કોન્ફરન્સ જેવી સંસ્થા માટે અસ્પૃશ્ય મનાતો હતો, તે સુરપૃશ્ય અને નિયમન યોગ્ય સ્વીકારાયો છે. સામાજિક સુધારાના સંબંધમાં કોન્ફરન્સે કશું આગળ પગલું ભર્યું નથી એટલુંજ નહિ પણ 'જૈન સમુદાયમાં જ્યાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર હોવો જોઇએ' એ પ્રમાણે કલકત્તા કોન્ફરન્સે સ્વીકારેલા સુધારાને પણ આ કોન્ફરન્સે ઉડાડી મુકયો છે, એ ભારે ખેદનો વિષય છે. પણ વિષયવિચારિણી સમિતિના બનાવોથી જે કોઇ વાકેફ હશે તે કબુલ કરશે કે, આગેવાન ગણાતા છતાં જડતાપૂર્વક પોતાના વિચારોને વળગી રહેવાનો આગ્રહ ધરાવતા કેટલાક ભાઇઓને મૂળ ચર્ચાના વિષય ઉપર એકત્ર રાખવા ખાતર, યુવાનોએ પોતાના પક્ષમાં ઘણુ મોટી બહુમતી હોવા છતાં આ વખતે નમતું આપવું યોગ્ય ધાર્યું છે. આ કોન્ફરન્સના અંગે સૌથી વધારે મહત્વની વસ્તુ નવું બંધારણ પસાર થવાને પ્રગતી છે અને તેમાં પણ ૩/૪ બહુમતીને ઉડાડીને સામાન્ય બહુમતી જે ઠરાવ સ્વીકારે તે કોન્ફરન્સની બેઠકમાં આવી શકે, એ પ્રકારનો અતિ વિપુલ બહુમતીએ જાહેર કોન્ફરન્સમાં સ્વીકારાયલો સુધારો કોન્ફરન્સના ભાવી ઇતિહાસમાં ઘણો અગત્યનો ભાગ ભજવશે એમ આશા રહે છે. પ્રસ્તુત ૩/૪ બહુમતી સ્થિતિચુસ્ત કાર્યવાહકો અને શાસનપ્રેમીઓના હાથમાં મોટામોટી ઢાલ હતી અને એ કાનુન નીચે અનેક બહુમતીથી સ્વીકારાયલી બાબતો વિષયવિચારિણી સમિતિમાં ઉડાડી મુકવામાં આવી હતી. આખા નવા બંધારણમાં આ એક મોટામોટી અત્યારના જમાનાને પ્રતિકુળ આડખીલ હતી, તે દુર થવાથી યુવકોને ભારે પ્રોત્સાહન મળ્યું છે અને કોન્ફરન્સનું ભાવી ઘડવામાં હવે તેમને ખુબ અવકાશ પ્રાપ્ત થયો છે. આમ સમગ્ર રીતે વિચારતાં જુન્નેર કોન્ફરન્સે જૈન સમાજના વર્તમાન ઇતિહાસમાં એક નવું અગત્યનું પ્રકરણ ઉમેર્યું છે, જેના પરિણામે આખા સમુદાયને પ્રગતિના માર્ગે લઇ જવામાં સહાયભૂત બનશે એમ આશા બંધાય છે.

### (૨)

લેખક:—વીરચંદ પાનાચંદ શાહ.

—:*:—

મહારાષ્ટ્રમાં જુન્નેર ખાતે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ભરવાના પડઘા જેમ જેમ સંભળાતા ગયા તેમ તેમ જૈન કોમમાં જાગૃતિ અને ચમક આવવા લાગ્યાં. પક્ષકારો જેવી સ્થિતિ તો અગાઉથી ઘણે અંશે ઉભી થઇ ચુકી હતી, એટલે સૌ બને તેટલી વધારે સંખ્યામાં પહોંચવા ઇચ્છા ધરાવતા હતા છતાં મધ્યસ્થ ભાવ ધારણ કરનારા વર્ગની પણ સારી હાજરી જોવામાં આવતી હતી.

તા૦ ૭ મીની સવારમાં કચ્છી ભાઇઓની સ્પેશીઅલ ઉપડી ચુકી હતી. રાત્રે ૧૦॥ થી ૧૨॥ વાગ્યા સુધીની ગાડીઓમાં મોટે ભાગે આપણા જૈન બન્ધુઓજ હતા. સૌના મોઢા ઉપર આનંદ અને ઉત્સાહ દેખાતાં હતાં. સૌ કોઇ પોતાના વિચારને સ્પષ્ટપણે વ્યક્ત કરતા અચકાતા નહિ અને છતાં ઝઘડતા નહિ. માર્મિક ભાષાઓના ખુબ પ્રહારો થતા અને અંતે સૌ સાથે હસી પડતા અને બોરીબંદરના સ્ટેશનને ગજાવી મુકતા હતા ત્યારે વચ્ચે કોઇ બોલી ઉઠતું કે આવુંજ વાતાવરણ જુન્નેર ખાતે સાંગોપાંગ રહે તો ઘણું સારૂં. પરંતુ પુના ઉતર્યા પછી અને જુન્નેર પહોંચ્યા પછી વાતાવરણમાં કાંઇક ઉગ્રતા જણાવા લાગી.

બપોરના સૌ મંડપમાં બેઠા થયા ત્યારે એક પક્ષની ગમે તે કારણે ગેરહાજરી દેખાતી હતી, અથવા સૌ છુટા છુટા બેસી ગયા હશે એમ માનવામાં આવતું હતું. સ્વાગત પ્રમુખે પોતાનું ભાષણ શરૂ કર્યું. તેઓ નખશીખ શુદ્ધ ખાદીમાં હતા. તેઓનું ભાષણ આગળ ચાલ્યું અને બહારથી કાંઇક ઘોંઘાટ આવતો સંભળાયો. થોડી વારમાં તે એટલો વધી ગયો કે મંડપના લગભગ અર્ધા માણસો ઉભા થઇ ગયા અને અવ્યવસ્થા વધી જશે એવી બીતિ લાગી. પરંતુ દેશ ખાતર બે વખત જેલમાં જઇ આવેલા આ પ્રમુખે જ્યારે સભાને ઉદ્દેશીને ખાત્રી આપી ત્યારે બધું શાંત થઇ ગયું, અને તેઓએ પોતાનું ભાષણ પછી નિર્વિઘ્ને પુરૂં વાંચ્યું.

રીતસર પ્રમુખની વરણી થયા પછી તેઓનું ભાષણ શ્રી. હેમાનંદજી તરફથી બુલંદ અવાજે વાંચવામાં આવ્યું. આ અવાજે શાન્તિ પૂરવામાં સારો ફાળો આપ્યો. બન્ને પ્રમુખના ભાષણોમાં વિચારોની સ્પષ્ટતા જોવામાં આવી. ઘણીવાર એમ બને છે કે, વિવાદગ્રસ્ત પ્રશ્નો ઉપર પ્રમુખો કે બોલનારાઓ મૌન સેવે છે, તેઓ કોઇને નારાજ કરવા માગતા હોતા નથી કે અપ્રિય થવા ખુશી હોતા નથી, પરંતુ આ બન્ને વ્યાખ્યાનોમાં હૃદયની સ્વતંત્રવૃત્તિને પુર્ણ અવકાશ આપવામાં આવ્યો હતો અને કોમના ધાર્મિક અને સામાજિક તેમજ સમસ્ત દેશના આર્થિક અને રાષ્ટ્રીય હિતના પ્રશ્નોને ચર્ચવામાં આવ્યા હતા, અને તે શ્રોતાજનોના અભિનંદનને પાત્ર થયા હતા.

વિષયવિચારિણી સમિતિની ચુંટણી થઈ ત્યારે જે પક્ષની ગેરહાજરી દેખાતી હતી, તેને માટે યુવકો પણ સૌની સાથે દીલગીરી દર્શાવતા હતા. જે લડાઈ હતી તે વ્યક્તિઓ વચ્ચેની નહિ પણ તેમના દૃષ્ટિબિન્દુઓની વચ્ચે હતી. વિચારવિનિમય થવાનો સુંદર યોગ ગયો. ચુંટણીની ઝુંબેશ મુંબઈના તથા મહારાષ્ટ્રના પ્રતિનિધિઓ સીવાય બીજા વિભાગોમાં સખ્ત ન જોવામાં આવી.

રાત્રે વિષયવિચારિણીય સભા મળી લગભગ બધા સભ્યો હાજર હતા. વિવાદની ગીરદી જતી રહેશે એમ જેને લાગ્યું હતું, તેને શરૂઆતમાંથી ઉલટો અનુભવ થયો. અનેક પ્રશ્ન ઉપર રોધ-પ્રતિરોધ થવા લાગ્યા. સરકારની વફાદારીનો વિચાર તો ઘણા સમય અગાઉથીજ ગયો છે, પણ કોઈપણ ઠરાવમાં સરકારને વિનંતિ કરવાના ઠરાવનો પણ સખ્ત વિરોધ થવા લાગ્યો અને ત્યારથીજ વાતાવરણમાં એકદમ ગરમી આવી ગઈ. જૈન કોમના વેપારીવર્ગમાં આ અસામાન્ય વસ્તુ હતી. લાલા બાબુરામજીના હિન્દી-હિન્દુસ્તાનીમાં બોલવાના આગ્રહને સભાએ વધાવી લીધો. હિન્દી ભાષાની સાથે બીજી ભાષાનો વિકલ્પ રાખ્યો હતો છતાં આ વિચારમાં કોમ, દેશની આકાંક્ષાઓમાં આગળ વધી રહી હતી એ જોઈને યુવકોના હૃદયો ઉછળતાં હતાં અને વડિલો તેને પ્રોત્સાહન આપતા હતા. મારવાડી ભાઈઓ ખુબ ખુશમીજાજમાં દેખાતા હતા, અને કચ્છી, ગુજરાતી અને દક્ષિણી ભાઈઓ હિંદીમાં જ્યારે બોલતા હતા ત્યારે વાતાવરણની ગંભીરતા જરા આનંદમાં બદલાઈ જતી.

કોમના ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણની વિશાળ યોજના રજુ કરવાનો, ધર્માદા નાણાંની વ્યવસ્થાનો, જૈન બેંકનો, દેશ અને સમાજોદ્ધાર, કોમી સંગઠન, આર્થિક પરિસ્થિતિની તપાસ, સુકૃત ભંડાર ફંડ વિગેરે કોમના પ્રાણરૂપ ઠરાવોનો ખરડો પસાર થયો. બીજા દિવસનું કાર્ય બહુ આનંદથી પૂર્ણ થયું. શિક્ષણના ઠરાવના અનુમોદનમાં એક કચ્છી બ્હેન્ બાઈ રાણીબાઈએ બહુ વિચારગંભીર ભાષણ આપ્યું હતું અને શ્રોતાઓ ઉપર તેની ઉંડી અસર થઈ હતી. આરોગ્ય પરિષદના મેળાવડાવાળાં મારવાડી બ્હેને વિશેષ અનુમોદન આપ્યું હતું. તેમનાં શુદ્ધ હિંદી ઉચ્ચારણો ઉપર ઘણાં ભાઈ બ્હેનોનું ધ્યાન ખેંચાયું હતું.

બીજા દિવસની વિષયવિચારિણી સભામાં વધુરાર ઝુમુઝ શુદ્ધ જામતું હતું. અગાઉના સમયની સભાઓમાં મારવાડી ભાઈઓ, કચ્છી ભાઈઓ, મહારાષ્ટ્રી ભાઈઓ અને ગુજરાતી ભાઈઓ મત દર્શાવતી વખતે પોતપોતાના સમૂહમાં વહેંચાઈ જતા ત્યારે આ પલટાયેલા જમાનાનું અદ્ભૂત દૃશ્ય એ હતું કે, સૌ પોતાના ટોળામાં વહેંચાઈ જવાને બદલે જ્યાં વિચાર સામ્ય હોય ત્યાં એકઠા થતા. કોમી સંગઠન એટલે દીગમ્બર, સ્થાનકવાસી અને શ્વેતામ્બર મૂર્તિપૂજકના સંગઠનના પ્રશ્ન ઉપર ઘણા કચ્છી અને મારવાડી વૃધ્ધો ગુજરાતી યુવકોની સાથે હતા.

"રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર" એ પ્રશ્ન ઉપર પ્રથમ ઘણી રસમય ઝુંબેશ થઈ હતી પણ પાછળથી તે સભ્યોએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. એવી ગેરસમજણ ન હોય કે આ, કોન્ફરન્સનો આકરો કાયદો થઈ પડશે અને તેના ઉલ્લંઘનમાં દંડાઈ જવાશું પરંતુ આ તો વિચારો કેળવવાનું માત્ર પ્રચારકાર્ય છે, તો તેમાં ઘણા વધારે ભાઈઓ છુટથી ભાગ લઈ શકે.

રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાનો ઠરાવ સર્વાનુમતે થયો એ સૂચવે છે કે, આપણે દેશના સુખદુઃખમાં સાથે છીએ.

અયોગ્ય દીક્ષાનો ઠરાવ શ્રી. મહાસુખભાઈ ચુનીલાલે રજુ કર્યો અને પ્રસ્તાવ ઉપર બહુ જુસ્સાથી વિવેચન કર્યું, તેની સામે એક વિદ્યાર્થીએ લગભગ સવા-દોઢ કલાક સુધી પોતાની દૃષ્ટિએ પોતાની દલીલો રજુ કરી. આ ભાઈની એક દલીલમાં એક પક્ષને જુઠ્ઠાઓ કહેવાનો આક્ષેપ હતો છતાં કોઈએ જરાપણ અસહિષ્ણુવૃત્તિ બતાવ્યા સિવાય તેમને જે કહેવું હતું તે બરાબર સાંભળ્યું. આ ભાષણને અંતે ઘણાને એમ લાગ્યું કે, આપણા પ્રમાણિક મતભેદો ગમે તેટલા હોય પણ જો સામસામા પક્ષને ઉશ્કેરાયા સિવાય ધીરજથી સાંભળવામાં આવે અને બન્ને પક્ષ પોતાના દૃષ્ટિબિંદુઓ શાંતિથી રજુ કરે અને ખુલ્લા દીલથી તેમાં ભાગ લે તો ગેરસમજણોનો મોટો ભાગ જરૂર ઓછો થઈ જાય. ત્યારબાદ પંડિત આણંદજીભાઈ તથા ખંભાતવાળા શ્રી. મોહનલાલ ચોકસીએ શાસ્ત્રોક્ત દૃષ્ટિએ દીક્ષાના પ્રશ્ન ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. જુદા જુદા બોલનારાઓએ ચાર કલાકથી વિશેષ સમય લીધો હતો અને દોઢ કલાક ઉપરાંત વખત, વાદવિવાદમાં ગયો હતો. આપણા જૈન હૃદયમાં અથવા કહીએ તો આપણા હિન્દુ હૃદયમાં એક એવા પ્રકારની વૃત્તિ છે કે, કોઈ રખેને નારાજ થઈ જશે, કોઈને ખોટું લાગશે! આ વૃત્તિમાં ઉચ્ચ ખાનદાની છે પણ જો તેનું પ્રમાણ ન રહે તો તેમાં ભયભીત દશા પણ છે. છેવટે દીક્ષા સંબંધે જે ઠરાવ રજુ થયો, તેને સ્વાગતના પ્રમુખની મક્કમ અપીલ બાદ મંજુર રાખવામાં આવ્યો હતો. યુવકો તરફથી શ્રી. પરમાનંદ કાપડીઆએ તેનો વિરોધ ન કરતાં તેને સ્વીકારી લીધો ત્યારે ખુદ પ્રમુખ સાહેબ તરફથી યુવકોની ખામોશી, ધીરજ અને ભોગ બદલ તેમને અભિનંદન આપવામાં આવ્યું હતું.

ત્રણ વે કોન્ફરન્સનું કાર્ય સુંદર રીતે પૂર્ણ થયું ગણાય. આ બધા ઠરાવો ત્રીજા દિવસની ખુલ્લી સભામાં મંજુર થયા હતા પણ ૩-૪ બહુમતિનો ઠરાવ શ્રી. પરમાનંદ કાપડીઆએ રજુ કર્યો અને શ્રી. ચીમનલાલ સંઘવીએ જ્યારે તેને વિપ્લવી ભાષામાં અનુમોદન આપ્યું ત્યારે સભાની ૩/૪ ઉપર સંખ્યાએ તે ૩/૪ ના ઠરાવને ઉડાડી મુકી માત્ર સાદી બહુમતિના ઠરાવને કબુલ રાખ્યો. આ પ્રશ્ન ઉપરની રસાકસીમાં એકજ વૃદ્ધ જનના મહારથીઓ સામસામા પક્ષમાં રહી શકતા હતા, તે જોઈને પણ ત્યાગીતા વર્ગને બહુ આનંદ થયો.

ઘણાને એમ લાગ્યુંજ છે કે, પહેલા દિવસની ઘટના ન બની હોત તો બહુ સારું હતું. કોઈ સારા માણસો કલેશને ઇચ્છતાજ નથી પણ વિચારોની અથડામણથી જરા પણ ગભરાવાનું કારણ નથી. આ વડે દરેક કોમને સુષુપ્તિમાંથી જાગૃતિમાં લાવે છે અને એક બીજાની એક બીજા ઉપરની ચોકી, તેમની નિર્બળતાઓ છોડાવી તેમની પાસે કાંઈ પણ સંવાદદૃષ્ટિએ સંગીન કાર્ય કરાવે છે, એટલે આવાં સંઘર્ષણો એક ભાવી ઉન્નતિના પુરોગામી છે.

છેવટમાં મહારાષ્ટ્રે જે હિંમત બતાવી પોતાને આંગણે કોન્ફરન્સને નોતરી અને અનેક ઉજાગરાઓ, અનેક કષ્ટો વેઠી, દ્રવ્ય અને શક્તિ-સમયનો ભોગ આપી તેને પાર ઉતારી તેને માટે મહારાષ્ટ્રને આપણાં સૌનાં હાર્દિક અભિનંદન છે. ઘણું જીવો કોન્ફરન્સ.

# પરિષદ્ પર એક દૃષ્ટિ—

લેખકઃ—હેમુશા.

—:૦:—

સમાજના આજના બળતા પ્રશ્નો (૧) સામાજીક પક્ષપાત (૨) ક્ષેત્ર વિસ્તાર (૩) દેવદ્રવ્યને નામે વેડફાતું આર્થિક બળ, પોષાતી પાખંડ પ્રવૃત્તિ અને પરદેશી શક્તિ. (૪) અયોગ્ય દીક્ષાને કારણે લુંટાતી સમાજની શક્તિ, શાન્તિ અને મહત્તા. (૫) કેટલાક કહેવાતા સાધુઓનું માથાભારેપણું, વગેરે પ્રશ્નો આ પરિષદ્‌માં નિકાલ માગતા હતા, પરંતુ તેમાંથી ફક્ત નં. ૨ અને ૪ સંબંધે જ માત્ર થોડોક નિર્ણય થઇ શક્યો.

પરિષદ્‌ના બંધારણમાં, ૭૫ ટકા મત સબ્જેક્ટ કમિટીમાં મેળવી શકાય તોજ ખુલ્લી પરિષદ્‌માં તે ઠરાવ લાવી શકાય એવું વિચિત્ર બંધન હતું, તે આ પરિષદે તોડી નાંખી, ભવિષ્યનું કામ અને માર્ગ સરળ બનાવ્યા છે! પરંતુ એકંદર તો **સિધ્ધાંત પ્રેમ કરતાં સંસ્થા પ્રેમજ પરિષદ્‌માં પ્રબળપણે પ્રવૃત્તિ રહ્યો હતો.** પરિષદ્‌માં ફાટ પડવાની બીતિએ અનેક આવશ્યક સુધારાઓ બાજુએ મૂકી દેવાયા! એટલો સિદ્ધાંત પ્રેમ કાચો! આ પ્રમાણે થયા કરે તો તો સમાજમાં કદીપણ સંગીન સુધારો સંભવેજ નહિ. જે કાર્યકર્તાઓ બાજુથી કડવાશ વહોરવાને પણ તૈયાર ન હોય, વિરોધ સહવા સમર્થ ન હોય, સંસ્થા પ્રેમી હોવા કરતાં પૂર્ણપણે સિદ્ધાંત પ્રેમી ન હોય, તે કાર્યકર્તાઓ કેટલુંક કામ કરી શકે? સમાજના કાળજીના પડો ઉખેડી ઉખેડી, અંધકાર ઉલેચી ઉલેચી પ્રકાશ વહેવડાવવો એ કાંઇ સહેલી બાત તો નથીજ, પણ દુઃખની વાત તો એ છે કે આ પરિષદ્‌માં તો બહુમતી ધરાવતા પ્રશ્નો પરત્વે પણ ભય-રીકને તાબે થઇ નમતું મૂકી દેવાયું છે. આ યુગમાં તો આ રીતે ચાલી શકે એવી વાત નથી. કવિવર ટાગોર કહે છે કે, 'એકલા ચલો!' જો કોઇ તારો સંદેશો સુણી પોતાના કાન બહેરા રાખે, તારો અંધારો માર્ગ ઉજાળવા દીપક ન આપે તોપણ ઓ! ભાઇ! તું એકલો જાજે! પ્રોગ્રેસીવ પાર્ટીને આ વાત યાદ આપવાની જરૂર છે?

પ્રશ્ન પૂછું કે.—

સંકુચિત વાડાઓ નિભાવી લેવા જેવા છે? દેવદ્રવ્યને નામે વેડફાતું દ્રવ્ય હજુયે વેડફાવાજ દેવું યોગ્ય લાગે છે? ચાલુ દીક્ષા પ્રવૃત્તિ આદિથી સમાજને ઉંધે માર્ગે દોરી, ઝેરના બીજ વાવનાર મનસ્વી સાધુઓને સમાજ હવે વધુ વખત પોષી શકે તેમ છે? રૂઢીને નામે થતો સામાજીક પક્ષપાત આજે સકળ માનવજાતને લાગેલા પક્ષપાત જેવો જીવલેણ હજુયે નથી લાગતો?

**સમર્થ યુગદ્રષ્ટા પ્રમુખના અભાવે, હૃદયબળની ખોટે, લોકેષણાની બીતિએ અને કામચલાઉ શાન્તિ નિભાવવાની પામર વૃત્તિએ આજે તો આ બધા અનિષ્ટોને સમાજની છાતી ઉપર અને યુવકોની આંખ સામે કાયમ રાખ્યા છે**—ભવિષ્યમાં વળી એ નીકળે ત્યારે ખરા! આજે તો યુવકો એ બધું જોવાના અને છુપા-છુપા સળગવાના! જુન્નર પરિષદ્, તારી પ્રગતિ અતિ ધીમી છે! તેં કામચલાઉ સમાધાનની Compromise સ્થાપી થીગડાં માર્યાં છે, જુનો જમાનો તારૂં બળ માપી ગયો છે, એટલે તે તને દાદ આપવાનો નથી.

* * *

'સોનાની ચળકતી લગડીઓને' પ્રમુખસ્થાને સ્થાપવાનો સમય એક કાળે હતો, અને તેથીજ પરિણામે પરિષદોએ કે સમાજે પ્રગતિ સાધવાને બદલે એના એ એકડા ઘુંટવાજ કર્યાં છે! જે યુગમાં પરિષદ્ મળતી હોય તે યુગનો કોઇ અનુભવી યુગદ્રષ્ટા અને જમાનાની જરૂરીઆત જાણનારને પ્રમુખપદે પધરાવાય તોજ કાંઇક અર્થ સરે એમ આજનો યુગ અને વિવેક બુદ્ધિ કહે છે. કોઇનો દોર્યો દોરવાઇ જાય કે કોઇના હાથનું રમકડું બની પોતાનું સ્થાન ભૂલી જાય તેને આ યુગમાં તો નેતૃત્વનો અધિકાર નથીજ. જુન્નર પરિષદ્‌ના પ્રમુખ સરળ હશે, સંપત્તિવાન હશે, પ્રેમી હશે પણ તેમનો પોતાનો કોઇ સ્વતંત્ર મત નહોતો, પરિષદ્‌ને દોરવાની સ્વતંત્ર શક્તિ નહોતી એટલે જુન્નર પરિષદ્ યુગનો અવાજ ઝીલી શકી નહિ.

પસાર થયેલા ઠરાવોમાંના કેટલાકનો માત્ર ઉત્તરાર્ધ પસાર થયો છે જ્યારે પૂર્વાર્ધ બાકી રહી ગયો છે! સો રૂપીઆની નોટના બે કટકા ભેગા થઇ બન્નેને નંબર મળે ત્યારેજ તેની કિંમત ઉપજે. જુદા જુદા કટકા કાગળના ચીંથરા જેવાજ સમજવા!

વિશાળતાનો ઠરાવ પસાર થયો અને તે સાધવાનો સરળ માર્ગ 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર' જેવો સ્નેહની સાંકળથી સાંધનારો ઠરાવ ઉડી ગયો!

જૈન બેંક સ્થાપવાનો અને તે દ્વારા બેકારી ટાળવાનો ઠરાવ પસાર થયો પણ બેન્કના પાયારૂપ મૂડી ધીરનાર દેવદ્રવ્ય સંબંધીનો અગત્યનો પ્રશ્ન ઉડી ગયો!

કેળવણી વ્યાપક કરવાનો સુંદર ઠરાવ પાસ થયો પણ તે અર્થે બનારસ યુનીવર્સીટીને આપતાં ફાજલ પડેલું નાણું વાપરવાનો ઠરાવ ઉડી ગયો! પ્રચારકાર્ય માટે વ્યવસ્થા કરવાનો ઠરાવ પાસ થયો જ્યારે તે માટે શત્રુંજયના પ્રચાર કાર્યમાંથી બચેલું દ્રવ્ય વાપરવાનો ઠરાવ ઉડી ગયો! આ બધી અસંગતતાઓ શું બતાવે છે?

શુદ્ધિનો પ્રશ્ન પાસ થઇ સ્વામીવત્સલ વગેરે પ્રસંગોમાં સાથે રોટી વ્યવહારનો ઠરાવ પાસ થયો. પરંતુ તેના માટે વ્યવહારમાં વધુ સગવડતા મળે તેવો, જૈન જૈનમાં રોટી અને બેટી વ્યવહારનો પ્રશ્ન ઉડાવી દીધો!

આ અડધીયાને જ્યાં સુધી Counter part જોડેનાં અડધીયાં ન મળે ત્યાં સુધી ચીંથરાજ સમજવાને? બન્ને અરધીયાંને ભેગાં થવાની રાહ જોવી રહી!

* * *

સ્વાગત સમિતિના પ્રમુખ મહોદયનું ભાષણ બહુજ આશાજનક હતું, અને પરિષદ્‌ના પ્રમુખ મહાશયનું ભાષણ પણ પ્રથમ દૃષ્ટિએ તેવુંજ સુંદર હતું. પરંતુ તે બાબુની વિચારો ઝીલવાની તેવડ અને તૈયારી બન્નેમાં ઓછી હતી એટલે પરિણામે જેટલું ધારેલું તેટલું સુંદર પરિણામ ન આવ્યું છતાં પણ આગલી પરિષદો કરતાં તો સુંદર કામ થયું એમ કહેવું જોઇએ. ભવિષ્યની ફતેહનો માર્ગ જુન્નર પરિષદ્ ખોલે છે. **યુવકોને કાંઇક યુગાનુસારે કહેવાનું છે તેમ જગત આજે જાણતું થયું છે એટલો પણ લાભજ** સમજવો. યુવકગણ પોતાનું પ્રચાર કાર્ય એક વર્ષ સુધી બરાબર ચાલુ રાખે તો, પરિષદ યુગધર્મને ઓળખતી થઇ શકે એમ

# યુવકોની પ્રાથમિક સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી યોજવામાં આવેલી યુવકોની પ્રાથમિક સભા માટે બહારગામથી પધારેલ તથા અત્રેના મંડળોના પ્રતિનિધિઓની એક મિટીંગ તા૦ ૬ ઠ્ઠી ફેબ્રુઆરી ગુરૂવારે રાત્રે આઠ વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં મળી હતી. બહારગામના મંડળોના પધારેલ પ્રતિનિધિઓમાં, અમદાવાદ જૈન યુવક સેવા સમાજ તરફથી ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી, પોપટલાલ રામળદાસ શાહ, છોટાલાલ હીરાલાલ પરીખ તથા જેસીંગભાઇ ભગુભાઇ શાહ, અમદાવાદ શ્રી જૈન યુથલીગ તરફથી ચીમનલાલ દલસુખભાઇ શાહ, માંડલ યુવક સંઘ તરફથી શાહ કાન્તીલાલ નાથાલાલ વોરા, મનસુખલાલ ભીખાભાઇ વોરા તથા ઠાકરશી ખુશાલચંદ. વડોદરા જૈન યુવક મંડળ તરફથી ચંપકલાલ ફકીરચંદ તથા ઝવેરચંદ કેશરીચંદ. પાટણ જૈન યુવક સંઘ તરફથી ફતેચંદ લલ્લુભાઇ તથા કેશવલાલ મંગળચંદ શાહ. ખંભાત જૈન યુવક સંઘ તથા જૈન યુથલીગ તરફથી રતીલાલ બેચરદાસ, ભોગીલાલ ખુબચંદ, સકરાભાઇ ગાંડાભાઇ, અમૃતલાલ કાળીદાસ, તથા ચીમનલાલ છોટાલાલ. સુરત જૈન યુવક સંઘ તરફથી છગનલાલ ધનજીભાઇ, નેમચંદ જી. શાહ, ડાહ્યાભાઇ વીરચંદ કડોદવાળા, ધનરાજ જે. પરમાર તથા નાથુભાઇ રણછોડ. ભાવનગર યુવક મંડળ તરફથી અમરચંદ કુંવરજી શાહ તથા શાહ નગીનદાસ ઓતમચંદ અને પાલનપુરથી શા. મણીલાલ ખુશાલચંદે હાજરી આપી હતી. અત્રેના મંડળોના પ્રતિનિધિઓમાં મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો ઉપરાંત શ્રી ખંભાત જૈન મંડળ તરફથી ચીમનલાલ પી. શાહ, ભોગીલાલ ગોકળદાસ શાહ, અમૃતલાલ સાંકળચંદ શાહ તથા કેશવલાલ દલપતભાઇ ઝવેરી. શ્રી કચ્છી વીશા ઓશવાળ યુવક સંઘ તરફથી કુંવરજી મુળજી શાહ, આણંદજી દેવશી શાહ, નાનજી દેવશી લાલન, દેવશી વેરશી શાહ તથા વીરજી લાધાભાઇ શાહ. શ્રી કચ્છી દશાઓસવાળ જૈન યુવક મંડળ તરફથી કુંપાલ રવામ છવાણી, જેઠાભાઇ દેવશી, ડૉ. બી. પી. ગોસલીયા, ત્રીકમજી દામજી શાહ તથા લખમશી જેઠાભાઇએ હાજરી આપી હતી. તે ઉપરાંત બાબુ કીર્તિપ્રસાદજી, લાલા બાબુરામજી, પંજાબ ગુરૂકુળના સેક્રેટરી સાહેબ વગેરે ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી.

શરૂઆતમાં મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી ગાંધી જમનાદાસ અમરચંદે બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ તથા સ્થાનીક મંડળોનાં પ્રતિનિધિઓનો આભાર માન્યો હતો. અને પ્રાથમિક સભા મેળવવાના હેતુ સંબંધી સામાન્ય હકીકત સમજાવવામાં આવી.

ગાંધી જમનાદાસ અમરચંદની દરખાસ્તથી અને કકલભાઇ ભુદરભાઇ વકીલના ટેકાથી સર્વાનુમતે પ્રમુખસ્થાન શ્રી. ઓધવજી ધનજી શાહને આપવામાં આવ્યું. પ્રમુખસ્થાન સ્વીકારતાં ઓધવજીભાઇએ પધારેલ બંધુઓનો આભાર માન્યો હતો અને સભાનો ઉદ્દેશ સમજાવવામાં આવ્યો હતો.

મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સભા સમક્ષ રજુ કરવાના ઠરાવોના ખરડામાંના બધા ઠરાવો પૃથક પૃથક રજુ કરવામાં આવ્યા હતા. અમુક અમુક ઠરાવોમાં સુધારા પણ સુચવવામાં આવ્યા હતા. અર્વાને અંતે અને સારી સમજાવટથી બે ઠરાવો સિવાય સુધારા સહિત બધા ઠરાવો સર્વાનુમતીથી પસાર કરવામાં આવ્યા. બે ઠરાવો બહુમતીથી પસાર કરવામાં આવ્યા. બાદ વધુમાં નીચેનો એક ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો.

ઠરાવ ૧૧ મો—"આજકાલ લઘુમતી વર્ગોની ખાસ હકોની માંગણીઓ દેશના રાષ્ટ્રીય જીવનની ઘાતક છે અને અમે જૈન તરીકે સમાન મતાધિકારમાં માનનારા છીએ એમ આ કોન્ફરન્સ દ્વારા જણાવીએ છીએ."

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

આ ૧૧ ઠરાવો યુવકોના અવાજ તરીકે કોન્ફરન્સની આગામી બેઠક વખતે રજુ કરવા તેમ નક્કી કરી રાત્રિના લગભગ દોઢ વાગે મીટીંગ વીસર્જન કરવામાં આવી હતી.

## બીજા દીવસની બેઠક.

પ્રાથમિક સભાની બીજા દીવસની બેઠક તા. ૭ મી ફેબ્રુઆરી શુક્રવારે પણ તેજ સ્થળે—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં સવારના (સ્ટાં. ટા.) ૮ કલાકે મળી હતી. બહારગામથી પધારેલ પ્રતિનિધિઓ ઉપરાંત આજે પધારેલ સુરત તથા વાંઝના મંડળોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. વધુમાં આગલા દીવસની બેઠક વખતે હાજર રહેલ બાબુ કીર્તિપ્રસાદજી વીગેરેએ તથા બીજા સ્થાનિક ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી. શરૂઆતમાં સભાનું પ્રમુખસ્થાન શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને સર્વાનુમતે આપવામાં આવ્યું હતું. બાદ પ્રતિનિધિઓની સભાએ આગલે દીવસે પસાર કરેલા ઠરાવો પૃથક પૃથક સભા સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યા.

અને દરેક ઠરાવો ઉપર સુંદર ભાષણો કરવામાં આવ્યા હતા. જૈન બેન્કનો ઠરાવ શ્રી. વીરચંદ પાનાચંદે સભા સમક્ષ મુક્યો હતો. ઠરાવની અગત્યતા સમજાવતાં કહ્યું હતું કે "હિંદ સ્વતંત્રતા મેળવવા માગે છે અને તેમાં જો હિંદની વ્યાપારી આલમ પોતાની મુડી પોતાના હાથમાં રાખી વીદેશીઓ સામે લાલ આંખ કરે તો વીદેશી ધુંસરી જલ્દી દુર થશે અને તે માટે જૈન કોમ માટે પોતાની બેન્કની જરૂર રહે છે. શ્રી. સંઘવીએ સામાજીક સુધારા, સંઘ બંધારણ તથા વિધવા સંબંધીના ઠરાવો ઉપર સુંદર વીવેચન કર્યું હતું,

[જુઓ પાનું ૧૬ મું.]

તો લાગે છે. સુધારાની છુપી છુપી વાતો દરેકના હૃદયમાં છે દરેક તે માર્ગ ચાહે છે, પરંતુ અમલમાં વહોરવાને કોઇ તૈયાર નથી, તેથીજ આમ થયું છે. જુસ્સાને અભાવે આપણું ઘણું જતું મહત્વ સૌને સાલે છે. કહેવાતા સાધુઓની બેહુકમી સૌને માટે આજે અસહ્ય થઇ પડી છે. આર્થિક વીટંબણા વેઠતા, બેકાર યુગમાં જેમ તેમ વેડફાતું નાણું હૃદયમાં ખટકે છે, એટલું તો પરિષદ મંડપ નીચે સ્પષ્ટ દેખાતું હતું. એટલે આજે નહિતો કાલે પણ કાંઇક કાર્ય થશે, એવી સૌને આશા છે.

* * *

પ્રભુ સૌને હૃદયબળ આપો! હિન્દુત્વના રક્ષણહાર નરવીર શિવાજીની પુણ્ય ભૂમિમાં રોપાયલું બીજ ફાલો, ફુલો અને મુઠ્ઠીભર માણસોના અપૂર્વ ઉત્સાહને યશ મળો એટલું પ્રાર્થી વિરમું છું.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

## સ્વાગતાધ્યક્ષ શ્રી. ચુનીલાલ સરૂપચંદ રાજુરીકરનું ભાષણ.

[આખું ભાષણ સુંદર છે. સ્થળસંકોચને લઈ ઉપયોગી ફકરાઓ આપ્યા છે.]

આશરે ત્રણસો વર્ષ પહેલાં આજ પુણ્યભૂમિમાં હિન્દુઓનો ઉદ્ધાર કરનારી પ્રચંડ શક્તિ શિવાજીના રૂપમાં પ્રગટ થયેલી હતી. અને

હિન્દુઓનું અસ્તિત્વ

કેવળ મહાન શિવાજીનેજ આભારી હતું. તેથીજ એક કવિએ કહ્યું છે કે:

**शिवाजी नहीं होत तो सुन्नत होत सबकी.**

કેવળ જંગલી માવળાઓની મદદથી શિવાજીએ મહાન શક્તિ ઉત્પન્ન કરી હતી. જોડેના ડુંગર ઉપરના કિલ્લા ઉપર એ મહાન પુરૂષનો જન્મ થયો હતો. હજુ પણ શિવનેરી કિલ્લાનું નામ ઉચ્ચારતાની સાથે મહારાષ્ટ્રીય લોહીમાં સ્વાભિમાનની જાગૃતિ થઇ આવે છે. હજુ પણ મહારાષ્ટ્રીઓનાં અંતરંગમાં સ્વાતંત્ર્યની જ્યોતિ પ્રગટ થાય છે, અને આશાના કીરણો ઝળકી ઉઠે છે. અમોને આશા છે કે, જૈનોના પુનરૂદ્ધારનો પાયો એજ પુણ્યભૂમિમાં નખાશે, અને જૈનોમાં નવચેતન રેડવાનું માન મહારાષ્ટ્રનેજ મળશે. આપ સર્વે બંધુઓ કેવળ ઐક્ય, ઉન્નતિ, પ્રગતિ અને શાસન પ્રેમનાં બીજારોપણ પોતાનાં હૃદયમાં કરી આ કાર્ય ઉપાડી લેશો અને જેવી રીતે શિવાજીએ કેવળ શૂન્યમાંથી સર્વવ્યાપી શક્તિ પ્રગટાવી તેવીજ રીતે જૈનસમાજની એકત્ર શક્તિ પ્રગટ કરશો એવી મને પ્રબળ આશા છે.

* * *

ઘણાએક બંધુઓની એવી માન્યતા જોવામાં આવે છે કે,

જુનોજ કક્કો

ઘુંટયા કરવો. અને 'પીઠેસે આઇ' વાળી કહેવત ખરી કરવી અને નવું કરવા જેવું કાંઇ હોઇ શકેજ નહીં. એવી ખોટી માન્યતા હવે તદ્દન અશક્ય છે. ભારત વર્ષનો યુવકવર્ગ હવે જાગૃત થયો છે. નવી મેંધા, નવી શક્તિ અને નવી ઉમેદ પ્રગટ થઇ ચુકી છે. મહાન્ કોંગ્રેસ જેવી સંસ્થા પણ તેના પ્રવાહમાંથી બચી શકી નથી તો જૈન જેવી વેપારી અને શાહી કોમમાં નવો પવન ફુંકાય તેમાં નવાઇ જેવું કાંઇ નથી. એને રોકવા જેટલા પ્રયત્નો થશે તેટલા તદ્દન વ્યર્થજ થવાના; એમાં શંકા જેવું કાંઇ નથી. નૂતનવર્ગ જુનાઓની હવે મર્યાદા રાખી મોડે કુચો મારવાનું સહન કરી શકે તેમ નથી. જુનાઓ પાસે કાર્યનો હીસાબ તેઓ માંગશે, અને કાર્ય પ્રવૃત્ત થઇ એકદમ આગળ વધશે. સત્યની પ્રેરણાથી યુવકવર્ગ પ્રચંડક્રાંતિ કરી મુકશે, ત્યારે તેવા પ્રવાહને રોકવો એ તદ્દન અશક્ય પ્રાય છે. માટે કાળ આગળ નમતું આપી મુખ્ય સિદ્ધાંતને વળગી રહી પ્રગતિના સાધક રૂપ બનવું એજ યોગ્ય છે. તેમજ યુવક અને પ્રગતિમાન ઉત્સાહી બન્ધુઓએ પણ કાર્યનું મહત્ત્વ, જુનાઓનો અનુભવ અને તેઓએ અનુભવેલા આચાર વિચારોનો પણ સાથેજ વિચાર કરવો જોઇએ. વૃધ્ધોમાં જેમ સાહસ હોતું નથી તેમ યુવાનોમાં વિચારની ગંભીરતાનું વૈગુણ્ય હોય છે; એ વાત નજર બહાર રાખી ચાલશે તેમ નથી. માટે વૃધ્ધોનો અનુભવ અને યુવાનોનું સાહસ, એના યોગ્ય મેળ સાથે હાલના પ્રગતિપ્રિય જમાનામાં કાર્યપ્રવૃત્ત થવું જોઇએ, જેથી કોઇને પસ્તાવાનો પ્રસંગ આવશે નહી. સમાજથી ઝીલી ન શકાય તેવા પ્રશ્નો સમાજ આગળ ધરી દેહેશતથીજ અભાવ ધારણ કરનાર, બીકણ સમાજને એકદમ ભડકાવી મુકી, સુધારા વિષે પગઠ ચુપ કરી નાખવાનું સાહસ કરવાનો સમય આવ્યો નથી, એમ મને લાગે છે.

જ્યાં જુઓ ત્યાં

કોન્ફરન્સે શું કરી બતાવ્યું ?

આખાનું ખરચ મફત ગયું, વિગેરે ઉદ્ગારો કાઢી કેટલાએક સમાજના હિતના કટકા આમ બોલવામાં જાણે પોતે મોટો વાઘ માર્યો હોય એમ માને છે, અને કોન્ફરન્સના કાર્યકર્તાઓને જાણે આપણે નિરૂત્તર કરી નાખ્યું હોય એવો ડોળ ઘાલે છે પણ પ્રાચીન ધર્મદ્રષ્ટીથી વિચાર કરીએ તો પણ ઉજમણા, ઊત્સવો, વરઘોડા, સ્વામીવચ્છલ, સંઘયાત્રા વિગેરે ધાર્મિક કાર્યમાં કોઇ પાપ માનતું નથી, એટલુંજ નહીં પણ તેમાં મોટું પુણ્ય માને છે. દેવયાત્રા કે દેવપૂજા કરવામાં પુણ્ય મનાય ત્યારે સંઘ, કે જેને પચીસમા તીર્થંકરની ઉપમા આપી, તે નામથી આપણે સંબોધીએ છીએ, તેવા સંઘને—પચીસમાં તીર્થંકરને—પોતાને આંગણે આમંત્રી કે તેના દર્શન કરી, વિચાર વિનિમય કરવાથી કાંઇ પુણ્ય નહી હોય એમ એવા લોકો માને છે શું? અમારૂં તો સ્પષ્ટ માનવું છે કે, દેવયાત્રા કે દેવપૂજા કરનારો શ્રી સંઘજ છે અને સંઘના અંગભૂત બીજી ક્રિયાઓ છે. સંઘની આહોજલાલી અને ઉન્નતિમાંજ બધા પુણ્યકર્મો સમાઇ જાય છે. સંઘ ધન, જ્ઞાન અને બુદ્ધિ વિજ્ઞાનથી પુષ્ટ હોય તોજ બાકી પ્રગતિ થઇ શકે છે. પણ સંઘજ જો નિર્માલ્ય, અવ્યવસ્થિત અને અસંગઠિત હશે તો પછી બાકી ઉત્સાહ અને ક્રિયાઓ વ્યર્થજ નિવડશે, એ દ્રષ્ટીથી જોતાં પણ કોન્ફરન્સની ઉપયોગિતા અને ધર્મદ્રષ્ટીએ પણ પુણ્ય કાર્ય છે એમ સમજાશે. કદાચ જુના વિચારવાળાઓને કોન્ફરન્સ શબ્દથી સુગ ચઢતી હોય તો સંઘ, સમાજ, સભા, સંમેલન કે બીજા કોઇ નામથી સંબોધવામાં જરા પણ હરકત નથી

* * *

અત્યાર્ જેટલું થયું છે તેટલું બસ છે અને હવે કાંઇ કરવાપણું રહેતું નથી એવા સંકુચિત વિચારો રાખવા પણ ભૂલ ભરેલા છે. પ્રગતિને માટે ઘણુંજ મોટું કાર્યક્ષેત્ર પડેલું છે, માટે કોન્ફરન્સ ભરાતી રહેશે તોજ તેવા કાર્યો આપણે હાથ ધરી શકીશું. કોન્ફરન્સે શું કર્યું ? એવો પ્રશ્ન પુછનારાઓ જાણે એમજ માનતા જણાય છે કે, કોન્ફરન્સવાળા, અમુક લોકો અથવા અમુક વ્યક્તિઓજ છે; અને તેઓનાજ માથે બધી જવાબદારી રહેલી છે. અને શંકા કાઢનાર, પ્રશ્ન કરનાર જાણે કોન્ફરન્સ સાથે કોઇ જાતનો સંબંધ ધરાવતો નથી, અને કોન્ફરન્સની ખામીઓ માટે પોતે જાણે બીલકુલ જવાબદારજ નથી. આવા વાદપ્રેમી લોકો સાથે વાદ કરવામાં નકામો વખત ગાળવો પણ વ્યર્થ છે. જ્યારે કોન્ફરન્સે અમુક કાર્ય કેમ ન કર્યું એવા પ્રશ્નો કરે છે, ત્યારે પ્રશ્નકારને એ ભાન નથી હોતું કે કોન્ફરન્સ એક વિચારપ્રેરક અને પ્રગતિનો માર્ગ દેખાડનાર મંડળ છે. નિગ્રહાનુગ્રહ કરી કોઇને સજા

કરનારૂં કે જોર જુલમથી સુધારાઓનો અમલ કરાવનારૂં મંડળ નથી. આવો વિચાર કરશો તો કોન્ફરન્સે જે કાંઇ કાર્ય કર્યું નહિ હોય તે માટે આપણે બધાઓ અંશતઃ જવાબદાર છીએ. આપણે એકમતે કોઇ ઠરાવ પસાર કર્યો અને ઘેર જઇ તે ઠરાવ છાપરે ચઢાવી દીધો તો પછી કોન્ફરન્સ શું કરે? અહિંઆ ઠરાવ કરતી વખતે દરેક ગૃહસ્થ તેની ગંભીરતા સમજે અને પોતે ઠરાવ પાળી પોતાના બંધુઓને તે ઠરાવ પાળવા માટે પ્રેરણા કરે તો પછી આમ ટીકા કરવાનો વખતજ ન આવે. એ ઉપરથી એ સિદ્ધ થાય છે કે, કોન્ફરન્સ એટલે આપણે બધા ભેગા મળી બનાવેલી સંસ્થા, તેના આપણે બધા અવયવો છીએ. તેના શુભોદયના આપણે બધા સરીખા સહભાગી છીએ, અને કોન્ફરન્સ એ વિચાર પ્રચાર કરનારૂં પ્રગતિકારક મંડળ છે, અને તેના હાથમાં હજુ આપણે નિગ્રહાનુગ્રહની શક્તિ આપી નથી, એવા પ્રકારનો આપણે દ્રષ્ટિ કોણ રાખવો જોઇએ.

### ટીકાકારોનું એક શસ્ત્ર.

ટીકાકારોના હાથમાં એક મોટું શસ્ત્ર આવી જાય છે, તે એ છે કે, આપણામાં કેટલાએક એવા બંધુઓ હજુ મ્હાલે છે કે, જેઓએ વૃદ્ધવિવાહ, બાળવિવાહ, કજોડા, કન્યાવિક્રય, વેશ્યાનાચ, ભવનો વિગેરે ઠરાવોને પગ તળે કચડી નાખી

वृद्धा नारी पतिव्रता ।

ની બીજાઓને ઉપદેશ કરવાનો ડોળ ઘાલે છે. આવા રૂઢ-કપીઓ પોતે હજુ એવડા ધારણ કરવામાં પણ શરમાતા નથી. આવા લોકો તરફ આંગળી કરી કોન્ફરન્સના કાર્યનો હીસાબ લોકો રજુ કરે છે. આવા આવા ઓધ્ધેદારોને આપણે વીણી વીણીને દુર કરવા જોઇએ, અને નવા ઉત્સાહી, નિરપેક્ષ, કાર્ય કરવાની હિંમત ધરાવનારા ચતુર અને ડાહ્યા લોકોની નીમણુંક કરવી જોઇએ

* * *

બંધુઓ, કેળવણીની બાબતમાં આપણે કેટલુંએક કાર્ય કરીએ છીએ. ધાર્મિક હરિફાઇની પરીક્ષાઓ લેવાય છે, અને મહાવીર વિદ્યાલય જેવી સંસ્થાઓ હાલમાં જન્મ પામી છે. પણ જ્યાંસુધી આપણે દરેક જૈન વસ્તીવાળા ગામમાં પાઠશાળા એકજ પદ્ધતિથી ખોલી ન શકીએ અને દરેક મોટા જૈન વસ્તીવાળા ગામમાં જૈન હાઇસ્કુલો, ગુરૂકુલો આપણે ન ખોલી શકીએ ત્યાંસુધી, આપણી કેળવણીની ખામી તો દેખીતી રીતે કાયમજ રહેશે. આપણે જૈન વિશ્વવિદ્યાલય સ્થાપન કરવાની આકાંક્ષા રાખવી એ કાંઇ અશક્યપ્રાય વસ્તુ છેજ નહીં. આપણે આમ તો ધનાઢ્ય કોમ ગણાઇએ છીએ, અને લાખો રૂપીઆઓ અનેક ધાર્મિક કામોમાં ખરચી નાખીએ છીએ, પણ તે ધનને ઉત્પાદક અને કાર્યસાધક માર્ગે ખરચવાનું આપણે મનમાં લાવીએ તો કેટલું સારૂં? આપણે વેપારી છીએ, અને એટલા માટેજ આપણે આપણા દ્રવ્યનો વધારેમાં વધારે બદલો મળ્યો કે કેમ તે જોવાનું આપણું કર્તવ્ય છે. સાત ક્ષેત્રમાં ધન ખરચવાનું શાસ્ત્રકાર કહે છે, પણ તેમાં પણ વિશેષ કરી જે ક્ષેત્ર નબળું પડી ગયું હોય તેવા ક્ષેત્રમાં આપણે નાણાનો ઉપયોગ નહીં કરતા અન્ય ક્ષેત્રોમાં નાણાનો ઉપયોગ કરીયે છીએ, એ હાલની પરિસ્થિતિ જોતાં અત્યંત ખેદજનક છે. અવળો પ્રવાહ ફેરવી સવળો પ્રવાહ કરવાથી આપણે જે નાણાં ખરચીયે છીએ, તેનો વધારેમાં વધારે લાભ આપણે લઇ શકીએ તેમ છે. માટે આ તરફ અમારા ધનાઢ્ય લોકોનું લક્ષ જશે એવી અમોને આશા છે.

* * *

### જૈનોની ગરીબાઇ

જો આપણે ઘણોજ ઓછો વિચાર કરીએ છીએ. કેટલાક શ્રીમાન બંધુઓ તરફ નિહાળી આપણે ગરીબાઇની ઉપેક્ષા કરી મુકીએ છીએ, એ ચલાવી લેવા યોગ્ય છે શું? જે કુટુંબો ખાઇ પી સુખી ગણાતાં હતાં તેઓ હાલમાં ચીંથરેહાલ થયા છે. જેઓ મોટા જમીનદાર ગણાતા હતા તેઓ ઘરબાર વગરના થઇ ગયા છે. વેપાર પડી ભાંગ્યો છે. ઉપરસે તો ખુબ બની અંદરકી રામ જાણે એવી દશા થઇ ગઇ છે. શ્રીમંતોની સંખ્યા દીવસે દીવસે ઘટતી જાય છે, તેનો આપણે વિચાર કરીશું નહિ શું? કેળવણીના અભાવે અન્યધર્મિઓ, ગુજરાતી અને મારવાડીઓ તરફ હમેશા તિરસ્કારની નજરથી જોતાં આવેલા છે અને જૈનોનો જો કોઇ કારણથી ઉત્કર્ષ જણાય છે તો તેઓ, તે તોડી પાડવા પ્રયત્ન કરે છે. માટે અમારે સમાજ તરીકે જીવવું હોય તો સંગઠન અને વ્યવહારિક કેળવણીનો ખુબ પ્રચાર કરવો જોઇએ.

* * *

રાષ્ટ્રીય આકાંક્ષા અને હિન્દમાતાને મુક્ત કરવા માટે જે જે હીલચાલો દેશભરમાં ચાલતી હોય તેના સૂરમાં આપણો સૂર મેળવી, દેશના ઉદ્ધારના મહાન કાર્યમાં આપણે સામેલ થવું જોઇએ. આપણી સંઘટના, શુદ્ધિ અને પુષ્ટિ કરવી એનો મુખ્ય હેતુ આપણો પોતાનો ઉપયોગ આપણો દેશ, આપણો ધર્મ અને આપણો સમાજ એ બધાને થવો જોઇએ. આપણા સમાજની ઉન્નતિ કેવળ દેશની ઉન્નતિને આશ્રિત થઇને રહેલી છે. દેશના કલ્યાણમાં આપણા સમાજનું પણ કલ્યાણ છે. આપણે ધર્મસાધન કરવા માટે શાંતતા જોઇએ, તો આપણે મહાન દેશભક્તોના પગલે ચાલી દેશહિતના દરેક કાર્યમાં સહાયભૂત થવું જોઇએ. અમોને મોટી આશા છે કે કોન્ગ્રેસ જેવી મહાસભામાં જૈનોનું તેજ પડે તેવા દેશોદ્ધારક વીરનરો પેદા થવા જોઇએ. આપણે જો દેશદ્રોહી અને ખુશામતીઆ પેદા કરીશું તો આપણું અસ્તિત્વ નકામુંજ છે. આપણે હિન્દુઓ સાથે મળી જઇ દરેક રાજકીય, સામાજીક, ઔદ્યોગિક અને ધાર્મિક આકાંક્ષાઓમાં સહભાગી થવું જોઇએ, તેમાંજ આપણો અને આપણા દેશનો ઉદ્ધાર છે. હિન્દમાતાના બંધનો દુર થઇ તેને સ્વાતંત્ર્યનો લાભ થાય એવી આકાંક્ષા આપણે રાખવી જોઇએ.

* * *

મરણ પાછળ રોવું, કુટવું અને જમણવાર કરવા, એ બદીનો તોડ પણ આપણે યુવક વર્ગના હાથમાં સોંપી દેવા યોગ્ય જણાય છે. ગુજરાતમાં લોહીનાં આંસુનાં નામથી જે પિકેટીંગની હીલચાલ ચાલે છે તે યથાયોગ્યજ છે. અમારા કેટલાએક શોખીન બંધુઓ, સ્ત્રીપુરૂષ, બાળક, બુઢ્ઢા અને યુવાન બાળવિધવાઓ આગળ વેશ્યાના નાચ અને ગાયનો કરાવવામાં શરમાતા નથી. તેવા બન્ધુઓને પણ હવે સારી શીખામણ મળવી જોઇએ.

આપણા તિર્થના ઝગડાઓ, દિગમ્બરી બન્ધુઓ સાથે ચાલતાં કંકાસ, આપણે ખાનગી લવાદી મારફતે દુર કરવા જોઇએ. ધર્મના નામે ઝગડાઓ પોષવાના દીવસો હવે વહી ગયા છે, માટે ક્લેશ અને ઝગડાઓ ઓછાં કરવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. નવા મંદિરો બંધાવવા કરતાં તો જુના પ્રાચીન તિર્થોનો ઉદ્ધાર કરવા તરફ આપણે વધારે લક્ષ આપવું જોઇએ.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

## પ્રમુખ: રાવસાહેબ શેઠ રવજી શોજપાલનું

# ભાષણ.

[આખું ભાષણ સુંદર છે. સ્થળસંકોચને લઈ ઉપયોગી ફકરાઓ આપ્યા છે.]

જે જિનદેવનું પૂજન હું મંગળાચરણરૂપે હમણાં કરી ગયો તે જિનદેવનું વાસ્તવિક પૂજન તો કાર્યરૂપે અને આપ સર્વના સહકારથી હજી હવે કરવાનું છે. કેવાં કાર્યો કરવાથી શ્રી જિનદેવનું વાસ્તવિક પૂજન થયું ગણાય એ તો મંગળાચરણમાં આચાર્યશ્રીએજ સૂચવી દીધું છે. ત્રણે લોકના જીવોની પીડા હરવી અને જીવન-મૃત્યુને લગતા વિકટ પ્રશ્નોની ગુંચ ઉકેલી જનતાના જીવનને ભયરહિત-કલેશરહિત કરી આપવું એ શ્રી જિનદેવનું પરમ ધ્યેય છે, કે જે ધ્યેયની સફળતા માટે આપણે તેમના ભક્તો, તેમનાં અંગોપાંગ અને શાખા તરીકે યોજાયા છીએ. જૈન સમાજ તરીકેનું આપણું મિશન જેટલું પવિત્ર છે તેટલીજ મહાન્ આપણી 'જૈન' તરીકેની **જોખમદારી છે.** એ મહાન્ જોખમદારી સંપૂર્ણપણે અદા કરવાનું ત્યારેજ બની શકે કે જ્યારે શ્રી જિનદેવનાં વાહનરૂપ **જૈનસમાજ પોતે ઐશ્વર્યવાન્ અને એકરૂપ હોય.** સમાજને એવો બનાવવા માટેજ આજથી ૨૮ વર્ષપર સંગઠન રચવામાં આવ્યું હતું અને એને 'જૈન કોન્ફરન્સ' એવું નામ આપવામાં આવ્યું હતું. એ કોન્ફરન્સનું આજે તેરમું અધિવેશન છે. આ અધિવેશનમાં ભાગ લેવા દૂર દૂરથી પધારેલા બન્ધુઓ અને બ્હેનોનાં દર્શનથી મ્હને વીતરાગ દેવનાં દર્શન જેવો આનંદ થાય છે. જૈન સમાજને ઐશ્વર્યવાન અને એકરૂપ બનાવવાના વ્યવહારૂ ઉપાયો શોધવાના આપના કાર્યમાં **માર્ગદર્શક અને નિયામક તરીકે** મ્હારી નીમણુંક કરીને આપે મ્હારા પરનો આપનો વિશ્વાસ પ્રદર્શિત કરી મ્હને આપનો ઋણી બનાવ્યો છે. એ વિશ્વાસને સફળ બનાવવાની મ્હારી જોખમદારીપર મ્હેં શાન્ત વિચાર કર્યો છે. આપની જોખમદારી અને કર્તવ્યપર આગ્રહ ઉપર પહેલો બોલવા **પહેલાં મ્હારે મ્હારી જોખમદારી સમ્પૂર્ણપણે વિચારવી અને જાહેર કરવી** એને મ્હારૂં પ્રથમ અને પ્રમાણિક કર્તવ્ય માનું છું.

* * *

હું કબુલ કરીશ, મહાશયો! કે મ્હારા જેવા અદના વ્યાપારી માટે આ જોખમદારીનો બોજો અસાધારણ છે, અને જો કે હું એક વ્યાપારીને સ્વાભાવિક એવી 'સાદી સમજ,' સહિષ્ણુતા તથા શાન્ત ઉત્સાહ વડે એ બોજો ઉપાડવા પ્રયત્ન કરીશ, તોપણ પૂર્ણ સફળતા માટે તો મ્હેં આપ સર્વની– **વૃદ્ધો તેમજ યુવાનોની–'સાદી સમજ' અને સહૃદય સહકાર પરજ મદાર બાંધ્યો છે.**

એને શત્રુનાં અને પોતાનાં **સાધનોનું ભાન** હતું, અનુકુળ પ્રસંગ મળતાં સુધી થોભી જવાની એનામાં ધીરજ હતી, પ્રસંગ મળતાં સંગઠિત બળથી અને વજ્રની ઇચ્છાશક્તિથી હુમલો કરવાની તે કુનેહ ધરાવતો હતો, દેશીઓ કે તટસ્થો કે નિર્દોષો કે નબળાઓને પ્રજા ન થવા પામે એવી દયા તેનામાં હતી, અને મહાન સંકટોને પરિણામે મળતા જય **ગુરૂચરણમાં અર્પણ કરવા જેવી ત્યાગવૃત્તિ તથા ભક્તિ** તે ધરાવતો હતો. સાચી વીરતા, સાચી માણસાઇ એનું નામ કહેવાય. એ ગુણો અથવા સંસ્કારો વગર કોઇ વ્યક્તિ કે સમાજ કે દેશનો વિકાસ કે મુક્તિ સંભવે નહિ. **આપણે હમણાં આદરેલા કાર્યની સફળતા માટે પણ એ ગુણોની આરાધના આવશ્યક છે.** શીવાજીના શત્રુઓ શરીરબળમાં કાંઇ ઓછા નહોતા, પણ ચારિત્રબળ અર્થાત્ આધ્યાત્મિક બળમાં ઉતરતા હતા. નરા શરીરબળ અથવા પાશવબળને ચારિત્રબળના અંકુશમાં મુકવું એ આર્ય પ્રજાનો સનાતન પુરૂષાર્થ છે, અને શીવાજી મહારાજ એ 'પુરૂષાર્થ'ના સાચા પ્રતિનિધિ હતા. એવા પુરૂષની જન્મભૂમિમાં આ સમ્મેલન ભરવાના પ્રયત્નમાં ફતેહમંદ થવા માટે આપને અભિનંદન આપ્યા શિવાય મ્હારાથી રહેવાયજ કેમ?

* * *

એ નવીન પરિસ્થિતિમાં આપણે પહેલીવારજ એકઠા મળીએ છીએ. 'જીવતા વાતાવરણ'ને ભેટવાની પહેલી તક મેળવવા માટે હું આપ સર્વને મુબારકબાદી આપું છું. વિવિધ અભિપ્રાયો અને વિવિધ બળોની અત્રે હાજરી હોવી એ આપણા વિકાસનો ચોક્કસ પુરાવો છે. અને એ વિકાસક્રમમાં આગળ વધવા માટે આપણે એ **વિવિધતાઓમાંથીજ એકતા રચીશું.** જ્યાંસુધી આપણા પૈકીના ઘણાખરાના ઇરાદા પ્રમાણિક હશે, ધ્યેય ચોક્કસ હશે, અને **હૃદય** એક હશે, ત્યાંસુધી અભિપ્રાયભિન્નતાનો ભય રાખવાની લેશમાત્ર જરૂર નથી. એથી ઊલટું, જ્યાં તમામ મનુષ્યો એકજ અભિપ્રાય ધરાવવાનો દેખાવ કરે છે ત્યાં કાં તો દંભ છે, કાં ભય છે, કાં પ્રમાદ છે, કાં અજ્ઞાનતા છે. પોતપોતાના અનુભવ પ્રમાણે માણસ પોતાનો અભિપ્રાય ધરાવે અને એમજ જાહેર કરે, એજ **પ્રમાણિકતા** છે. કોઇના ચુલામા ફુંકે એ ભાગ્યેજ મનુષ્ય કહેવાય. એક સભામાં જુદા જુદા પ્રમાણિક અભિપ્રાય ધરાવનારાઓની હાજરીથી એક વિષય જુદા જુદા દૃષ્ટિબિન્દુઓથી વિચારી શકાય છે અને **ઘણુંમાં ઘણુ કાર્યસાધક માર્ગ** નક્કી કરી શકાય છે. તાત્પર્ય કે વ્યક્તિગત પ્રમાણિક અભિપ્રાય એ તો સમાજની **જરૂરીઆત** છે. પણ તે સાથેજ, એ પણ સમાજની જરૂરીઆત છે કે સામાજીક **કાર્યના** નિર્ણય વખતે વ્યક્તિએ બહુમતનું મહત્વ સ્વીકારી પોતાનાજ વિચારનો અમલ કરવાની સમાજને ફરજ પાડવાના મોહથી બચવું જોઇએ. જો દરેક વ્યક્તિ એમજ આગ્રહ કરે કે સમાજે તેનાજ વિચારનો અમલ કરવો જોઇએ, તો સમાજનું કાર્યજ અશક્ય થઇ પડે. ગમેતેવો સારો વિચાર પણ કોઇપર–અને ખાસ કરીને વિરૂદ્ધ મત ધરાવતા હજારો માણસોપર–બળાત્કારથી ઠોકી બેસાડવાનું શક્ય નથી,–**સહીસલામત** પણ નથી. જે શક્ય છે, સહીસલામત છે અને પ્રમાણિક છે તે એટલુંજ કે પોતાનો અભિપ્રાય બીજાઓને બંધુભાવે સમજાવવાનો દરેક પ્રયાસ કર્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકાર માટે તેઓને સ્વતંત્ર રહેવા દેવા. પોતાના હૃદયનો અવાજ બીજાના હૃદયમાં ઉતારવાની બનતી તમામ કોશીષ ન કરવી એ ચારિત્રબળની

ખામી સૂચવે છે, અને પોતાનો વિચાર ન સ્વીકારી શકે તેઓપર અલીચ વાક્પ્રહાર કરશે કે હાથ ઉપાડશે એ પશુનું લક્ષણ છે.

* * *

મ્હારા તરફથી હું આરંભમાં જ જાણાવી આપું છું કે મ્હારા અંગત અભિપ્રાય ગમે તે હશે છતાં ઠરાવો કરવાના તમારા પ્રમાણિક પ્રયાસમાં મ્હારા અભિપ્રાયોને ડખલગીરી કરવા નહીં જ દઉં. તે સાથે એ પણ એકરાર પ્રગટ કરવાની મ્હારી ફરજ છે કે કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓ—પછી તે સુધારક હો વા પુરાણપ્રેમી હો, ગમે તે હો—સભાના સર્વમાન્ય નિયમોનો ઇરાદાપૂર્વક ભંગ કરવા કોશીષ કરશે તો તેવે વખતે તેવી થોડી વ્યક્તિઓની ક્ષણભરની લાગણીઓ તરફ નહિ પણ કોન્ફરન્સનાં ભૂષણ તથા સમાજના હિત તરફ વધુ ઝુકીશ. મ્હને કોઇ પક્ષ તરફની વાહવાહ જોઇતી નથી, કારણ કે જ્યાં એકપક્ષ તરફની વાહવાહ છે ત્યાં બીજા પક્ષ તરફની નિંદા પણ સાથે જ છે. પ્રમુખ એ સમાજનો 'દાસ' છે, પણ દાસ છે તેથી જ સમાજનું ઘર બાળવાની જોખમદારી ભૂલવી એને પાલવી શકે નહિ. તમારો નોકર તમારા મ્હોટા પુત્ર તેમજ ન્હાના પુત્ર બન્નેની ભક્તિ કરતો હશે. પરન્તુ જો એજ બે પુત્રોમાંનો એક તમારા ઘરને આગ લગાડવાની કોશીષ કરતો જોવામાં આવશે તો તેવે વખતે તે નોકર ત્હેના સામે હાથ જોડી પૂતળાં માફક ઉભો રહેશે કે ત્હેના હાથમાંથી જબરજસ્તીથી આગની સામગ્રી છીનવી લેશે ?

* * *

હું માંગી લઉં છું કે, વાજબી કે ગેરવાજબી રીતે પોતે માનેલા નેતાની એકહથ્થુ સત્તા સમાજપર ઠોકી બેસાડવાનો પાઠ ગોખીને કોઇ આવ્યું હોય તો એ પાઠને મંડપની બહાર કાઢી આવ્યા પછી જ પવિત્ર વીતરાગ દેવના મિશનરૂપ આ યજ્ઞમાં જોડાય.

* * *

આત્મબંધુઓ ! આપણને નેતાઓ અને સમાજ સેવકોની—કપ્તાનો તેમજ સીપાઇઓની બન્નેની જરૂર છે, ઘણી મ્હોટી જરૂર છે. જોખમદારીનો મહાન ડુંગર ઉઠાવનાર કપ્તાનો મેળવવા એ તો મ્હોટું સદ્‌ભાગ્ય છે, પણ કપ્તાનની આજ્ઞાને વફાદાર રહી સીપાઇગિરિ આંગોપાંગ ઉઠાવનારા સીપાઇઓ મેળવવા એય બહુ મુશ્કેલ થઇ પડ્યું છે. **સીપાઇગીરી એ કાંઇ હલકાગીરી નથી.** સીપાઇગીરીના પાયામાં સમાજપ્રેમ, કાનુન, એને વ્યવસ્થા તરફ શ્રદ્ધા અને આજ્ઞાપાલનમાં મરી ખુટવાની તાલાવેલી: એ તત્ત્વો અવશ્ય જોઇએ.

* * *

નર્સિંગ અથવા બીમારની યથાયોગ્ય માવજત, શાસ્ત્રીય પદ્ધતિથી બાળ ઉછેર, સ્ત્રીવર્ગને જરૂરી શિક્ષણ આપવાનું કામ, ગામોગામ ફરી સ્ત્રીવર્ગમાં સ્વમાન અને સંસ્કાર પ્રેરવાનું કામ: આ કામો કરતાં વધુ પવિત્ર અને વધુ ઉપયોગી કાર્ય હું શોધી શકતો નથી. વિદ્યમાન વિધવાઓને આ કામ માટે તૈયાર કરવાનું સુવ્યવસ્થિત ખાતું ખોલવામાં શા માટે વિલંબ થવો જોઇએ ? જે અકુદરતી કારણોથી એટલે કે આપણી મુર્ખાઇના કારણથી હજારો સ્ત્રીઓને વિધવાસ્થિતિ પ્રાપ્ત થાય છે તેવાં કારણોને—બાળલગ્ન, વૃદ્ધલગ્ન ઇત્યાદિને આપણા દરેકના ઘરમાંથી સર્વથા બહિષ્કાર કરીને અને આપણા લાગતાવળગતાઓ પર આપણું નૈતિક દબાણ ચલાવીને શા માટે આપણે આ પ્રાથમિક સુધારો એક જ વર્ષમાં ન કરી શકીએ ?

* * *

સમાજ શું છે ? પોતાની રક્ષા અને પ્રગતિની ગરજથી પોતા જેવી ગરજવાળા બીજાઓને એકઠા મેળવી કરાયલું સંગઠન. એવું સત્ર હોય, એક બીજા માટે લાગણી અને એક બીજાને સહાય. જે સમાજ 'જીવતો' હશે તેમાં 'હુંફ' અને 'સહાય'ના તત્ત્વો હશે જ. જે સમાજમાં તે તત્ત્વોની ગેરહાજરી હશે અને માત્ર શિકાર ખેલવાનીજ વૃત્તિ રાજ કરતી હશે તે સમાજમાં કોઇ સાચો પુરાણપ્રેમી કે સાચો સુધારક રહી શકશેજ નહિ. એવા સમાજમાં જેઓ પોતાને પુરાણપ્રેમી તરીકે ઓળખાવતા હશે તેઓ મુડદાં હશે અને જેઓ પોતાને સુધારક તરીકે ઓળખાવતા હશે તેઓ બગભકતો હશે. આટલું જેઓ બરાબર સમજી શકશે તેઓ તો સમાજમાં હુંફ અને સહાયનાં તત્ત્વો દાખલ કરવાનું કદાપી ચુકશે નહિ. તેઓ વગર વિલંબે સમસ્ત જૈનો વચ્ચે લગ્ન વ્યવહારમાં અંતરાયરૂપ પ્રાંતભેદ અને જાતિભેદને તિલાંજલિ આપશે, લોકોને છુપવામાં અકુદરતી આડખીલ કરનાર રિવાજોને નાબુદ કરશે, ખરી લાગતથી મહેનત કરી ઉદરનિર્વાહ કરવાના પ્રયત્ન છતાં અસહ્ય લાચારીમાં આવી પડતા જાતિભાઇઓને ગુપ્ત રીતે ટેકો કરીને પગભર કરવામાં પોતાનુંજ ગૌરવ અને પોતાનો જ આનંદ માનશે, કેળવણીનો પ્રચાર સ્ત્રી–પુરૂષ બન્ને વર્ગમાં અને દરેક પ્રાંતમાં ઉત્સાહથી કરવાની યોજના અને સાધન ઉભાં કરશે, અને વિધવા વર્ગમાંથી નર્સો, સ્ત્રી શિક્ષિકા, સ્ત્રી ડાકટરો અને ઉપદેશીકાઓ ઉત્પન્ન કરનારૂં સુવ્યવસ્થિત ખાતું ખોલવાની પેરવી કરશે. આ કામોમાં કોઇ પ્રમાણિક જૈનનો વિરોધ ન હોય

* * *

## દીક્ષા.

વીરપુત્રો ! હું તમારી પાસે હજાર મુદ્દાનો નિબંધ વાંચવા ખુશી નથી. હું ફકત અકળામણ ફેલાવાનારા—તંગ વાતાવરણને—સ્પર્શવા માગું છું. આજના 'બળતા પ્રશ્નો'થી છળીને દૂર ભાગવા કરતાં, એમને ટાળવા કરતાં, એમની ઉપેક્ષા કરવા કરતાં, એમની હયાતી અને એમનું મહત્ત્વ સ્વીકારી મ્હારા વકતવ્યમાં એમને પ્રધાનપદ આપવામાંજ પ્રમાણિકતા માનું છું. કુદરતના નિયમો અનુસાર ઉપચાર કરનાર કોઇ તબીબને પુછો કે કોઇ બિમાર પોતાના શરીર પર નીકળેલ ગુમડાને નાબુદ કરનારી દવા માંગશે તો તે શું કહેશે ? તે કહેશે: ભાઇ ! ગુમડું તો તમારા લોહીમાં થયેલા વિકારની જાહેરખબર છે. એ ગુમડાને મલમપટ્ટીથી નાબુદ કરવાથી કાંઇ લોહીનો વિકાર દૂર થવાનો નથી. એ ગુમડાં ન ફુટી નીકળ્યાં હોત તો અંદર કાંઇ બગડ્યું છે તે વાતજ જાણવામાં ન આવી શકી હોત. અંદરનો બીગાડો દૂર કરવામાં આવશે એટલે એની જાહેરાત રૂપ ગુમડાંની શરીરને જરૂરજ ન રહેવાથી તે આપોઆપ અદૃશ્ય થશે. **દીક્ષાનો ઝગડો એવી જાહેરખબર માત્ર છે. અને, જાહેરખબર કુદરતની જરૂરીઆત છે.** એ ઝગડો દાબી દેવો શકય હોય તો પણ ઇષ્ટ નથી. તાવને અટકાવવા આપણું

કુનીનાઇન શરીરમાં ઉલટી બીજી વિકૃતિ કરશે. ટાઇફોઇડ જેવા ભયંકર તાવમાં કંઇજ ઔષધ ન અપાય એવો નિશ્ચય હવે વૈદ્યક શાસ્ત્ર પોતે જાહેર કરવા લાગ્યું છે! ઉગ્ર રૂપે ફાટી નીકળેલો દીક્ષાનો ઝગડો જાહેરખબર કરે છે કે લાંબા વખતથી સમાજશરીરમાં વિકાર થવા લાગ્યો હતો પણ તેને થાગડથીગડથી ઢાંકી રાખવાની ભૂલ સેવવામાં આવવાથી તે રોગ હવે વધી પડયો છે અને બહાર ઉભરાઇ આવ્યો છે. માત્ર આપણાજ ધર્મના નહિ પણ દુનિયાભરના તમામ ધર્મોના ધર્મગુરૂઓ બાબતમાં કેટલીએ ગંભીર ફરિયાદો ચોક્કસપણે નજરે જોવામાં આવે છે અને તે પર ઢાંકપીછોડો કરવા ઉપરાંત કેટલાક સ્વાર્થીઓ ઉપરો બચાવ કરતાં રહ્યા છે. પરિણામે એ ક્ષેત્રમાં વિકાર જામતો જાય તો એમાં તાજુબ થવા જેવું શું છે? આખી દુનિયાની દયા ખાવા નીકળેલા, સર્વ જીવોને વીતરાગ માર્ગના રસીઆ બનાવવાનું મિશન લઇ બેઠેલા, ક્રોધ-માન-માયાનો જગતમાંથી બહિષ્કાર કરવાનો સતત ઉપદેશ કરનારા, અને માલીકી તથા મમત્વ ભાવનાના ત્યાગરૂપ દીક્ષા પામેલા સાધુવર્ગમાં પોતામાં એકબીજા પ્રત્યે ક્લેશ કે નિંદા જોઇ શકતા હોઇએ તો ગૃહસ્થવર્ગમાં પક્ષાપક્ષી, ગાળાગાળી અને મારામારી જોઇને આશ્ચર્ય કોણ પામશે? પાલીતાણાનું સંકટ આવી પડયું ત્યારે પણ સાધુવર્ગ પોતાનું સમ્મેલન ન કરી શકયો, એ શું આપણે નથી જોયું? આજે ચોતરફ જાહેર પ્રજામાં આપણી કોમની અને ધર્મની હાંસી થાય છે, તે છતાં એ હાંસી કરાવનાર કારણનો વિચાર કરવા પૂરતી ય સાધુપરિષદ ભરવાનું તેઓથી બન્યું નથી. ગૃહસ્થવર્ગની કોન્ફરન્સને સાધુવર્ગની કોઇ બાબતનો ઠરાવ કરવાનો હક્ક નથી એમ કહીને જ સંતોષ ન પકડતાં, તેઓ પોતાનું સમ્મેલન કરવાના ય અખાડા કરવાનો આગ્રહ કરે તો એનો અર્થ તો એ થવા પામે કે, સ્વચ્છંદનો જ નિશ્ચય છે. સાધુવર્ગમાં કંઇ સત્વ મોજુદ છે અને જો બધા સંઘાડાના સાધુવર્યોનું સમ્મેલન થાય તો **શાસ્ત્રો, સમાચારીઓ અને પોતાની વિવેકબુદ્ધિ, એ** ત્રણેની મદદથી તેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવના ઉપયોગપૂર્વક નિયમો કર્યા વગર ન જ રહી શકે. એવું નહિ થાય તો, જેમ એક પક્ષને પોતાની મરજી મુજબ વર્તવાની છુટ છે તેમ બીજો પણ પોતાની મરજી મુજબ વર્તો જ કરશે, એને અટકાવી કોણ શકશે? વસ્તુસ્થિતિ જ્યારે અસહ્ય બનશે ત્યારે કાં તો આ કોન્ફરન્સને હસ્તક્ષેપની ફરજ પડશે કાં તો યુવાન વર્ગ નિરંકુશ બનશે, કાં તો આત્માર્થી સાધુઓ અને એવા શ્રાવકો સમાજથી અલગ થવાનું પસંદ કરશે. ત્રાસની અવધિ થાય ત્યારે રાજ્યક્રાન્તિ થાય છે, એ વાત રખે કોઇ ભૂલે. જોહુકમીની માત્રા વધી પડે ત્યારે નબળી પ્રજા પણ સંગઠન શીખે એ પણ કોઇ રખે ભૂલે. લોકોમાં ધર્મપ્રેમ જગાડી શાન્તિ, પ્રગતિ અને સંગઠન સ્થાપવાને બદલે ધર્મઝનુનના હથીઆર વડે સમાજનું સત્યાનાશ કરનારા જે કોઇ હોય તે બધાએ દેશરિપુ ગણાશે અને હિંદના પુનરૂત્થાન કાળમાં એમની શી દશા થશે, એ કહેવા કોઇ ભવિષ્યવેત્તાની જરૂર ભાગ્યે જ પડે. જરા જુલ્મ કરો, લોકોને અસહ્ય સ્થિતિમાં આવવા દો, પોતા સિવાય કોઇ પોતાને બચાવી શકતું નથી એવું ભાન ઉગવા દો, પછી 'પરગજુ'ઓની સ્થિતિ જોજો.

દીક્ષાનો પ્રશ્ન શું ખરેખર મહાન વિકટ છે કે જેથી એને માટે આટઆટલી લાંબી દલીલોની બન્ને પક્ષને જરૂર પડે? અજ્ઞાન જનતાની બુદ્ધિને ચક્કરમાં નાખવાની દાનત ન હોય તો, આ પ્રશ્નને અંગે ઝગડો જાગવા જેવું કાંઇ છે જ નહિ. સત્તાએ ધ્યાનમાં રાખવું જોઇએ કે કોઇ ઝગડાજ થવા ન પામે અને સાધુ કે શ્રાવક કોઇ આપખુદ થવા જ ન પામે એવી કાળજી શાસ્ત્રકારોમાં અવશ્ય હતી, કારણ કે તેઓ મનુષ્યપ્રકૃતિ બરાબર જાણતા હતા. એમણે જ ફરમાવ્યું હતું કે, સાધુમાત્રે નિરંતર ભ્રમણ કરવું અને કોઇ સ્થળ કે વ્યક્તિ સાથે 'સંબંધ' જોડવો નહિ. એમણેજ ફરમાવ્યું હતું કે, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ચારે શ્રી'સંઘ'નાં અંગ માત્ર ગણાશે અને ચારેને 'સંઘ'ની આજ્ઞામાં રહેવું જોઇશે. એમણે જ વળી ફરમાવ્યું હતું કે, વિદ્યા, પાંડિત્ય અને બુદ્ધિ કરતાં પવિત્રતાનું સ્થાન ઉંચું ગણાશે. લોકો આટલું જ બરાબર શિખે અને એ શાસ્ત્રફરમાનોનો અમલ કરવા-કરાવવા કટિબદ્ધ થાય, તો દીક્ષાપ્રશ્ન અને એવા બીજા બારસો પ્રશ્ન આપોઆપ શાન્ત થઇ જાય અને કોન્ફરન્સને પોતાની શક્તિઓનો ઉપયોગ સૃજનાત્મક કાર્યમાં જ કરવાની સરળતા થાય.

એક વાત સહુએ યાદ રાખવાની જરૂર છે. રાજકાજ અને વ્યાપાર પ્રવૃત્તિથી ધર્મ પ્રવૃત્તિ જુદી ચીજ છે. ધર્મ પ્રવૃત્તિમાં જુઠા આરોપો, પેચ, કાનુની જાળ, શરમાશરમી મુદ્દલ ન જોઇએ. જીવનનાં અન્ય ક્ષેત્રોમાં ધર્મ પ્રવાહ વહેવડાવીને ત્યાંની અપવિત્રતા ધોઇ નાખવાની અને એ ક્ષેત્રોને ઉન્નત બનાવવાની ફરજ જે ધર્મને માથે છે, તે ધર્મને નામે તે જ ધર્મના ક્ષેત્રમાં વક્રતાની બરદાસ ન જ થઇ શકે. જૈનો અને અન્ય ધર્મિઓ જ્યારે આ વાતની કાળજી કરતા થશે ત્યારે ધર્મનો વિજયધ્વજ સઘળાં ક્ષેત્રે ફરકશે અને માનવજાતિનું જીવન દૈવી બનવા લાગશે.

* * *

હમણાં હમણાં પ્રજાકીય લડતમાં કોમી તત્વનો પ્રવેશ થવા લાગ્યો છે; એ ખરેખર અફસોસજનક છે. એક જૈન તરીકે હું તો એમજ કહું કે હું પ્રારંભમાં, મધ્યમાં તેમજ અંતે 'જૈન'જ છું, અને જૈન છું માટેજ વ્યક્તિ કરતાં કોમી હિતને અને કોમી હિત કરતાં દેશહિતને પ્રાધાન્ય આપવાની દ્રષ્ટિએજ હરેક નિર્ણય કરૂં. ન્હાની કોમોનાં હિતની દરકાર કરવાનો દેખાવ કરીને, હમણાં હમણાં કેટલાક રાજદ્વારીઓ સમસ્ત પ્રજાના પ્રેમભાવને ચુંથી નાખવાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે, એમાં કોઇએ ફસાવું જોઇતું નથી. આપણે સરકારને તેમજ દેશને જાહેર કરીશું કે અમારી કોન્ફરન્સની મોખરેવાળા શબ્દનેજ કોમના અવાજ તરીકે માનવો.

* * *

પારસી કોમની માફક આપણી કોમ પણ સખાવતો માટે મશહુર છે. પણ સખાવતોની વ્યવસ્થામાં તે કોમ કરતાં આપણી કોમ ઉતરતી છે, અને તે છતાં પારસી કોમના દુરંદેશ નેતાઓ એમની વ્યવસ્થાને પણ ઘણીજ ખામીવાળી કહી પોકાર ઉઠાવે છે, જ્યારે આપણે વધુ ખામીવાળી આપણી વ્યવસ્થા સામે અક્ષર વદીક કોઇ બોલી ન શકે એમ ઇચ્છીએ છીએ. આથી લાખો રૂપિયાનો દુર્વ્યય થવા પામે અને ઘણે ભાગે ઉપયોગી કામો રખડી પડે એ સ્વાભાવિક છે. હું તો

એમજ ઇચ્છું કે સઘળી સખાવતો અને ધર્માદાઓ એકજ વગવાળી સુવ્યવસ્થિત કમિટિને રાજીખુશીથી સોંપવામાં આવે અને વધુમાં વધુ કાર્યસાધક રીતે તેનો ઉપયોગ થાય એવી યોજના કરવામાં આવે.

વિવિધ મંદિરો પાસે ફાજલ રહેતી મ્હોટી રકમો અને તે નિમિત્તે થતી ચાલુ આવકના ઉપયોગ સંબંધમાં કેટલાક વિવેકને સ્થાન છે. એક મંદિરની ફાજલ રકમ બીજાં મંદિરોની મરામતમાં ખર્ચવાની આનાકાની કરવામાં આપણે શુભ નીતિનો ભંગ કરી બેસીએ. વળી પ્રત્યેક ગામના સંઘે, જો દેવદ્રવ્ય જરૂર પૂરતું હોય તો, હવે પછીથી થતી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો ઠરાવ કરવો વાજબીજ ગણાશે. એથી એ ભાગનાં નાણાંમાંથી સંઘની ઉન્નતિનું ઘણું કામ બની શકશે.

આપણી સુપ્રસિદ્ધ આણંદજી કલ્યાણજીની પેઢીના સંબંધમાં પણ વિચાર કરવો અસ્થાને નહિ ગણાય. આ પેઢી હસ્તક કેટલાંક તીર્થો અને બીજાં ખાતાંઓ છે. સઘળાં જૈન તીર્થો આ એકજ સંસ્થાની દેખરેખ તળે મૂકાય અને બાકી સઘળાં ખાતાં કોન્ફરન્સની દેખરેખ તળે મૂકાય એ વ્યવહારૂ થઇ પડશે. આ સંસ્થાઓનો મરતબો વધે અને લોકોનો સંપૂર્ણ વિશ્વાસ તે તરફ ખેંચાય એટલા માટે એ જરૂરનું છે કે, તેમણે હિસાબ અને કામકાજનો રિપોર્ટ દરસાલ બહારમાં મૂકવો, વહિવટદાર પ્રતિનિધિઓમાં વિવિધ પ્રાન્તોના સુપ્રતિષ્ઠિત નેતાઓને મેળવવા અને બંધારણ તથા વ્યવસ્થાપદ્ધતિનું અવારનવાર સંશોધન કરતા રહેવું. તીર્થોને લગતા અન્ય સંપ્રદાયો સાથે થતા મતભેદોનો સુલેહભરી રીતે પરભારો અંત લાવવાને ઉત્સુક રહેવું. પગારદાર કારભારીઓ, બની શકે ત્યાં સુધી, સ્વધર્મીઓમાંથીજ મેળવવા પ્રયત્ન કરવો.

* * *

એક વખત હિંદ સમૃદ્ધ દેશ હતો. એનો વ્યાપાર જગવિખ્યાત હતો. એ વખતે લગભગ તમામ ચીજો આ દેશમાંજ બનતી અને નિર્વાહ ખર્ચ આજથી ઘણોજ ઓછો હતો. આપણે જૈનો, વ્યાપારના રાજા હતા આ સર્વ પરિસ્થિતિઓમાં આપણાં દિલ સ્વાભાવિક રીતેજ ભરપૂર અને ઉદાર હતાં. આજે એ બધા સંયોગો પલટાઇ ગયા છે. વ્યાપાર આપણા હાથમાંથી મ્હોટે ભાગે સરી ગયો છે. સમસ્ત દેશના વ્યાપારીઓ ચિંતાતુર દિવસો પસાર કરે છે. સરકારે એક રૂપિયાના એક શીલિંગ ને છ પેન્સનો હુંડીઆમણનો ભાવ રાખ્યો, તેથી વ્યાપારીમાત્ર ખળભળી ઉઠયા છે. આપણા સરાફી ધંધાને પણ આજની સરકારી નીતિ ભયંકર થઇ પડી છે. આ બન્ને બાબતમાં સમસ્ત વ્યાપારી વર્ગ સાથે આપણો પણ અવાજ સામેલ છે. સરકારે જાહેર પ્રજાના અવાજને માન આપી, રાહત આપવીજ જોઇએ. આપણે માટે એ ગર્વનો વિષય છે કે, આપણામાંના એકે વડી ધારાસભામાં 'હાજી કોસ્ટલ બીલ' રજુ કરી આખા દેશના આર્થિક લાભની લડત ઉપાડી છે. આ જાહેર જુસ્સો પ્રશંસનીય છે, આપણો સમાજ તે બીલને સંપૂર્ણ અનુમોદન આપે છે અને ઇચ્છે છે કે, એ લડતને સંપૂર્ણ જય મળે.

સર્વત્ર વ્યાપી પડેલી આર્થિક બિમારી દુર કરવા સઘળા લોકોએ મળીને ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ છે. સ્વદેશી માલ વાપરવા તરફ લોકોએ વધું લક્ષ રાખવું જોઇએ છે. વેપાર પદ્ધતિમાં આજના જમાનાને બંધબેસતા ફેરફાર કરવા જોઇએ છે. દરેક બજારનાં એસોસીએશન કરી, પડતાના હાથ પકડવાની યોજના કરવી જોઇએ છે.

વેપારીઓને માટે એ પણ ઉચિત છે કે, તેઓ પોતપોતાની કોમના લાયક પુરૂષોને પોતાના ધંધામાં એક યા બીજા રૂપમાં જોડવા તરફ લક્ષ આપે. વેપારી તેમજ નોકરીઆત હરકોઇ પોતાની આવકનો અમુક હિસ્સો બેકારીના ભોગ થઇ પડેલા દેશબંધુઓને પગભર કરવામાં ખર્ચતા રહે એ પણ જરૂરનું છે.

* * *

સજ્જનો ! હું કહી ગયો તેમ કરવાં જેવાં અગત્યનાં કામો તો ઘણાંએ છે, પણ સંપ અને સેવાભાવ વગર એક પણ કાર્ય પાર પાડવું અશક્ય છે. ફક્ત સાધુઓજ એકસંપી કરે તો આખો સમાજ પુનર્જન્મ પામે. સાધુઓ, વિદ્વાનો, શ્રીમંતો અને સ્વયંસેવકો એ સર્વનો સહકાર હોય તો આખા દેશનું કલ્યાણ સાધી શકે. સ્વયંસેવકોનાં મંડળો હમણાં હમણાં થવા લાગ્યાં છે, તે ખુશી થવા જેવું છે. એમને હું એકજ મંત્ર આપવાની જરૂર જોઉં છું : 'સંયમ પૂર્વક અને સેવાના ધ્યેયને ચૂકાય નહિ એવી રીતે કામ કર્યે જાઓ.' શ્રીમંતોને અરજ કરીશ કે, દાન કરો તો જોડવાના કામમાં કરજો, તોડવાના નહિ. વિદ્વાનો અને સાધુઓ, એમની પાસેથી તો આપણે ઉદ્ધારની ચાવી મેળવવાની હોય, એમને ઇસારો પણ કરવો પડે એ તો દુઃખનો વિષય ગણાવો જોઇએ. સ્વર્ગસ્થ રાષ્ટ્ર-ભૂષણ લાલા લજપતરાય જેવી વ્યક્તિઓએ, જૈન સમાજથી અલગ થવાનું કેમ પસંદ કર્યું હશે એ પર ઉંડો વિચાર કરવાનું હું વિદ્વાનો અને સાધુઓનેજ સોંપીશ. ઉંડું મનન, વ્યાપક દ્રષ્ટિ, ઉદાર ભાવના અને જાહેર જુસ્સાનો જો તેઓ ખપ કરે તો જૈન સૂર્યનો ઉદય હમણાં થવા લાગે. ક્ષણિક અને તાત્કાલિક પ્રવૃત્તિઓનો મોહ છોડયા સિવાય કોઇ જાતની મહાન સિદ્ધિ સંભવતી નથી. શ્રી શાસનનાયક સર્વને સિદ્ધિની શક્તિ આપો !

---

## ગ્રાહકોને સુચના.

—(૦)—

**ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે.**

---

## :: લવાજમ ::

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

( અમારા ખાસ પ્રતિનિધિ તરફથી. )

તા૦ ૭ મીની રાત્રિના, શ્રી જૈન યુવક સંઘના સભ્યો અને સોસાયટીના સભ્યો સાથે ટ્રેન પુના જવા ઉપડી. બન્નેમાં પણ યુવાનોનો ઉત્સાહ તરી આવતો હતો. બન્ને વિરૂદ્ધ પાર્ટીના સભ્યો કોન્ફરન્સમાં ભાગ લેવા જતા જોઇ, પ્રથમ તો લાગ્યું કે, જેમ ટ્રેઇન એકત્ર કરે છે તેમ, કોન્ફરન્સમાં પણ સાથે મળી જૈન સમાજનો ઉદ્યોત કરશે, તેમ ઘડીભર દેખાયું. પુના સ્ટેશને ઉતરતાંજ યુવકો 'કોન્ફરન્સ ઘણું જીવો' ના પોકારો કરતા હતા. સોસાયટીના સભ્યો તેથી ખીજવાતા હતા. તપાસ કરતાં માલુમ પડ્યું કે, તે લોકો કોન્ફરન્સમાં રહીને સમાજના હિત માટે જતા ન હતા, પરંતુ પોતાનો કક્કો કોન્ફરન્સ ન ઘુંટે તો તોડી પાડવા–ભંગાણ પાડવાના હેતુથી જતા હતા. કદાચ તેમાં નિષ્ફળતા મળે તો છેવટે શાસનરસીકોની કોન્ફરન્સ સાં ભરવા જાય છે એમ જાણવામાં આવ્યું.

જુન્નેર પહોંચતાંજ વાતાવરણ ઉત્સાહમય દેખાતું હતું. અમારી ગાડી જુન્નેરમાં એક ઉતારા પાસે અટકી. ત્યાં ફક્ત સોસાયટીના મેમ્બરો હોય તેનેજ ઉતરવા આમંત્રણ મળ્યું. બીજાઓને આગળ વધવા જણાવ્યું. મને લાગ્યું કે સોસાયટી અત્રે પણ સ્થિતિચુસ્તતા બતાવે છે.

## સોસાયટી છિદ્રો શોધે છે.

ઉતારા સંબંધી, ન્હાવાના ઉના પાણીની સગવડ સંબંધી ચેડાં શોધ્યા. ધર્મના નામે બહારથી નિયમનના દંભ કરતા આ સ્થિતિચુસ્તોને કાર્યમાં કશું નિયમન નજ પાલવે; એટલે સ્થાનિક કાર્યવાહકોએ જમવા માટે ફી પાસની જે ગોઠવણ રાખી હતી તે પણ કેમ પાલવે. એટલા માટે પ્રથમ પાસ લઇ, જમવા જવામાંજ વાંધો લીધો. આગેવાનોએ ખાસ તેમના માટે જુદું કર્યું અને કોન્ફરન્સ મંડપમાં શેઠ બાલુભાઇ નાનચંદે 'જૈન પ્રવચન'ના અધિપતિ અને સોસાયટીના સભ્યોને વગર પાસે જમવા પધારવા વિનંતી કરી.

## દુધપાકને બદલે દાળ–ભાત–શાક.

બપોરના સર્વે મોડા પહોંચ્યા અને સાંજના જમવાની વહેલી સગવડ હોવાથી સવારના, બધા માટે દાળ, ભાત, શાકનું સાદું ભોજન લેવાની ગોઠવણ હતી. જુન્નેર સંઘને શું ખબર હોય કે શાસનરક્ષકનાનો બહારથી ડોળ બતાવતી આ ટોળીને દુધપાક વિના પસંદ પડે તેવું નથી. સ્વયંસેવકોનો ઉત્સાહ, ત્વરાથી સુંદર સેવા બજાવનાર મહારાષ્ટ્રીય ભાઇઓના અપૂર્વ આત્મભોગ તરફ નજર તે ક્યાંથી પહોંચે! આ ત્યાગીઓ (?) મોટે ભાગે બબડાટ કરી–પડતું મુકી ઉભા થયા.

બાદ પ્રમુખશ્રીનું ભાષણ જે પ્રથમથી મેળવી લીધેલ, તેમાંથી અમુક અમુક ભાગ કાઢી નાંખવા વાંધો દર્શાવ્યો. જવાબમાં બંધારણપૂર્વક કાર્ય કરવા સૂચન કર્યું, પરંતુ તેમાં તેઓ ફાવી શકે તેમ નહીં લાગવાથી, પ્રમુખશ્રીને નમાવવાની ધારણા ધૂળ મળી ગઇ.

## પહેલા દિવસની બેઠક.

લાંબા સમય પછી, શિવાજી મહારાજની જન્મભૂમિમાં જૈન સમાજને પ્રેરણા આપવા કોન્ફરન્સમાં દૂર દૂર દેશોથી ઉત્સાહભર્યા જૈનો જોઇને સર્વ કોઇનું હૃદય પ્રફુલ્લીત થતું હતું અને જૈનોનું ખરાબે ચડેલું નાવ તુરત સ્થિતિમાં પલટો લેશે અને પ્રગતિ માર્ગે આગળ ધપશે તેમ દેખાઇ આવતું હતું. મહારાષ્ટ્રીય આગેવાનોનો ઉત્સાહ તો અવર્ણનીયજ હતો.

મંગળાચરણથી શરૂઆત થઇ, વિદ્યાર્થીઓના સ્વાગત ગીત પછી બાળાઓએ જૈન ધર્મનો ધ્વજ ફરકાવવા લાક્ષણિક કરતું ગીત ગાયું હતું. આમંત્રણ પત્રિકા વાંચવામાં આવી. સ્વાગતાધ્યક્ષ શ્રી. ચુનીલાલ સરૂપચંદ રાજુરીકરે પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. વચ્ચે વચ્ચે તાળીઓના અવાજથી તે ભાષણ વધાવી લેવામાં આવતું હતું. ભાષણમાં ખાસ કરીને "મહારાષ્ટ્રીઓના અંતરંગમાં સ્વાતંત્ર્ય જ્યોતિ પ્રગટ છે, જૈનોમાં નવચેતન રેડવાનું માન મહારાષ્ટ્રનેજ મળશે, જરીપુરાણા થાંભલાઓના અશુભ સ્વર અને માર્ગમાં કાંટા પાથરવા જેવાં ભુંડા કાર્યની અમને ઉલટી મદદજ થયેલી છે? યુવક વર્ગની જાગૃતિ, પ્રેરણા, નવી શક્તિ, નવી ઉમેદ માટે ઉત્સાહ પ્રેરક વચનો, કોન્ફરન્સના કાર્યો–હાનિકારક રીવાજોમાં મ્હાલતાં ગાડરીયાંઓને વીણી વીણી ઓઢા પરથી દૂર કરવાની સલાહ, પ્રમુખોની ખાણ ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, પંજાબ કે બંગાળ કરતાં મહારાષ્ટ્રે કોન્ફરન્સને જીવન્ત રાખવાની ચાલુ રાખેલી પ્રવૃત્તિ, નબળાં પડેલા ક્ષેત્ર તરફ ઉપેક્ષાભાવ, બહારના ભયંકર આક્રમણ સામે સંગઠનની આવશ્યકતા, મુક્તિને માટે ચાલી રહેલ દેશભરની હીલચાલમાં સામેલ થવા પડકાર, તડાં, ગોળ, ભાગલાઓ જેવા કુત્રીમ ભેદો ફેંકી દેવા સૂચના, ઝુઠ્ઠા કાકાઓના, વરરાજા તરીકે ફજેતીના રાસડા ગવાય છે તે માટે બહુમાનંદનોને સલાહ, તિર્થના ઝગડા, જ્ઞાનભંડારોને વીસમી સદીનું અજવાળું જોવા દેવા, જૈન ધર્મ અને સમાજનું ગૌરવ વધે તેવી શાન્તિ રાખી મક્કમ પગે કાર્ય આગળ ધપાવવા, વીગેરે સલાહ આપતું ભાષણ સંભળાવ્યું હતું.

## શાસનપ્રેમીઓ રૂપી વાદળ ઘેરાયાં.

ઉપરોક્ત ભાષણ ચાલતું હતું તે દરમીયાન મંડપ બહાર ગડબડ વધી પડવાથી, આગેવાનોની દોડાદોડી દેખાતી હતી. ગડબડાટ શાંત કરવા શ્રી તિલકવિજયજીએ ઉત્સાહ-પ્રેરક ગાયન શરૂ કર્યું પરંતુ ગડબડ વધતી જતી હતી. સ્વાગતાધ્યક્ષ તપાસ કરવા ગયા હતા, તપાસ કરતાં જણાયું કે ધર્મિપક્ષોના આગેવાનો પોતાની સેનાને ટીકીટ વિના પણ દાખલ કરવા મથતા હતા. પોતે દાખલ થયા અને પાછળથી શાસનપ્રેમના ઇજારદારોએ ગેરકાયદેસર રીતે પરાણે બળથી દાખલ થવા એકસામટો ધસારો કર્યો, પરંતુ સ્વયંસેવકો એટલા બધા સાવચેત હતા કે, વ્યવસ્થા ભંગ ન થવા દીધો અને ટીકીટ વગર દાખલ થવાના પ્રયત્નો નિષ્ફળ ગયા, અને તે લોકોને દાખલ થવા નજ દીધા.

## નેતાઓના ભયંકર અપમાન.

કૉન્ફરન્સના પિતા શ્રી. ગુલાબચંદજી ઢઢ્ઢા સાહેબ, જેઓ વયોવૃદ્ધ અવસ્થાએ પણ કૉન્ફરન્સને જીવન્ત રાખવા તનતોડ મહેનત કરી રહ્યા છે; તેઓશ્રીને પણ ગબડી પડવાનો વખત આવ્યો. કૉન્ફરન્સના માનદ્ રેસીડન્ટ જનરલ સેક્રેટરી શ્રી રણછોડભાઈ રાયચંદનું અપમાન કરવા માટે તેમની પાઘડી ઉડાડી મુકી અને ગાળો ભાંડી આટલાથી સંતોષ ન થયો એટલે વધુ ખીજાઈને સ્વયંસેવકો પર અને મંડપ ઉપર પત્થરા ફેંકવામાં આવ્યા, જેને અંગે ચાર પાંચ સ્વયંસેવકોને ઇજા થઈ હતી.

આમંત્રણદાતાનું ખોદવાની તેમની રીત મુજબ જેમના ઘરે તેઓએ ઉતારો લીધેલ, જેમણે આટલા માણસોની ખાસ સગવડતા કરી તનતોડ સેવા અર્પી હતી, તેઓ સુલેહ માટે સમજાવવા જતાં, તે શેઠ દલપતભાઈને બેશુદ્ધ થયા ત્યાં સુધી માર્યાં. સ્વયંસેવકો ઝડપથી બચાવી તેમને મંડપમાં લાવ્યાં. બીજા આગેવાનો માંડમાંડ સખ્ત ઇજામાંથી બચી ગયા હતા છતાં ખડક જેવા મહારાષ્ટ્રીય સ્વયંસેવકસેના ડગી નહિં. અને શાસન પ્રેમીઓ તેમની નીચ નેમમાં અંતે ન ફાવ્યા.

## સ્ત્રી વર્ગના દરવાજા તરફ ધસારો

ખાસ કરીને મંડપના પાછળના ભાગ તરફ જ્યાં સ્ત્રી વર્ગ બેઠેલ હતો ત્યાંથી દાખલ થવામાં ફાવશું તેમ ધારી તે તરફ હુમલો લઈ ગયા. સેતાનીયતે હવે હદ છોડી સ્ત્રી વર્ગમાં ગભરાટ ફેલાયો, પરંતુ જોત જોતામાં મજબુત સ્વયંસેવકો હારબંધ આડા ગોઠવાઈ ગયા. એટલામાં તો હથીયાર બંધ પોલીસ આવી પહોંચી અને શાસન સેતાનોની તોફાની ટોળીની ધારણાં કાયમ માટે ધુળમાં મળી ગઈ, અને વીરગઢ અણનમ રહ્યો.

તોફાન દરમ્યાન હિંમત આપતા સ્વાગત સમિતિના પ્રમુખે કહ્યું હતું કે "જરાપણ ગભરાશો નહિ. મહારાષ્ટ્ર સર્વને પુરો પડવા તૈયાર છે. મહારાષ્ટ્રે પ્રથમથીજ વિચાર કરી સર્વ તૈયારી કરી રાખી છે. અમારામાં સંપૂર્ણ રક્ષણની શક્તિ છે એટલેજ તમોને આમંત્રણ આપ્યું છે. ધર્મના ઉઠાણામાં સાધર્મિ ભાઈઓપર બહારથી પત્થરા ફેંકાય છે, પરંતુ તમારા સંરક્ષણની વ્યવસ્થા અમોએ કરેલીજ છે."

આ વખતે યુવક વર્ગ તેમજ બીજા સ્વયંસેવક દળોએ પોતાની મદદ આપવા જણાવ્યું, પરંતુ તે સ્વીકારવા સ્વાગત પ્રમુખે ના પાડી હતી. અને વધુમાં જણાવ્યું કે "સર્વ વ્યવસ્થા થઈ ચુકી છે, ગભરાશો નહિં. કેટલાએક કૉન્ફરન્સ તોડવા પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ તેના ઉત્પાદક નેતાઓ આપણી વચ્ચે હાજર છે ત્યાં સુધી કૉન્ફરન્સ મરવાની નથી" (કૉન્ફરન્સ ઘણું જીવો'ના પોકારો).

આટલા તોફાની વાદળાં મંડપ બહાર ઘેરાયાં હતાં છતાં કૉન્ફરન્સનું કામકાજ શાંતિથી ચાલ્યા કર્યું હતું.

સ્વાગત પ્રમુખનું ભાષણ પુરૂં થતાં, **રાવસાહેબ રવજીભાઈ સોજપાળને** પ્રમુખ તરીકે ચુંટી કાઢવાની દરખાસ્ત, શેઠ બાલચંદ હીરાચંદે મુકી હતી.

દરખાસ્તના સમર્થનમાં જણાવ્યું હતું કે, આ ભૂમિમાં વીરસંતાનો જન્મ્યા છે. હિન્દુઓનું હિન્દુત્વ ટકાવી રાખનાર શિવાજી અહીંજ જન્મ્યા હતા, લોકમાન્ય તિલક જેવાં રત્નો અત્રે પેદા થયા છે. તેમનું આખું જીવન ઝગડામય પસાર થયું હતું. તેમના મરણ પછી તેમનાં બાવલાં વખતે પણ ઝગડો થયો હતો, પરંતુ આખરે તો વિજયજ થયો છે. તેમજ આપણા કામકાજમાં પણ વાદળો ઘેરાશે, પરંતુ તેમાંથી આ વીરભૂમિ સારૂં પેદા કરશે. છેવટે શાંતિ થશે તેમાં શંકા નથી. અત્યારના કટોકટીના પ્રસંગે કચ્છનો વીરપુત્ર પ્રમુખપદ સ્વીકારે છે અને વીરભૂમિમાં વીરપુત્રનો યોગ મળે છે. હવે કાળ પરિવર્તનને અંગે પ્રમુખશ્રી આખા વર્ષનું નેતૃત્વ સ્વીકારે છે. આપણે તેમનાં નેતૃત્વ નીચે વિજયધ્વજ ફરકાવવાનો છે.

દરખાસ્તને અનુમોદન આપતાં શ્રી. પોપટલાલ રામચંદ શાહે જણાવ્યું કે, આજે આપણે જૈન ધર્મ, સમાજ અને જગતનું કલ્યાણ કરવાના વિચાર કરવા મળ્યા છીએ. બીજાઓ તેની અદેખાઈ કરી તોફાન મચાવે છે. (શરમ, શરમના પોકારો) કૉન્ફરન્સ વિના સંગઠન થઈ શકે નહિં, એવી દરેકની અંતઃકરણની લાગણી દેખાઈ આવે છે. પરંતુ શાસનનો ઇજારો લઈ ફરનારા લપતાનો તોફાન કરી રહ્યા છે. આ ભૂમિના વીરપુત્રોએ પોતાનું માન્યું કર્યું છે, તેમ આપણે પણ વીરગઢનું સંરક્ષણ કરવાનો વખત આવ્યો છે. વીરગઢમાં ગાબડાં પડ્યાં છે, તે વખતે એક જાતની મશીનગન ચાલુ છતાં કિલ્લો સુધારનાર કૉન્ટ્રાક્ટર અને તે શેઠ રવજીભાઈ સોજપાળ આ વખતે પ્રમુખપદે બરાબર લાયક છે. તેઓ મહાવીરગઢની વિજયપતાક ફરકાવશે.

શેઠ રતનચંદ ખીમચંદે વધુ અનુમોદન આપતાં જણાવ્યું કે, શેઠ રવજીભાઈ સોજપાળને આપણે પ્રમુખ તરીકે ચુંટ્યા છે. આપણે હવે તેઓશ્રી જે હુકમ ફરમાવે તે પાળવો જોઈએ.

શેઠ બાબુલાલ નાનચંદે વધુ ટેકો આપતાં જણાવ્યું કે, મહારાષ્ટ્રને અપયશનો ચાંદલો આપવા બહારથી પ્રયત્નો થાય છે. સ્વયંસેવક ભાઈઓ ઉપર પત્થરોનો મારો ચલાવવામાં આવ્યો છે, એક ભાઈને બેભાન બનાવવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર આવું અપમાન સહન નહિં કરે **આ ભૂમિ ચોરોના પગ બરાબર ઓળખે છે.** મહારાષ્ટ્રે સંપૂર્ણ વ્યવસ્થા કરી રાખી છે. (કૉન્ફરન્સ ઘણું જીવોના પોકારો) ત્યાર બાદ પ્રમુખશ્રીને તાળીઓના અવાજ વચ્ચે હારતોરા આપવામાં આવ્યા હતા.

શરૂઆતમાં પુનાથી આચાર્યશ્રી વિજયવલ્લભસુરિશ્વરજીનો, કૉન્ફરન્સની ફત્તેહ ઇચ્છતો સંદેશ વાંચવામાં આવ્યો હતો. (વિજયવલ્લભસુરિજીની જયના પોકારો.)

(ચાલુ.)

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## (૧૩ મું અધિવેશન.)

—(૦)—

### પસાર કરેલા ઠરાવો.

**૧ સ્વર્ગસ્થ થયેલ આગેવાનો માટે શોક :—**

જૈન સમાજના આગેવાનો અને કૉન્ફરન્સના કાર્યમાં અગ્રગણ્ય ભાગ લેનારા અને સહાનુભૂતિ ધરાવનારા શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી, રાવ સાહેબ લેલુ કાકા, શેઠ દેવકરણ મુળજી, બાબુ રાજકુમારસિંહજી, શેઠ મણીલાલ સુરજમલ ઝવેરી, શેઠ ફકીરચંદ નગીનચંદ કપુરચંદ, શેઠ જેઠાભાઇ નરસી અને શેઠ ચુનીલાલ છગનલાલના દુઃખજનક અવસાનથી આપણી કોમને ઘણીજ ખામી પડી છે તે માટે આ કૉન્ફરન્સ દીલગીરી જાહેર કરતાં તેમના કુટુમ્બીઓ પ્રત્યે પૂર્ણ સહાનુભૂતિ પ્રદર્શિત કરે છે.

**૨ ધાર્મિક અને વ્યવહારિક કેળવણી :—**

માનવજાતિની દરેક પ્રકારની ઉન્નતિનો મુખ્ય પાયો સુસંસ્કારવાળી કેળવણી છે તે માટે,

(ક) દરેક જૈન કન્યા તથા કુમારને ધાર્મિક સંસ્કારનું શિક્ષણ તથા પ્રાથમિક કેળવણી ફરજીઆત આપી છેવટ સુધીની ઉચ્ચ કેળવણી આપવા અને તે અર્થે,

(ખ) પાઠશાળાઓ માટે ધાર્મિક પાઠ્ય પુસ્તકો અને મુનિવર્સિટીના અભ્યાસને યોગ્ય પ્રાકૃત અને સંસ્કૃત જૈન સાહિત્યગ્રંથો તૈયાર કરાવવા, આગમના સૂત્રગ્રંથો તથા બીજા પ્રમાણિક ગ્રંથોનો હિંદી વગેરે લોક ભાષામાં સંશોધન સાથે અનુવાદ તૈયાર કરાવવા પ્રાકૃત માગધી ભાષાનો ઉધ્ધાર કરવા અને પાઠશાળાઓ સ્થાપવા,

(ગ) શિષ્યવૃત્તિઓ અને ફંડ.મો સ્થાપન કરવા.

(ઘ) અનાથ વિદ્યાર્થિગૃહો, પુસ્તકાલયો, વિદ્યાર્થિભુવનો, અભ્યાસગૃહો, ગુરૂકુળો અને કેળવણીની સંસ્થાઓ ખોલવા.

આ કૉન્ફરન્સ અત્યંત આગ્રહપૂર્વક ભલામણ કરે છે, અને વધુમાં આ કૉન્ફરન્સ એજ્યુકેશન બોર્ડને ભલામણ કરે છે કે કોમની કેળવણી સંબંધીના હાલની પરિસ્થિતિનો વિગતવાર આંકડા સાથે અભ્યાસ કર્યા પછી કોમની હાલની કેળવણીની જરૂરીઆતો પુરી પડે અને અન્ય કોમોની સાથે સરખામણીમાં જૈન કોમ કેળવણીમાં વધુ પ્રગતિ કરી શકે તેવું એક પાંચ વર્ષનું પ્રોગ્રામ છ માસમાં ઘડવું અને તે પ્રોગ્રામને અમલમાં મુકવાના દરેક પ્રયાસો કરવા અને તેનો રિપોર્ટ કૉન્ફરન્સની આવતી બેઠક વખતે રજુ કરવો.

**૩ હાજી બીલને ટેકો :—**

મહારાષ્ટ્ર તરફથી ચુંટી વડી ધારાસભામાં મોકલવામાં આવેલા આપણા જૈનબંધુ શ્રીયુત્ સારાભાઇ નેમચંદ હાજી બેરીસ્ટર તરફથી હિંદી વ્યાપાર અને દેશી વહાણવટાના ઉદ્યોગની ઉન્નતિ અર્થે કોસ્ટલ રિઝરવેશન બીલ (હિંદી કાંઠાના વ્યાપારને લગતું બીલ) વરિષ્ઠ ધારાસભામાં રજુ કર્યું છે તેને આ કૉન્ફરન્સ સંપૂર્ણ સહમત છે અને આ બીલ દેશહીતને અનુસરી મંજુર કરવા એસેમ્બલીના સભાસદોને તથા નામદાર હિંદ સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

**૪ શારદા એક્ટ.**

બાળલગ્ન પ્રત્યે આ કૉન્ફરન્સે મૂળથીજ વિરોધ દર્શાવ્યો છે અને તેથી એવા લગ્નો અટકાવવા માટે શ્રીયુત્ હરવિલાસજી શારડાએ જે કાયદો વરીષ્ટ ધારાસભામાં પસાર કરાવ્યો છે તેને આ કૉન્ફરન્સ વધાવે છે, તેટલા માટે શ્રીયુત્ શારડાજીને ધન્યવાદ આપે છે અને દેશી સંસ્થાનો આવો કાયદો પોતાના રાજ્યમાં જલદીથી કરી અમલમાં મૂકે એમ આ કૉન્ફરન્સ તેમને ભલામણ કરે છે.

**૫ જૈન બેંક.**

જૈનોમાં બેકારી વધી છે, વેપાર ધંધાઓ મોટે ભાગે પડી ભાંગ્યા છે ને તદ્દન પડી ભાંગવા સંભવ વધતા જાય છે. નાણાંની સગવડતાના અભાવે જૈનો આગળ આવી શકતા નથી, તો તેના નિવારણનો એક ઉત્તમ ઉપાય જૈન બેન્ક જેવું ખાતું છે અને સાર્વજનિક ખાતાઓનાં નાણાં સામાન્યે સરકારી બેંકો કે સિક્યોરીટીમાં રોકાય છે તો જૈનોને આશ્રય ને સહાય આપવા રૂપે જૈન બેંક દ્વારા તેનો વિશેષ સદુપયોગ થઇ શકે એમ આ કૉન્ફરન્સ માને છે. આવી જૈન બેંકને વ્યવહારૂ રૂપમાં મુકવા માટે એક યોજના ઘડી કાઢવા નીચેના ગૃહસ્થોની એક કમિટિ વધારાની સત્તા સાથે નીમવામાં આવે છે. શેઠ અમૃતલાલ કાળીદાસ, અમદાવાદ, શેઠ સારાભાઇ નેમચંદ હાજી. મુંબઈ, શેઠ રવજી સોજપાલ, મુંબઈ, શેઠ શાંતિદાસ આશકરણ, મુંબઇ, શેઠ નગીનદાસ જગજીવનદાસ શાહ. મુંબઇ, શેઠ ચતુરભાઇ પીતામ્બર શાહ. સાંગલી, શેઠ અંબાલાલ સારાભાઇ, અમદાવાદ, શેઠ હીરાચંદ વીરચંદ સુરત, શેઠ દોલતચંદજી અમીચંદજી, મુંબઇ અને શેઠ બાબુલાલ નાનચંદ, પુના.

આ કમિટિ કૉન્ફરન્સના સેક્રેટરીઓ બોલાવશે અને તે કમિટિ પોતાનો રીપોર્ટ એક વર્ષ સુધીમાં ઘડશે અને તે પરના સ્ટેન્ડીંગ કમિટિના અભિપ્રાયો લઇ સેક્રેટરીઓ આવતી બેઠકમાં રજુ કરે.

**૬ સાર્વજનિક ધર્માદા ખાતાઓની વ્યવસ્થા :—**

દરેક સાર્વજનિક સંસ્થા તેમજ ધર્માદા ખાતાઓનો વહીવટ સુવ્યવસ્થા માગે છે. તેથી એ જરૂરનું છે કે તેનાં નાણાં સાચવવા માટે ટ્રસ્ટીઓ નીમવા અને તેની વ્યવસ્થા કરવા માટે વ્યવસ્થાપક સમિતિ નીમવી. ટ્રસ્ટીઓએ નાણાં પોતાને ત્યાં ન રાખતાં સદ્ધર જામિનગીરીમાં રાખવા ઘટે અને વ્યવસ્થાપક સમિતિએ કરેલી વ્યવસ્થાનો હિસાબ બરાબર રાખી તેને દર વર્ષે ઓડીટ કરાવી પ્રસિદ્ધ કરવો ઘટે એમ આ કૉન્ફરન્સનો ખાસ અભિપ્રાય છે, કે જેમ થતાં વહીવટદારો અને ટ્રસ્ટીઓ ઉપર થતા આક્ષેપો દૂર થશે અને ચોકખા વહીવટની લોકોમાં શ્રદ્ધા બેસશે.

**૭ ઐતિહાસીક સાધનોનો ઉદ્ધાર :—**

જૈનોની પ્રાચિન સ્થિતિ. મહાન પૂર્વજો અને તેમના સાહિત્ય સ્થાપત્ય આદિ પ્રત્યે ફાળો વગેરેનો ઇતિહાસ સમાજ પાસે યથાર્થ સ્વરૂપે સિલસિલાબંધ મુકી શકાય તેટલા માટે ઐતિહાસિક સાધનો જેવાં કે શિલાલેખો, ધાતુપ્રતિમાલેખો,

નકશા અને દરેક સ્થળના ગ્રંથભંડારોમાં રહેલ ગ્રંથો આદિ સુરક્ષિત રાખવાની અને પ્રસિદ્ધ કરવાની જરૂર છે એમ આ કોન્ફરન્સનો ચોક્કસ મત છે અને તેથી ખાસ ભલામણ કરે છે કે:-

(ક) સર્વ લેખોને ઉતરાવી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા, કરાવવા.

(ખ) ગ્રન્થ ભંડારોની ટીપ, ઐતિહાસિક સ્થળો અને સાધનોની શોધખોળ કરવી અને કરાવવી.

(ગ) ગ્રન્થ ભંડારોને દેશના જૈન વસ્તીવાળા મોટામાં મોટાં શહેરોમાં એકત્રિત કરીને 'ક્યુરેટર' આદિના પ્રબન્ધવાળા એક 'ફાયર પ્રુફ' મકાનમાં રાખવા જોઇએ કે જેથી આખા દેશમાં કોઇપણ અભ્યાસીને વા પ્રકાશકને અમુક શરતે કોઇ પણ કૃતિ મળી શકે તથા તેજ પ્રમાણે

(ઘ) ઉપયોગી ઐતિહાસિક જાણવા યોગ્ય વસ્તુઓનો સંગ્રહ એક 'મ્યુઝીયમ'ના આકારમાં સારા મકાનમાં કરવો.

## ૮ હુંડીનો દર.

જૈન કોમ એ વ્યાપારી કોમ હોવાથી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની આ બેઠક એવો અભિપ્રાય ધરાવે છે કે ૧ શીલીંગ ૬ પેન્સના હુંડીના દરે હિન્દના વ્યાપાર ઉદ્યોગ અને ખેતી ઉપર ઘણી માઠી અસર ઉત્પન્ન કરી છે. તેની સાથે ટ્રેઝરી બીલો વેચવાથી નાણું ખેંચવાની પદ્ધતિ અને ચાંદીના ઢોળમાં ઓછા ભાવના વેચાણથી દેશની બરબાદી થતી જાય છે તેથી આ કોન્ફરન્સ નામદાર વાઇસરોય અને હિન્દી સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે વિલાયતની હુંડીનો દર વિના વિલંબે ૧ શીલીંગ ૪ પેન્સનો નક્કી કરવો અને ઉંચા વ્યાજના દરવાળા ટ્રેઝરી બીલથી નાણું ખેંચવાની અને ચાંદીના વેચાણની ચાલુ નુકશાનકારક પદ્ધતિ બંધ કરવી.

## ૯ બેંક વહીવટ.

આ દેશમાં નાણાંની સગવડોની ઘણી ખામી છે અને તે દુર કરવા ઇંડીઅન મરચન્ટસ ચેમ્બર તથા બીજા વ્યાપારી મંડળોએ, ઇમ્પીરીઅલ અગર સ્ટેટ બેંકની શાખાઓનો વહીવટ શરાફોને ગેરંટીડ એજન્ટ તરીકે સોંપી દેવા અને તે પદ્ધતિ અખત્યાર કરવા જે ભલામણો કરી છે તેને આ કોન્ફરન્સ સંપૂર્ણ ટેકો આપે છે.

## ૧૦ ડેક્કન એગ્રીકલ્ચરિષ્ટ રીલીફ એક્ટ.

ખેડુતોના સંરક્ષણ માટે ઘડાયેલો ડેક્કન એગ્રીકલ્ચરિષ્ટ રીલીફ એક્ટ નામનો કાયદો જે હેતુ પાર પાડવા માટે ઘડી કાઢવામાં આવેલ છે તે હેતુઓ પાર પાડવાને બદલે તે ખેડુતો અને વ્યાપારીઓના હિતને નુકશાનકારક નિવડયો છે તેથી આ કોન્ફરન્સ સદરહુ કાયદો રદ કરવા નામદાર મુંબઇ સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

**સ્થળ સંકોચને લઇ બાકીના ઠરાવો આવતા અંકમાં આપવામાં આવશે.**

( અનુસંધાન પાના ૬ નું ચાલુ. )

ભાઇ સંઘવીએ અસ્પૃશ્યતાની હીમાયત કરી હતી, રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહારની આવશ્યકતા સમજાવી હતી. વૈધવ્યની બાબતમાં પણ ન્યાય અને અહિંસાને સ્થાન હોવું જોઇએ તે સમજાવ્યું હતું. છેવટે જૈન કોમમાં રહેલું સડેલું નૈતિક ધોરણ દુર કરવા આગ્રહ કર્યો હતો.

'સંઘ સત્તા'નો ઠરાવ રા. મુળચંદ આશારામ વૈરાટીએ રજુ કર્યો તે ઠરાવ ઉપર વિવેચન કરતાં, સાધુઓ જો ઉન્માદ કરી સમાજને હાનિકર્તા બને તો તેમને દુર કરવા ભલામણ કરી હતી.

બારબાદ રા. અમીચંદ ખેમચંદે 'દીક્ષા' સંબંધીનો ઠરાવ રજુ કર્યો હતો. ઠરાવ ઉપર વિવેચન કરતાં દીક્ષાએ જે કલહ જગાવ્યો છે, તે દુર કરવા, અને તેવા કલહોને પોષનારાઓને દુર કરવા ભલામણ કરી હતી.

મીરતવાળા લાલા કીર્તિપ્રસાદજીએ પણ પ્રસંગોપાત વિવેચન કર્યું હતું. ઠરાવો થાય તેને અમલમાં મુકવા અને કોમની ત્રુટીઓ દુર કરવા સુચના કરી હતી.

પંજાબવાળા લાલા બાબુરામજીએ પણ ઓલ-ઇન્ડીઆ ઓર્ગેનીઝેશન કરવા ભલામણ કરી હતી. ભાષાની સામ્યતા વિષે બોલતાં હિન્દી ભાષાનો જો સર્વત્ર સ્વીકાર કરવામાં આવે તો કાર્ય કરવામાં સરલતા ઘણી થઇ જાય તે સમજાવ્યું હતું. છેવટે પંજાબના યુવકો દરેક પ્રસંગે આપને સાથ આપશે તેવી ખાત્રી આપી હતી.

શ્રી. હરગોવીંદ વીરપાળે દેવદ્રવ્ય અને કોન્ફરન્સ સંબંધી ઠરાવ રજુ કર્યો હતો. દેવદ્રવ્યનો જન્મ અને દેશકાળની જરૂરીઆત સંબંધીની વિગતો સુંદર રીતે સમજાવી હતી.

શ્રી. ચંદુલાલ સારાભાઇએ 'રાષ્ટ્રીય ધ્યેય'નો ઠરાવ રજુ કર્યો અને જૈન કોમને રાષ્ટ્રીય કાર્યમાં ફાળો આપવા સુચના કરી હતી.

બાદ શ્રી. ખરોડીયાએ 'કેળવણી' સંબંધીનો ઠરાવ રજુ કર્યો હતો અને તે ઠરાવ સંબંધી સામાન્ય વિગતો સમજાવી હતી.

ત્યારબાદ પ્રમુખ સાહેબે રાધનપુરવાળા ભાઇ લલ્લુચંદ પ્રેમચંદ તથા કલકત્તા યુવક મંડળ તરફથી આવેલા સહાનુભૂતિના સંદેશા વાંચી સંભળાવ્યા હતા. છેવટે પ્રમુખ સાહેબે પ્રસંગાનુકુળ વિવેચન કર્યું હતું. કોન્ફરન્સની અત્યાર સુધીની નિષ્ફળતાના કારણો તરીકે ડરપોકપણું, પૈસાદાર પ્રમુખો અને સાધુઓનો સહકાર જોઇએ તેવો કોન્ફરન્સને ન મળ્યો તે જણાવ્યાં. છેવટે યુવકોને, કોન્ફરન્સને પ્રાણવાન બનાવવા સુચના કરી હતી. ત્યારબાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, સાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબાઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. | સંવત ૧૯૮૬ ના માહા વદી ૧૧. | છુટક નકલ: |
| અંક ૯ મો. | તા૦ ૨૪-૨-૩૦ | ૦॥ આનો. |


## શાસનપ્રેમીઓને ચરણે!

### જુન્નર કોન્ફરન્સ અને કહેવાતા શાસનપ્રેમીઓનો દંભ કે ખુલાસો?

—(૦)—

મે. અધિપતિ સાહેબ,

વિશેષ જણાવવાનું કે જુન્નેર મુકામે મળેલાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના તેરમા અધિવેશનની સ્વાગત સમિતિનો હું એક આગેવાન સભ્ય હતો અને રૂપીઆ પચાસ આપી તેની બીજા નંબરની સ્વાગત ટીકીટ ખરીદી હતી.

તારીખ ૮ મી ફેબ્રુઆરી ૩૦ ના રોજ કોન્ફરન્સમાં કેટલાક બહારગામથી આવેલ બંધુઓએ એક ખુલાસો પ્રકટ કર્યો છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે કોન્ફરન્સના કાર્યવાહકોએ તેઓ માટે ખાવાપીવા, ચાપાણી વગેરેની વ્યવસ્થા કરી ન્હોતી તથા જુન્નર છોડી જતી વખતે તે વ્યવસ્થા પુનાવાળા ચીમનલાલ લખમીચંદ તરફથી કરી, ભક્તિપૂર્વક બરદાસ કરવામાં આવી હતી. આ સંબંધે મ્હારે ભારપૂર્વક ખુલાસો કરવો જરૂર પડે છે કે હું ઉપર જણાવ્યા મુજબ સ્વાગત સમિતિનો સભાસદ હું અને મેં જુન્નર છોડી જનાર પાર્ટીને જે મદદ, આગતાસ્વાગતા કરી હતી તે અંગત ન્હોતી. સ્વાગતાધ્યક્ષ તથા સ્વાગત સમિતિના સેક્રેટરી વગેરે તરફથી મહારાષ્ટ્રીયન તરીકે આ કાર્ય મ્હને સોંપવામાં આવતાં, સ્વાગત સમિતિ તરફથી તેની વતી મ્હારાથી બની શકે તે વ્યવસ્થા કરી છે, એટલે જુન્નેરની સ્વાગત સમિતિ ઉપર જે આક્ષેપ સદરહુ બંધુઓએ કર્યો છે, તે તદ્દન ખોટો અને બિનપાયાદાર છે. સ્વાગત સમિતિએ મ્હારાદ્વારા બની શકતી યોગ્ય ગોઠવણ કરી હતી. આ ખુલાસો એટલા માટે કરવા જરૂર પડે છે કે કોઈ ગેરરસ્તે દોરાય નહીં અને અમારા મહારાષ્ટ્ર પર તદ્દન અસત્યપૂર્ણ આક્ષેપ આવે નહિં. આશા છે કે ગેરસમજુતી આટલેથી દૂર થશે. આ સિવાય મોટરવાળાઓએ વધારે પૈસા માંગી અગવડતા ઉભી કરી હોવાનો જે બીજો આક્ષેપ કરવામાં આવ્યો છે તે પણ તેટલોજ અસત્ય છે. મોટરો કરી આપવાની વ્યવસ્થા મ્હારા હસ્તક હતી અને તે મુજબ મેં કરી આપી હતી. મોટરવાળાઓએ વધુ પૈસા માંગ્યા નથી અને તેઓ સાથે કોન્ટ્રાક્ટ થએલો હોવાથી, તે રીતે વધુ માંગવા હક્કદાર ન્હોતા એ હું જાણતો હતો. આ હકીકત ગેરસમજુત ઉત્પન્ન કરવાના ઇરાદાથીજ પ્રકટ કરવામાં આવેલી છે. આ જુન્નર છોડી જનાર પાર્ટીમાં ૭-૮ ખાનગી મોટરો-ટુરીંગકાર હતી અને ૯-૮ ભાડાની હતી. બધા મળી જુન્નેર છોડી જનાર માણસોની સંખ્યા ૧૨૫ થી ૨૦૦ ની વચ્ચે હતી, એમ હું ખાત્રીપૂર્વક જાહેર કરું છું. એક હજાર માણસ જુન્નર છોડી ગયાની જે હકીકત જાહેર તેમણે કરી છે તેમાં લેશ પણ સત્ય નથી. હું તેમની સાથેજ હતો એટલે વિશેષમાં કહી શકું છું કે જુન્નરમાં હજાર અગર તેથી ઓછી વધતી સંખ્યામાં તેઓ સભા ભરી શક્યા નથી અને ભરી પણ નથી. આવી ખોટી અફવાઓ અને હકીકતો પ્રકટ કરવામાં શાસનની કઇ જાતની સેવા આ ભાઇઓ બજાવી રહ્યા છે અગર શાસન પ્રત્યેનો પોતાનો પ્રેમ પ્રકટ કરી રહ્યા છે તે સમજી શકાતું નથી.

શા. ચીમનલાલ લખમીચંદ દા. પોતે.

જુન્નેર, તા૦ ૧૫-૨-૩૦.

## જુન્નરના મોટરવાળાઓ શું કહે છે? શાસનપ્રેમીઓને જવાબ.

—(૦)—

મે. અધિપતિ સાહેબ,

વિશેષ જૈન કોન્ફરન્સમાં આવેલાં કેટલાક મુંબઇના અને બીજા, જેઓ તારીખ ૮ મી ફેબ્રુઆરીની સાંજના જુન્નર છોડી ગયા હતા તેમના જાહેર વર્તમાનપત્રોમાં થએલા ખુલાસા તરફ અમારૂં ધ્યાન ખેંચાતાં, અમને નવાઇ ઉપજે છે કે આવી ખોટી હકીકતો શાસનપ્રેમીઓ તરફથી શા માટે પ્રકટ કરવામાં આવી છે? તા૦ ૮-૨-૩૦ ના રોજ સાંજના અમે તેમને પુના તરફ લઇ જવા માટે, તેમની માંગણી મુજબ તેજ વખતે કબુલ કર્યું હતું. અમે રૂપીઆ પાંચ પ્રત્યેક સીટ દીઠ માંગ્યા હોવાનું કહેવામાં આવ્યું છે તે તદ્દન જુઠ્ઠું છે. અમે કોન્ફરન્સના સંચાલકો સાથે દરેક સીટ દીઠ રૂપીઆ ૧-૮-૦ લેખે લઇ કોઇની પણ વહીં એક કલાકમાં પૂરી પાડવા સંબંધે કોન્ટ્રાક્ટ કરી લેખિત દસ્તાવેજ કર્યો હતો, એટલે અમે તે મુજબજ રૂપીઆ દોઢની માંગણી કરી છે. અમે વધુ માંગણી કર્યાનું કહેવામાં આવે છે, તે તદ્દન જુઠ્ઠું છે એમ ભારપૂર્વક કહીએ છીએ. પુનાવાળા શેઠ ચીમનલાલ પણ તે વખતે હાજર હતા અને ઠરાવેલા દરે અમે અમારી મોટરો ભાડેથી આપી હતી. તેઓની સંખ્યા આશરે સવાસોની અમારી ભાડુતી ગાડીઓમાં હતી અને બીજી ૬-૭ ખાનગી ટુરીંગ ગાડીઓ હતી. જનારાઓની સંખ્યા ૧૨૫ થી ૨૦૦ ની વચ્ચે હતી. એક હજારની સંખ્યા જણાવવામાં આવે છે, તે તદ્દન ગલત અને અસત્ય છે. અમારી આ હકીકતને વિશેષ ટેકો જોઇતો હોય તો અમે નારાયણગાંવની પોલીસ ચોકીપર કેટલી ગાડીઓ તેટલા વખતમાં ગઇ હતી, તે તપાસી પુરવાર કરી શકીએ તેમ છીએ. આવી જુઠી હકીકતો ઉપજાવી અમારા જુન્નર અને મહારાષ્ટ્ર પર જે આરોપ મુકવામાં આવ્યો છે તે તદ્દન અસત્ય છે.

શિવપ્રશાદ વિઠ્ઠલપ્રશાદ, એજંટ.
કિશનસિંહ ગોવિંદસિંહ, પાર્ટનર.
રોયલ મોટર સર્વિસ.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## જુન્નેર કોન્ફરન્સ.

ગયા આઠવાડીયા દરમ્યાન પણ શાસનપ્રેમીઓના બચાવો જુદે જુદે સ્વરૂપે પ્રગટ થતાં રહ્યા છે. તે ખુલાસાને સામે રાખી તપાસવામાં આવશે તો અસત્યતા સિવાય બીજું તેમાં તરી આવશે નહિં. પ્રગટ થયેલ ખુલાસામાંથી થોડાક નમુના જોઇએ. સોસાયટીના સેક્રેટરી જણાવે છે કે '**જાનમાલની સલામતી** ખાતર અમોને જુન્નેર છોડી જવાની ફરજ પડી હતી.' શેઠ નગીનદાસના બઢાઇ 'મુંબઇ સમાચાર' તા. ૧૮ મી ફેબ્રુઆરીના અંકમાં જણાવે છે કે "આવા **કલુષિત વાતાવરણમાં** વિશેષ રહેવું ઉચિત ન લાગવાથી શાસનપક્ષનું આશરે આઠસો માણસ નીકળી ગયું." કલુષિત વાતાવરણનું કારણ શાનું કે જાનમાલની સલામતિનું કારણ શાનું ? પોતાનો કક્કો ખરો થવાનો બીલકુલ સંભવ ન જોયો એટલે 'કલુષિત વાતાવરણ' "જાનમાલની સલામતી ખાતર" આવા બ્હાના શોધવા પડયા છે. 'વીરશાસન' તા. ૧૪-૨-૩૦ ના અંકમાં લખે છે કે "ધર્મિપક્ષના લગભગ ૯૦ ટકાએ **ટીકીટો લેવાનું માંડી વાળ્યું**" ટીકીટો ન આપવાની ફરીયાદ કરવી તે કેટલું જુઠું છે, તે ઉપરની કબુલાતથી સમજાશે. જુન્નેર તથા મહારાષ્ટ્રના કાર્યવાહકો તથા વોલન્ટીયરોએ બજાવેલી શ્રી સંઘની સેવા વિષે ગયા અંકમાં અમે વિવેચન કર્યું છે: હવે સ્વાગત પ્રમુખના ભાષણ ઉપર આવીયે. કોન્ફરન્સે કાંઇ કરવું જોઇએ, કોન્ફરન્સના કાર્યકર્તાઓએ કાંઇ કરવું જોઇએ, યુવાનો હિસાબ માંગશે માટે કાંઇપણ કરવું જોઇએ, ને નહિ કરો તો યુવાનો કાર્યપ્રશ્ન થઇ આગળ વધી જશે, એ પ્રકારની તેમણે કોન્ફરન્સના કાર્યકર્તાઓને હાકલ કરી હતી. કોન્ફરન્સના કાર્યવાહકો તે હાકલ ઉપાડી લઇ વર્ષ દરમ્યાન કાંઇ પ્રગતિ કરશે તેવી અમે આશા રાખીયે છીએ. કોન્ફરન્સના અમલી ઠરાવોનો-નિયમોનો જેમણે ભંગ કર્યો હોય તેવી વ્યક્તિને, કોન્ફરન્સના કોઇ પણ અધિકાર પદે રહેવા દેવી ન જોઇએ, એ તેમની ખાસ કિંમતી સુચના હતી. આ પરિસ્થિતિ ચાલુ રહેવા દેવાથી કોન્ફરન્સનાં કાર્યને ઘણીવાર ગંભીર નુકશાન થયું છે અને તેવા આગેવાનો અધિકારી પદે રહેવાથી કોન્ફરન્સના કાર્યમાં સમાજનો વિશ્વાસ ટકી શકે નહિં. ભૂતકાળમાં તેવા અનેક દાખલા બનેલા છે તેથી હવેની સ્ટેન્ડીંગ કમિટિ આ સુચના સંબંધી જાગૃત રહેશે.

સમાજે પોતાના દ્રવ્યનો ઉપયોગ કયાં કરવો જોઇએ તેને અંગે તેમના સચોટ વિચારો, કોમે જેમ બને તેમ જલ્દી સ્વીકારવા જોઇએ છીએ. શાસ્ત્રનો ટેકો હોય તેવી વાત પણ રૂઢીના બળથી દબાઇ જઇ અમલ કરતા ખચકાઇએ. અત્યારકાળે છે તેમ બનવું ન જોઇએ. હવે ખુલ્લું જાહેર કરવાનો વખત આવ્યો છે કે દેવદ્રવ્યને અંગે વધારાની જરૂરીયાત હવે નથી, માટે અન્ય ક્ષેત્રોને પોષવા તેજ ધર્મ છે.

કેળવણી તરફ વફાદારી જૈન કોમે બતાવવી જોઇએ, તે સંબંધી તેમની સુચના બાબતમાં કોન્ફરન્સે જેવો જોઇએ તેવો ઠરાવ કર્યો નથી. પોતાના અંતરના વિચારો સમાજ પાસે રજુ કરવામાં સ્વાગત સમિતિના પ્રમુખે જે હિંમત દાખવી છે તે ધન્યવાદને પાત્ર છે.

હવે આવીએ કોન્ફરન્સના પ્રમુખના ભાષણ ઉપર. ભાષણ ખાસ હતું તેવો અવાજ દરેક તરફથી મળે છે પણ વિચારો પરાયા હોય તેવો ભાસ થતો હતો. ભાષા પારકી હોય તે ચલાવી શકાય પરંતુ વિચારો પરાયા ચલાવી શકાય નહિં. પરાયા વિચારોનો અમલ કરાવવામાં કોઇપણ વ્યક્તિને કંઇપણ ઉલ્લાસ આવતો નથી. આ ભાષણ ઠીક કહેવાશે એટલેજ આવું ભાષણ લખવું તે જરૂરનું છે, એવી સમજણ આપવી તે ખોટું છે. આટલી હકીકત લક્ષમાં રાખ્યા પછી ભાષણની તપાસ લઇએ.

જીનદેવનું વાસ્તવિક પૂજન કોને કહેવાય તે બાબતને અંગે ભાષણના પ્રથમ ભાગના ઉલ્લેખો, જૈન સમાજના ધાર્મિક વર્ગને ખરી દીશા સુચવે છે અને તેથી તેનું વાસ્તવિક પૂજન સમાજ હવે પછી આદરશે. મહાન શિવાજીની કાર્યપદ્ધતિને અંગેના વચનો, આપણી કોમની હાલની પરિસ્થિતિમાં અમલમાં મુકવા લાયક છે, કે જે પદ્ધતિ વગર ચાલુ વાતાવરણમાં કોઇ દિવસ પણ આગળ વધી શકીશું નહિં, તેમજ કંઇપણ કાર્ય કરી શકીશું નહિં. પ્રમુખપદ તથા તે પદની જવાબદારી સંબંધીનાં સુત્રો ભવિષ્યના દરેક પ્રમુખોએ પણ ખ્યાલમાં રાખવા લાયક છે. વ્યવહારમાં તે સુત્રોનો બનતો અમલ કરવા પ્રમુખશ્રીએ પ્રયત્ન કર્યો હતો. પોતાનાજ ભાષણમાં વગર વિલંબે સમસ્ત જૈન સમાજ વચ્ચે લગ્ન વ્યવહારમાં અંતરાયરૂપ ભેદોને તિલાંજલિ આપવાનું સુચવનાર પ્રમુખશ્રી પોતાની ખાતર 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર'ની હકીકત છોડી દેવાનું સુચવે તે ઘણું અસંગત હતું. અમે તો એમ માનીએ છીએ કે પ્રમુખશ્રીના ખાસ વિચારો તેમની સાદી ભાષામાં ભાષણરૂપે ગોઠવાયા હોય અને જે લાભ થવા સંભવ છે તેવો લાભ પરાયા વિચારો પ્રમુખશ્રીના ભાષણ તરીકે રજુ કરવામાં થવા સંભવ નથી; બલ્કે આ પદ્ધતિ નુકશાનકારક નીવડવા સંભવ છે. વધુ હવે પછી.

## ચોરને પોટલે ધૂળની ધૂળ.

'શિવનેરી'ની તળેટી જુન્નેરમાં, જૈન સમાજનું સંગઠન નવેસરથી શરૂ કરાયું છે એટલુંજ નહિં પણ શ્રીમતી કોન્ફરન્સે જે સમયોપયોગી ઠરાવો પાસ કર્યા છે, એને જો બરાબર રીતે પ્રચાર કરી, અમલમાં મુકાવવાનું કાર્ય ખંતથી ચાલુ રાખશે તો અવશ્ય એનું ભવિષ્ય ઉજ્વળ છે. સમાજની નાડ જોઇ ઉભય પ્રમુખોએ પોતાના ભાષણમાં જે જે બાબતોના ઉલ્લેખો કર્યા છે, તેને માટે ચારે તરફથી એકઅવાજે આવકાર અપાઇ રહ્યો છે. કરેલા ઠરાવોને પણ એટલુંજ અભિનંદન અપાઇ રહ્યું છે. મુંબઇ સમાચાર, હીંદુસ્તાન અને સાંજ વર્તમાન જેવા આગેવાન પત્રોમાં એ સંબંધે ઘણું ઘણું લખાયું છે તેમજ અગ્રલેખોમાં પણ કોન્ફરન્સની સફળતાને સુંદર શબ્દોમાં વધાવી લેવાઇ છે. આમ શુભ શરૂઆત થઇ ચુકી છે. જૈન ઇતિહાસમાં નવું પાનું ઉઘડયું છે. સુષુપ્ત દશામાંથી

જાગૃતિના કિરણો ફેંકાતા એકદમ ઉત્થાન થયું છે, એનો પૂર્ણપણે લાભ લેવાની જોખમદારી અનુભવી સંચાલકો અને ઉત્સાહભર્યાં યુવકો પર છે. મહારાષ્ટ્રે વિકટ સંજોગોમાં અડગતા દાખવી યોગ મેળવી દીધો છે એટલે હવે સ્ટેન્ડીંગ કમિટિ કે પ્રચાર સમિતિ પ્રમાદ ન સેવે પણ પ્રાપ્ત થયેલી તકનો પૂરેપૂરો કસ કહાડે.

અત્રે એક ભાઇબંધ કે જેમનો શ્રી વીરના શાસનનો ઇજારો લીધાનો દાવો છે, તે પોતાના શુક્રવારીઆમાં પોતાનો શુક્રવાર ન થવાથી બંબિલના લવારા માફક સ્વચ્છંદતાથી બકવાદ કરી હાસ્યજનક ને મૂર્ખતાસૂચક મર્યાદા બાંધી, ચાલુ બાપુ ખાસ પ્રતિનિધિના પિંજરામાંથી ભરી કોન્ફરન્સને સમાધિ સમાવવા બહાર પડયા છે. તે સંબંધી થોડો વિચાર આવશ્યક છે. એ આખી ટોળી પ્રભુશ્રી વીરના ધર્મથી ઘણી વેગળી હોઇ કેવળ મુનિ રામવિજયજીની ચેરલી જે નામની હોવા છતાં 'ધર્મિપક્ષ' તરિકે ઓળખાવવાનો ડોળ કરે છે, એ વાત 'શિયાળ સિંહનું ચામડું ઓઢી સિંહ બનવા ગયા' જેવી લાગે છે. શિયાળ કરતાં ભૂંડી દશાએ જુન્નરમાંથી ભાગવું પડયું તે માટે પોતાના પત્ર વીરશાસનમાં ખુલ્લે મ્હોંઢે રોદણાં રડે છે. સામાન્ય અક્કલવાળો પણ સમજી શકે છે કે ખરા 'ધર્મિપક્ષ'ને આવી કફોડી દશામાં પડવું નજ પડે, પણ આ પક્ષ કે જે 'જિહ્વામાં મધુ ને હૃદયમાં હળાહળ'વૃત્તિથી આવ્યો હતો, જેને ધર્મના નામે ધર્મપિતાના ઝનુની પ્યાલા પવાયા હતા અને જેમાં ગુંડાશાહીનું ધોરણ વધુ પ્રમાણમાં હતું, તેની દશા કદાચ લખ્યા મુજબ થાય તો આશ્ચર્ય જેવું નથીજ. જો કે કોન્ફરન્સના કાર્યવાહકોએ, જુન્નરના આગેવાનોએ અને પરમત સહિષ્ણુ યુવકોએ તેની એવી દશા થવા દીધી નહોતી; ઉલટા તેણે જે જે બાલિશતાભર્યાં તમાશા કર્યાં તે ધિરજથી સહન કર્યાં હતા, જે વાત અઠવાડિયાના સાંજ, સમાચારના રીપોર્ટરોના તટસ્થ લખાણથી પુરવાર થઇ ચુકેલ છે. આમ છતાં એક બાજુ ચરીખાનાર કાણી ઉંટડીની માફક આ પ્રતિનિધિ! 'પરાઇ કુકડી ઔર આપકી લાપસી' માફક પોતાના જે ગોટા ગાળા કરે છે, ને ધર્મના ઓઠા તળે જનતાને ઉંધા ચશ્મા બંધાવવા માંગે છે, તેને એટલુંજ કહેવું બસ થશે કે, બાપું ત્હારું ધર્મિપણું કેવળ આવા જુઠાણાં લખવાનું શિખવતું હોય તો તે તને મુબારક રહો. ત્હમારી એ આંખને પણ ધન્ય છે કે જે એકજ બાજુ જુવે છે! જ્યાં સ્વયંસેવકો શાન્તિથી સેવા બજાવતા ત્યાં 'ઔરંગઝેબી'નો દોર દેખાયો! જ્યાં ઉંઘતી સમાજે જાગૃતિનો પ્રાણ ફુંક્યો ત્યાં ત્હને સમાધિના સ્વપ્ના આવ્યા? જ્યાં કેટલીયે રાત્રિના ઉજાગરા વેઠી લગભગ ચારથી પાંચ હજાર માનવીઓની વચ્ચે પુરતી ચર્ચા થયા પછી એકવીસ ઠરાવો થયા એ ફારસ સમાન લાગ્યા! અને મુત્સદ્દી પ્રમુખ, વયોવૃદ્ધ છતાં સમયના જાણ, જેમની ભારોભાર પ્રશંસા કરવામાં અગાઉ ત્હારા ફેરફુદરીઆમાં જરા કચાશ નથી રખાઇ, તેમણે બળતા પ્રશ્નોની ચર્ચા સ્વસ્થપણામાં કરી પણ ત્હને પસંદ ન આવી એટલે તે સુધારકોના હાથમાં રમકડું બની ગયા! તમારા સરખા મુઠ્ઠીભર આદમીઓ પોતાનું ધાર્યું ન થવાથી અને પત્થરા ફેંકી, સ્વપોત પ્રકાશી ચાલી ગયા એટલે કોન્ફરન્સ એકપક્ષીય બની ગઇ! જાણે 'તમારો વિશ્વાસ' એણે ગુમાવ્યો એટલે હવે તેની કિંમતજ ન રહી! કેમ જાણે તમે બોલ્યા એટલે ખુદ પ્રભુ ન બોલ્યા હોય!

વાહજી વાહ! ભાઇબંધ ત્હારું ભેજું તો ઠેકાણે છે ને? સારાય હેવાલમાં સાચી હકીકતને સ્થાને જુઠાણાનો ને વદતો વ્યાઘાતનો સંભાર ભર્યો જણાય છે. ધર્મિપક્ષના નામે "હું હું" ને આપબડાઇ હાંકવી લાગે છે. જરા યાદ કરજો કે-'હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે,' વળી 'ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ.'

જો કોન્ફરન્સનું કાર્ય પસંદ નહતું, વળી તમારા લખાણ મુજબ મોટા ભાગે હાલ ભરવાની ના પાડી હતી તો તમે શા સારૂ આવ્યા? અને ડેલીગેટની ટીકીટોની મોટી બાંગ પોકારો છો તો જરા કહેશો કે જામનગર, અમદાવાદ, ખંભાત-એ સ્થળોમાં રીતસર સભા થઇ હતી? શેઠ પોપટલાલ, કેશવલાલ કે શાંતિલાલ શું સંઘ તરફથી ચુંટાયલા હતા? સભા ભર્યા વગર નામ લખી મોકલવાથી ડેલીગેટ બની જવાતું હોત તો માખણદાસો ને હાજીઆઓથીજ કોન્ફરન્સ ભરાઇ જાત! આંખ્યો મીંચીને યુવક સંઘને અધર્મિ કે નાસ્તિક કહેવા માત્રથી અને પોતાની જાતને ધર્મિ મનાવવાથી ભલે શું ફુલાય. જનતાને એની રજ માત્ર કિંમત નથી. [દલીલપૂર્વકની જીત એજ ખરી જીત છે. જ્યાં ઉભા રહેવાનું ભારે પડયું ત્યાં સભાના બણગા ફુંકવા એનું નામજ ખોટાઇ. પાટણ, રાધનપુર, અમદાવાદ, ખંભાત અને જામનગરના જે ગૃહસ્થોએ ટેકા આપ્યા છે અને જેમના નામ શુક્રવારીઆમાં કાળા અક્ષરે લખ્યા છે તેમને એજ પ્રશ્ન છે કે તેઓ શું તે તે સ્થળના ખરા ચુંટાએલા પ્રતિનિધિઓ છે? તેમનો, સકળ સંઘ અથવા તો તેનો મોટો સમુદાય, આજે તેમને માને છે પણ ખરો? યાદ રાખજો કે સત્ય વસ્તુ જરૂર તરવાની છે.] ગમે તેવી બાજીઓ રચો અને મરજીમાં આવે તેવાં જુઠાણાં ચિતરો છતાં ચોરને પોટલે ધુળની ધુળજ રહેવાની છે. કોન્ફરન્સ તો ચિરાયુ જીવવાનીજ છે. થુંક ઉરાડનારા ભલે ઉરાડે.

જ્યાં પંજાબ, મારવાડ, મેવાડ ને મહારાષ્ટ્રના પ્રતિનિધિઓની સારી સંખ્યામાં હાજરી હતી, જ્યાં ગુજરાત, કાઠીયાવાડના સ્થાનોમાંથી સંઘ કિંવા સંસ્થાઓ તરફથી ચુંટાયેલા પ્રતિનિધિઓની વિપુલ સંખ્યા હતી અને જેને શેઠ કસ્તુરભાઇ લાલભાઇ, અમૃતલાલ કાળીદાસ, બાબુસાહેબ જીવણલાલ પન્નાલાલ આદિ સંખ્યાબંધ ગૃહસ્થોના હાર્દિક આશીર્વાદ હતા, તેને સમાધિ સમાવનાર પોતેજ આધિએ ચઢેલ છે.

શેઠ દામોદર બાપુશાની ગેરહાજરીનું કારણ ચાલુ પરિસ્થિતિ નથી પણ પોતીકી ભુલ છે. એ જાણી ગયા છે કે આ યુગમાં મોઢાની બડાઇઓ ચાલતી નથી. આવીજ પોલ એક ઇન્ડીઆની સોસાયટીના ખુલાસામાં છે. પુરા દસ શહેરમાં સોસાયટીની સ્થાપના સરખી નથી ને મુંબઇ ઇલાકા બહાર જેને કોઇ ઓળખતું પણ નથી, તે આજે સકળ હિંદના વાલીપણાનો દાવો કરે છે! ગામમાં પેસવાના સાંસા છતાં પટેલને ઘેર ઉના પાણી જેવી વાત! વીસમી સદીના ધર્મિઓની વાતજ ન્યારી! ભોજન પાસ લઇ જમવામાં સ્વામીવાત્સલ્ય માનતાં આંચકો આવે પણ સમાનધર્મિ સ્વામીભાઇઓને જાણીજોઇ નોતરું ન દેનાર ને સ્વામીવાત્સલ્યના મનકલ્પિત નોતરાં ફેરવનાર સોસાયટીના આગેવાનના ભારોભાર વખાણ કરતા જરા શરમ પણ ન લાગે એવું નામજ ધર્મિપણું!

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

(અમારા ખાસ પ્રતિનિધિ તરફથી.)

(ગતાંક ૭ થી ચાલુ.)

### કોન્ફરન્સના અધ્યક્ષ સ્થાનેથી :—

પ્રમુખશ્રી રાવસાહેબ રેવજીભાઇ શોજપાળનું સરળ અને સાદી ભાષામાં પણ સચ્ચોટ દલીલપૂર્વકનું ઉદાર ભાવનામય મનનીય ભાષણ વાંચી સંભળાવવામાં આવ્યું હતું. ખાસ કરીને સમાજમાં ખળભળાટ મચાવી રહેલ પ્રશ્નોપર મૌન ન સેવતાં, ફકત સમાજ હીતદ્રષ્ટીસમીપ રાખી, પોતાના વિચારો નિડરતાથી રજુ કર્યા. સમજુવડીલ વર્ગ યુવક પ્રગતિ તરફ કેવી સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે, તેનું જ્વલંત દૃષ્ટાંત આ ભાષણ પૂરૂં પાડે છે. તેઓશ્રીએ કૃષ્ણો તેમજ યુવાનોની સાદી સમજપર મદાર બાંધ્યો છે. હાલ જીવન્ત વાતાવરણ છે, સ્થાન અને સમયનો પણ સારો યોગ છે, પરાજીત મનોદશાને દેશવટો દઇ સ્વતંત્રતાનું ધ્યેય જન્મભૂમિ જાહેર કરે છે, સુતેલી દશામાંથી સમાજ જાગૃત થતો જાય છે. વિવિધતામાંથી એકતા રચવાની ઇચ્છાશા, જ્યાં સુધી ઇરાદા પ્રમાણીક હશે, ધ્યેય ચોક્કસ હશે અને હૃદય એક હશે ત્યાં સુધી અભિપ્રાય ભિન્નતાનો ભય નથી. પોતાનો વિચાર ન સ્વીકારનારપર ગલીચ પ્રહારની પાશવવૃત્તિપર કટાક્ષો, પોતાના અંગત અભિપ્રાયો માટે કોમના હીતના સવાલોમાં ડખલગીરી ન કરવાની જાહેરાત છતાં પવિત્ર ફરજ બજાવવાની તત્પરતા. સમાજ યજ્ઞમાં જોડાવા માટે આર્થિક મનોદશા, સિપાઇગીરી એ કંઇ દાદાગીરી નથી પરંતુ યજ્ઞમાં હોમાઇ જવાની તાલાવેલી, સ્ત્રી વર્ગમાં સ્વમાન, આપણી મુર્ખાઇના કારણોથી વિધવાનાં દુઃખોની પરંપરા, પ્રાથમિક સુધારા એકજ વર્ષમાં કરવાનો ઉત્સાહ, દીક્ષાનો ઝઘડો સમાજના રોગની જાહેર ખબર માત્ર છે, અને જાહેર ખબર માત્ર કુદરતની જરૂરીઆત છે, એટલે તેનો યોગ્ય નિકાલ કરવા જરૂર છે. વ્યકિત કરતાં કોમ અને કોમ કરતાં દેશહીતને પ્રાધાન્ય આપવાની સલાહ, પત્રકારિત્વને ધંધો, સંકુચિત દૃષ્ટિવાળાં, ઉશ્કેરણીભર્યા લખાણોથી દુર રહેવા શિખામણ, દેવદ્રવ્ય સંબંધી વિચારો, હવે પછી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો અભિપ્રાય, શ્રીમાન્ આણંદજી કલ્યાણજી વિગેરે જાહેર સંસ્થાઓના હિસાબની ચોખવટ માટેની ટકોર, આર્થિક બિમારીનો તોડ ઉતારવા તાત્કાળીક અગત્યતા, શારદા બીલને વધાવી લેવા આગ્રહભરી સલાહ, સ્વર્ગસ્થ રાષ્ટ્ર ભૂષણ લાલા લજપતરાય જેવી વ્યકિતને જૈન સમાજથી અલગ રહેવાનું પસંદ કરવું પડયું તે સંબંધી વિચાર કરવા વિગેરે ઘણી ઘણી મનનીય બાબતોપર સારો પ્રકાશ નાખતું ભાષણ સમાપ્ત થયું હતું.

ત્યાર બાદ કોન્ફરન્સનો રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો, અને અનુમોદન મળવા બાદ તેનાપર યોગ્ય વિચાર કરવાની તક આપવા ખાતર બીજા દીવસની બેઠકમાં તે બાબત હાથ ધરવા નિર્ણય થયો હતો.

સબજેકટસ કમિટિ માટે ચૂંટણી તે વખતે થઇ હતી.

### મંડપ બહારનું વાતાવરણ :—

શેઠ દલપતભાઇની તબીયત સુધરતી જતી હતી. તેમના પુત્રની ફરીયાદથી હથીયારબંધ પોલીસ ટુકડી આવી પહોંચી હતી તેમ જણાયું. સાંભળવા પ્રમાણે આવી ગુંડાશાહી વર્તણુક માટે વધારે સખ્ત પગલું લેવું પડે તે પહેલાં સારી વર્તણુક માટે હાથ મુચરકા આપવા અથવા તો તુરતજ જુન્નેર ગામ છોડી ચાલ્યા જવા માજીસ્ટ્રેટ સાહેબે મોઢેથી હુકમ આપ્યો હતો, એટલે આ કહેવાતા ધર્મપ્રેમીઓ હથિયારબંધ પોલીસપહેરા નીચે કિંકર્તવ્યતા મૂઢ સ્થિતિમાં ઉભા હતા, તેટલામાં કોન્ફરન્સના આગેવાનો પોતાના આંગણે આવેલા ભાઇઓની આવી દશા થાય તેમાંથી તોડ ઉતારવા તેઓ માજીસ્ટ્રેટ સાહેબને મળ્યા અને શાન્તિ માટેની સઘળી જોખમદારી માથે લઇ, સામા પક્ષના આગેવાનોને મળ્યા. ઉતારાના મકાનના માલીકને સમજાવી, તે જગ્યામાં તે લોકો સાથે મસલત કરી, છતાં ઉગ્ર વાતાવરણ જોતાં આ અહિંસાત્મક ડોળ રાખનાર કયારે હિંસક બનશે તેની જોખમદારી લઇ શકાય તેવો માર્ગ નીકળી ન શકયો, એટલે લગભગ એક કલાક વાટાઘાટ થયા બાદ, શાસનપ્રેમીઓએ તેજ સાંજના જુન્નેર છોડી જવા કબુલ કર્યું અને સ્થાનિક કાર્યકર્તાઓએ મોટર વિગેરેની સગવડતા કરી આપવા માથે લીધું. ઉપરના સમાધાનથી મેજીસ્ટ્રેટ સાહેબને સંતોષ થયો એટલે થોડાએક હથીયારબંધ પોલીસને મૂકી તેઓ સ્વસ્થાનકે ગયા.

આગેવાનોએ જમવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરી, પરંતુ તેનો સ્વીકાર ન થયો છેવટે અમલદાર વર્ગની કલમ તરફથી ચાપાણી આપીએ છીએ, તેમ કહીને પણ જુન્નેરવાસીઓ પરોણાગત કરવા ચુકયા નહિ, ગાડી વિગેરેની તેમની મરજી મુજબ સગવડતા કરી આપી. જતાં જતાં વાર્યા ન માને તેવા ભાઇઓ તો ગાડીમાંથી પણ હજુ પોતાનો ગુસ્સો સમાવી શકતા ન હતા. આવી રીતે પોતાનીજ બેવકુફીભરી રીતના પરિણામે ઉપરોકત ભાઇઓ જુન્નેર છોડી ગયા, અને આ પ્રકરણ આવી દુઃખદરીતે સમાપ્ત થયું.

ગમે તેવા પણ આપણાજ સાધર્મિભાઇઓ જગતની દ્રષ્ટિએ હલકા પડે તે માટે યુવાનો તેમજ વૃધ્ધો દીલગીર થતા હતા. તે ભાઇઓ પણ સમાજનું અંગ છે; તેમની મનોદશા પણ ફેરવ્યા વીના છુટકો નથી. તેઓ આવી ઉમદા તકનો લાભ આવી રીતે ગુમાવી બેસે તે દરેકના અંતરના દુઃખનો વિષય થઇ પડયો હતો.

## :: લવાજમ ::

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધ્યે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.